કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજના ગુજરાતનું અગ્રણી માસિક · વર્ષ ત્રીસમું
અંક ચોથો · માહે એપ્રિલ · સને ઓગણીસસો ત્રેપન · સળંગ અંક ૩૫૨મો · આદ્યસ્થાપક
રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત



તાલ   શિલ્પી: કાન્તિલાલ પટેલ



પલ્લીઘર (એટલે બંગાળના ગામડાનું ઘર): **નીચલે ડાબે ખૂણે નાની ઓટલી પર** પડેલા પાત્રથી શરૂ કરીને બે નાનાં પગથિયાંને પડખે તુલસીક્યારામાં પડેલો ઘટ, વિલોલ વળાંકાવંતી પાળીને ટેકે છાયેલા તાડછાના છાપરામાંથી લટકતું પંખીપિંજર, પાછળ નાની બારીમાંથી ડોકાતી ગૌરી ગાય, ને સાંજે નાના આંગણાને અજવાળતો દીવો મૂકવાનું કોડિયું–એ બધી સાદી સામગ્રી વડે, ગરીબ ઘરના દીવા જેવા પુત્રને લઈ પાટલા પર બેઠેલી માતાની ચોમેર જે સપ્રમાણ ચિત્રસંયોજન રચ્યું છે તેના લય-માંથી મધુર ગૃહભાવનું મૂક સંગીત પ્રગટે છે. **ચિત્રકારઃ બિહારીલાલ બારભૈયા**

કુમાર
એપ્રિલ ૧૯૫૩
અંક ૩૫૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

લગ્નનું ઘર

· શિખરિણી ·

કિશોરો વસ્ત્રોમાં નવીન બનીને છેલછબીલા
રમે પત્તાં ભેળા સમવય થઇ મંડપ તળે;
શિશુ નાનાં ભેળાં અહીંતહીં દડે કંદુક સમાં
રજોટાઈ ધૂળે ધૂળ થકી ય થાતા મલિન જે.

પણે બારીમાંથી નીરખી રહી છે વાગવધૂઓ;
ઘૂમંતા ટોળામાં શરમ થકી જેની નજર ના
થતી ઊંચે તેવા તરુણવય વ્યાહેલ પતિઓ;
અગાશીના ખૂણે નવપરિણીતો બે મળી રહ્યાં.

બજે વાજાં, સાથે સૂરબસૂર શા બ્રાહ્મણતણા!
અને વચ્ચે વચ્ચે ઊઠતી ઘૂમ પાકગૃહ થકી,
જલે ચૉરી તેની ઊઠતી ધૂણી પૂરંત દગને,
મચે ચોપાસે શો કલબલ દધિગર્જન સમો.

પરંતુ કન્યાનું દિલ અહીંથી કયાં યે દૂરદૂરે
અજાણ્યા સાથીની મધુર સ્મૃતિમાં મત્ત ધબકે.

'સનાતન'

વાગવધૂઓ=માત્ર વેવિશાળ થએલી કન્યાઓ; વ્યાહેલ=વિવાહિત-પરિણીત નહિ.

મોઢે રાખ

· સવૈયા ·

જલતી રાખો આગ નાખીને ઇંધણ વારંવારે
અને ફૂંકતાં સ્હેજ ભભકશે ભડકા એવા ભારે:
પણ—
ઉમેરવાં ચૂકો જો ઇંધણ બને બધું યે ખાખ,
પછી ફૂંકતાં ઊડી છવાશે ઊલટી મોઢે રાખ.

પિનાકિન ઠાકોર

પ્રેમના, મૈત્રીના કે કોઈ પણ સંબંધની પ્રક્રિયાના સાતત્યમાં જ એનું જીવન છે.

ચેતવણી

'ના અડો અહીં જ, વીજળી
દબાણ છે; હજાર વોલ્ટમાં જશો બળી.'

સુયોગ્ય; ઠીક. વાહ,
જોઇ આ સલાહ!

–જન્મમાં પ્રવેશતાં કહ્યું ન કોઈએ
મૃત્યુ યે રહ્યું તહીં, જશો ન જાણી જોઇને!

પ્રિયકાન્ત મણિયાર

થઈ જવાનું

· ગઝલ ·

વહીશું જે વાણી વચન થઈ જવાનું,
લઈશું જે સૌરભ સુમન થઇ જવાનું.
રમે પ્રાણ માંહીં ભલે આજ ઝાંખું,
કદી સાવ સાચું સ્વપ્ન થઇ જવાનું.

તહારી કૃપા જો થશે કોઈ વેળા,
નયે રંક આંસુ રતન થઈ જવાનું.
અમારે તો પાગલ દિલોને ગમે ત્યાં
મુહબ્બતનું પ્યારું વતન થઇ જવાનું.

નિહાળી જો લૈશું એ કાળી લટોને,
નશીલું નકી મન પવન થઇ જવાનું.
સમર્પણ કરી દો સુખેથી જિગરને,
અમોલી મતાનું જતન થઇ જવાનું.

અહીં વાતવાતે કસમની જરૂરત,
વફા પર દગાનું વહન થઈ જવાનું.
બતાવો પૂજારી એ મોહિની મૂરત,
પછી આપમેળે નમન થઈ જવાનું.

દિવાનાની ખુલ્લી રઝળશે ન લાશો,
ભરી ચાંદનીનું કફન થઇ જવાનું.
ગઝલન તું ગુલશનમાં આવી જો અનવર
અમસ્થું ય ગુંજન કવન થઇ જવાનું.

અનવર આગેવાન

કવિતા અનિયતકાલિકનો ચોથો મણકો તથા પુનર્મુદ્રિત પહેલો મણકો, બંને આ અંક સાથે જ પ્રકટ થઈ ચુક્યા છે.

ગાંધીજી, જવાહરલાલ ને સુભાષબાબુ જેવા રાષ્ટ્રીય નેતાઓ નહિ પણ વિદેશીઓ યે જેમની પ્રતિભાથી આકર્ષાયા હતા એ સ્વતંત્ર મિજાજના મહાન અર્થશાસ્ત્રી અને કેળવણીકાર

ગયા માસમાં અવસાન પામેલા શ્રી ખુશાલ તલકશી શાહ અથવા એમના વધુ પ્રચલિત નામે ઓળખાવીએ તો પ્રોફેસર કે. ટી. શાહ ગુજરાત તરફથી હિંદને ભેટ મળેલી મહાન પ્રતિભાઓમાંના એક હતા. અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં સવિશેષ સેવા આપ્યાં છતાં એમનું વ્યક્તિત્વ માત્ર એ જ ક્ષેત્રમાં ગોંધાએલું નહોતું રહ્યું. રાજનીતિ, રાષ્ટ્રીય આયોજન, નાણાંપ્રકરણ, કેળવણી, કલા, સાહિત્ય આદિ વિવિધ ક્ષેત્રોમાં એ પોતાનો ફાળો નોંધાવતા ગયા છે. દેશ સ્વતંત્ર થતાં તેનું બંધારણ તૈયાર કરવા જે બંધારણસભા બોલાવવામાં આવેલી તેમાં બિહાર તરફથી ચૂંટાઇને એમણે બંધારણમાં પ્રગતિશીલ તત્ત્વો દાખલ કરાવવા લગભગ એકલે હાથે જે લડત ચલાવેલી તેની સ્મૃતિ હજુ તાજી જ છે. આજની પંચવર્ષીય યોજના પણ એમને જ આભારી હોવાનું કહીએ તો ખોટું નથી, કારણ શ્રી જવાહરલાલ નેહરૂની અધ્યક્ષતા નીચે કૉંગ્રેસે જે આયોજન સમિતિ રચેલી તેના મંત્રીપદે રહીને એમણે લીધેલા પરિશ્રમે જ હાલની પંચવર્ષીય યોજનાની ભૂમિકા રચી આપેલી છે. રાષ્ટ્રવિધાનમાં એમની કામગીરી આ રીતે વિધાયક અને અવિસ્મરણીય છે.

એમનું હૃદય એક સાચા દેશભક્તનું હૃદય હતું. વિદેશી શાસન સામે એમના મનમાં પ્રબળ રોષ ભરેલો હતો, અને એ રોષ કદિ છુપો ન રાખવાને કારણે એમને સહન પણ કરવું પડ્યું હતું, પરંતુ એમણે તેની કદિ દરકાર ન કરેલી. વિદ્યાર્થી અવસ્થાથી જ બ્રિટિશ રાજતંત્ર સામેનો એમનો રોષ એટલો જાણીતો હતો કે વધુ અભ્યાસ માટે ઈંગ્લૅંડ જતી વખતે પાસપોર્ટ મેળવતાં પણ એમને નવ નેજાં પાણી ઊતરેલું. બ્રિટિશ શાહીવાદની નાણાંકીય ચાલબાજી એમણે એમના 'સિકરેટી યર્સ ઑવ ઇન્ડીઅન ફિનેન્સ'માં પૂરેપૂરી ઉઘાડી પાડેલી છે. એ એક જ પુસ્તકે એમને દેશના પ્રથમ પંક્તિના અર્થશાસ્ત્રી તરીકે વિખ્યાત બનાવી દીધેલા.

પ્રો. શાહનો જન્મ ઇ. સ. ૧૮૮૮ના ઑગસ્ટની ૧૦મી તારીખે કચ્છ માંડવીના એક જૈન કુટુંબમાં થએલો. એમના પિતાના સાત પુત્રોમાં એ સૌથી નાના હતા. પ્રાથમિક શિક્ષણ માંડવીમાં જ પૂરું કર્યા પછી એ મુંબઈ ગયા અને ભરડા ન્યૂ હાઈસ્કૂલમાંથી મૅટ્રિકની પરીક્ષા પસાર કરી ૧૯૧૦માં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી બી એ. થયા. ત્યારબાદ બૅરિસ્ટરી ઉપરાંત લંડન સ્કૂલ ઑવ ઈકનોમિક્સની બી. એસ. સી.ની ઉપાધિ મેળવવા એ ઇંગ્લૅંડ ઊપડ્યા ને તે પ્રાપ્ત કરી ૧૯૧૪માં પાછા ફર્યા.

હિંદ પાછા ફરતાં તરત જ તેઓ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા નિમાયા. ત્યાંથી સીડનહામ કૉલેજમાં એ જ પદે થોડો સમય રહ્યા બાદ મ્હૈસુરની મહારાની કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા મ્હૈસુરથી મુંબઈ આવી એક વેપારી કંપનીમાં થોડો સમય કામ કર્યું. સાથોસાથ મુંબઈ યુનિવર્સિટી તરફથી 'સ્કૂલ ઑવ ઈકનોમિક્સ ઍન્ડ સોશ્યોલોજી'ના સ્થાપના કરાવવા પણ પ્રયત્નશીલ રહ્યા અને તે સ્થપાતાં જ તેના સંચાલક બન્યા. આ સંચાલક તરીકે તેમણે બતાવેલી બાહોશી પરથી અને તેમનાં વિશાળ અભ્યાસ અને અનુભવથી પ્રેરાઈને અફઘાનિસ્તાનની સરકારે પોતાની આર્થિક અને નાણાંકીય બાબતોના સલાહકાર તરીકે તેમને નિમંત્રેલા પણ તેમણે એ નિમંત્રણનો સાભાર અસ્વીકાર કરેલો. એમનો સંકલ્પ યુનિવર્સિટીને જ સેવા આપવાનો હતો, પરંતુ એ સંકલ્પ સંપૂર્ણ ફળીભૂત ન થયો. એ સમયની સીન્ડીકેટને એમના બ્રિટિશ-વિરોધી વિચારો અળખામણા થઈ પડ્યા અને ૧૯૩૦માં એ સ્થાન એમને ફરજિયાત છોડવું પડ્યું.

પહેલી ગોળમેજી વખતે હિંદના રાજવીઓએ તેમના નરેન્દ્રમંડળ વતી પ્રો. શાહને આર્થિક અને રાજકીય બાબતોના સલાહકાર નીમ્યા અને એ ઇંગ્લૅંડ ઊપડ્યા બીજી ગોળમેજી વખતે ગાંધીજીએ કૉંગ્રેસ તરફથી એમાં ભાગ લેવાનું નક્કી કર્યું ત્યારે તેમણે પણ પ્રો. શાહને જ પોતાનાં સલાહકારક નીમેલા ગાંધીજીને એમની પ્રતિભાની પૂરેપૂરી કદર હતી અને અર્થશાસ્ત્રીય તેમજ કેળવણી–વિષયક પ્રશ્નોમાં એમની સલાહને બહુ કીમતી ગણતા. વર્ધા શિક્ષણ યોજનાની રૂપરેખા તૈયાર કરવા પાછળ પણ પ્રો. શાહનાં સલાહસૂચનો રહેલાં જ છે.

ગાંધીજી ઉપરાંત જવાહર ને સુભાષે પણ એ મહાન પ્રતિભાની કદર કરેલી. કદર ન કરી શકી માત્ર મુંબઈ યુનિવર્સિટી શ્રી સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસના પ્રમુખપદેથી ૧૯૩૯માં રાષ્ટ્રીય આયોજન સમિતિ રચી તેનું મંત્રીપદ તેમણે આગ્રહપૂર્વક પ્રો. શાહને આપેલું. ૧૯૪૮માં એ સમિતિનું વિસર્જન થતાં સુધી તેઓ એ સમિતિએ હાથ પર લીધેલા કાર્યને ચીવટપૂર્વક વળગી રહ્યા. ૧૯૪૨ના અંધકારમય દિવસોમાં જ્યારે દેશના તમામ નેતાઓ જ નહિ, પણ મજકૂર સમિતિના ઘણાખરા સભ્યો જેલના સળીઆ પાછળ હતા ત્યારે પણ એમણે સમિતિનું કામકાજ ચાલુ રાખ્યું. જાહેર પ્રજાને એ સમિતિના કાર્યમાં કશો રસ ન હોવા છતાં અને મોટા ભાગના સહકારીઓ જેલમાં હોવા છતાં એમણે હિંમત ન હારતાં એના એક પછી એક હેવાલો બહાર પાડ્યે રાખેલા.

એમનું વલણ સમાજવાદ તરફ ઢળતું હતું, પરંતુ એ કોઈ પણ રાજકીય પક્ષમાં ભળ્યા નહોતા. એમનો સ્વતંત્ર મિજાજ કોઇ પણ પક્ષની તાબેદારી સહી શકે તેમ નહોતો. પક્ષનો સ્ટીમરોલર ઘણી વાર વ્યક્તિની સ્વતંત્રતાને કચડી નાખે છે. વ્યક્તિસ્વાતંત્ર્યની અવિચ્છિન્નતા ખાતર જ તેમણે રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી વખતે ડૉ. રાજેન્દ્રપ્રસાદના હરીફ તરીકે તેમણે ઉમેદવારી નોંધાવેલી, જેમાં એમનો પરાજય થએલો. એ પરાજય નિશ્ચિત હોવાનું તે જાણતા જ હતા. પરંતુ લોકશાહી રાજ્યમાં કોઇ ચૂંટણી બીનહરીફ ન થવી જોઈએ એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા જ તેમણે એ ઉમેદવારી નોંધાવેલી. વળી ડૉ. રાજેન્દ્રપ્રસાદ કૉંગ્રેસ પક્ષના હતા. રાષ્ટ્રપ્રમુખ તરીકે ચુંટાનારી વ્યક્તિ કોઇ પણ પક્ષની ન હોવી જોઇએ એ લોકશાહી શાસનનો સામાન્ય શિરસ્તો છે. આ લોકશાહી તત્ત્વ આ દેશની પ્રજા કેટલા પ્રમાણમાં આત્મસાત કરી શકી હતી એની ચકાસણીનો એ પ્રસંગ હતો અને પ્રો. શાહ જેવા લોકશાહીના આગ્રહી પુરુષ એ મોકો જવા દે તેમ નહોતા. અને રાજકારણની વિશુદ્ધિ પણ આવા જ આગ્રહથી જળવાય છે. આવી વિશુદ્ધિના એ કેટલી હદે આગ્રહી હતા તેનું ઉદાહરણ પાર્લામેન્ટના સભ્યપદ માટેની તેમની ઉમેદવારી પૂરું પાડે છે. ૧૯૫૧માં થએલી સ્વતંત્ર હિંદની પહેલવહેલી જ ચૂંટણી વખતે બંગાળના વિરોધ પક્ષના જૂથે તેમને કલકત્તાના એક સુલભ મતદાર વિભાગમાંથી બેઠક આપવાનું જણાવેલું, પણ

પ્રો. ખુશાલ તલકશાં (કે.ટી.) શાહ



એનો અસ્વીકાર કરી કચ્છમાંડવીના મતદાર વિભાગમાં એ ઊભા રહેલા. એમાં સાંપડેલો પરાજય એમણે હસતે મોંએ સ્વીકારી લીધો, પરંતુ પૂર્વકથિત તકવાદીપણાનો આશ્રય ન લીધો.

છેલ્લે અખિલ ચીન કામદાર મહામંડળે તેમને ચીન નિમંત્રેલા. છ અઠવાડિયાં ચીનમાં રહ્યા બાદ સમાજવાદમાંની એમની શ્રદ્ધા વધુ દૃઢ બની હતી. એ માનવા લાગ્યા હતા કે સમાજવાદ અપનાવ્યા વિના માનવજાતનું કલ્યાણ અસંભવિત છે.

ગયા માર્ચની ૯મીએ સાંજે પાંચ વાગ્યે એમને એકાએક હૃદયમાં દુખાવો ઊપડેલો. આવી પીડા એમને ૧૯૪૩ તથા ૧૯૫૨માં પણ ઊપડેલી પરંતુ આ વખતે એ એમનો જીવ લઈને જ શમી.

પ્રો શાહે 'સિક્યુરિટી યર્સ ઑવ ઇન્ડીઅન ફિનેન્સ'થી માંડીને 'પ્રૉમીસ ધૅટ ઈઝ ન્યૂ ચાઈના' સુધીનાં લગભગ ૩૯ પુસ્તકો લખેલાં છે જેમાં હિંદની સાંસ્કૃતિક સિદ્ધિ નિરૂપતું 'હિંદનું ગત ગૌરવ' ('ધી સ્પ્લેન્ડર ધૅટ વૉઝ ઈન્ડ') નોંધપાત્ર છે. એમાં એમની સૌન્દર્યદૃષ્ટિનો અભિનિવેશ આપણને મળે છે. એમનો રસ અનેકક્ષેત્રીય હતો. સોવિયત રશિયા એને જર્મનીનાં રાજતંત્રોથી માંડી ભારતીય શિલ્પ અને દર્શનશાસ્ત્ર સુધીનાં ક્ષેત્રોમાં એ વ્યાપ્ત હતો. ગુજરાતમાં એમણે 'મને નહિ?' વગેરે થોડાંક નાટકો તથા એકાદ અધૂરી નવલકથા લખેલાં છે; જે ગ્રંથસ્થ નથી. ગ્રંથસ્થ થએલું એમનું બધું લખાણ અંગ્રેજીમાં છે. અને અંગ્રેજી ભાષા પર બહુ થોડાઓનો હોય છે એવો પ્રભાવજનક કાબૂ એ ધરાવતા.

હિંદના અર્થકારણને સ્પર્શતાં પુસ્તકો ઉપરાંત પ્રાંતિક સ્વશાસન, સમવાયતંત્ર વગેરે જેવા વિશિષ્ટ પ્રશ્નોને લગતાં પુસ્તકો પણ એમણે લખેલાં છે. યુનિવર્સિટીમાં હતા એ દરમિયાન એમણે એમના હાથ નીચે અનેક અર્થશાસ્ત્રીઓ ને આર્થિક ક્ષેત્રે કામ કરનારાઓ તૈયાર કરેલા. નાણાં પ્રકરણના એમના તલસ્પર્શી અભ્યાસને લઇને માત્ર નેતાઓ કે રાજામહારાજાઓ જ નહિ. પણ વેપારીવર્ગ પણ એમની સલાહ લેતો. ઇ. સ. ૧૯૩૫માં મર્હૂમ શ્રી મથુરદાસ વિસનજી હિંદી વેપારી મહામંડળ તરફથી ધારાસભામાં ચુંટાએલા ત્યારે ત્રણ વર્ષ સુધી તેમના સલાહકાર તરીકે પ્રો. શાહે કામ કરેલું. એ અરસામાં બ્રહ્મદેશને હિંદથી જુદું પાડવામાં આવતાં તેના નાણાંકીય પ્રત્યાઘાતો એમણે વિગતવાર તારવી બતાવેલા.

રાષ્ટ્રહિતના કોઇ પણ પ્રશ્ન પર એ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યા વિના ન રહેતા. 'બૉમ્બે ક્રૉનિકલ' પત્રના તંત્રીલેખો ને નોંધો એ પ્રસંગોપાત્ત લખતા અને એ રીતે વર્તમાનપત્ર દ્વારા પણ પ્રજાને દોરવણી આપતા. 'ગાંધીજીના ૧૧ મુદ્દા' પર એમણે એ પત્રમાં 'પોલિટિકૂસ'ની સહીથી લખેલી લેખમાળાએ દેશભરનું ધ્યાન ખેંચેલું. પરંતુ જીવનનાં ઉચ્ચ મૂલ્યો પ્રત્યે પણ એ જાગ્રત હતા ને સારગ્રાહી વૃત્તિએ જુદાજુદા ધર્મોનો અભ્યાસ કરતા રહેલા. છેલ્લે છેલ્લે એમણે બહાઈ સંપ્રદાયનો અભ્યાસ આદર્યો હતો.

માનવ સમાનતાના એ પ્રખર હિમાયતી હતા. સ્ત્રીપુરુષ વચ્ચેના આજની કક્ષાએ પહોંચેલા અસમાન દરજ્જા તરફ એમને નફરત હતી, જો કે સ્ત્રીના સ્વેચ્છાપૂર્વકના ત્યાગને પણ ઘણી વાર એ નબળાઈ લેખતા જ્યારે નવા જમાનાની કેટલીક સ્ત્રીઓના સ્વચ્છંદને પણ સ્ત્રી-સ્વાતંત્ર્યનું સોહામણું નામ આપી બેસતા. પરંતુ આ એમના માનસિક ઘડતરમાં રહી જવા પામેલી એક કચાશ જ ગણાય. સ્ત્રીના હૃદયની લાગણીની ભિનાશ અને સ્વજનો માટેના સ્વેચ્છાપૂર્વકના ત્યાગને એ યથોચિત નહોતા સમજી શક્યા. એમની જીદ સ્ત્રીની જીદને પણ ટપી જાય એવી હતી. શ્રીમતી લીલાવતી મુનશી જેવાંને પણ એમના માટે કહેવું પડયું છે કે, 'એના જેવા જીદ્દી માણસો જડવા બહુ કઠણ છે.'

બીજી બાજુ, વિષયોનો અભ્યાસ કરવાની, તેમનું વર્ગીકરણ કરી એ સ્મૃતિ દૃઢ રાખવાની શક્તિ ધરાવતા તેમના મગજને એમણે 'કીમિયાગરની પેટી'ની ઉપમા આપેલી છે.

રાજનીતિના વિશાળ ક્ષેત્રમાં પડયા છતાં પ્રો. શાહ તેમની માતૃભૂમિ કચ્છને ભૂલ્યા નહોતા. કચ્છનું રાજાશાહી તંત્ર અંધેરનો એક અનુપમ નમૂનો હતો. કચ્છની પ્રજા એ અમલ નીચે તબાહ થઇ ગએલી. એ અંધેર વહીવટ સામે મોરચો માંડી જવાબદાર રાજતંત્ર મેળવવા માટે કચ્છ પ્રજાકીય પરિષદની સ્થાપનામાં એમણે આગેવાનીભર્યો ભાગ લીધેલો. સ્વ. લખમીદાસ રવજી તેરસી અથવા તેરસીકાકા, શેઠ સૂરજી વલ્લભદાસ, શ્રી ગુલાબશંકર ધોળકીઆ, શ્રી ભવાનજી મહીશેરી, શેઠ મૂળરાજ કરસનદાસ, હાલ વલ્લભવિદ્યાનગરમાં વસતા ગોકળદાસભાઈ વગેરેની સાથે કાંધેકાંધ મિલાવી એમણે કચ્છી પ્રજાને તેના પ્રજાકીય હકોની માંગનો અવાજ બુલંદ બનાવવા પ્રેરણા આપેલી. એક વાર મુંબઇમાં કચ્છના મહારાજાઓના દરિયામહાલમાં જઇને તેરસીકાકાની સાથે મોઢામોઢ એમને ગાદી પરથી ઉઠાડી મૂકવાની ધમકી એ આપી આવેલા!

ગરીબ માબાપને ત્યાં જન્મી, દૂરની સગી એક વિધવા બાઇના આશ્રયે ભણી, અનેક મુસીબતો ને સંતાપો વેઠી, આપબળે આગળ વધનાર પ્રો. શાહને માનવીના વ્યક્તિત્વ પ્રત્યે પરમ આદર હતો. કોઈ પણ વ્યક્તિનું વ્યક્તિત્વ એ દબાતું, રૂંધાતું, કજળાતું સહી ન શકતા. પોતે કેટલા ભોગે પોતાનું વ્યક્તિત્વ જાળવી અને વિકસાવી શકયા હતા તેનો ચિતાર સદા તેમની નજર સમક્ષ રહ્યા કરતો હોઇને માનવીની માનવી પ્રત્યેની નિષ્ઠુરતાના તેઓ એક કટ્ટર દુશ્મન બના ગએલા.

અને પ્રો. શાહ જો સ્મરણીય રહેશે તો એમણે બંધારણસભામાં તથા પાછળથી પાર્લામેન્ટમાં સામાન્ય માનવીના અધિકારો માટે એકલે હાથે ચલાવેલી લડતને લઇને જ. કૉંગ્રેસ જ્યારે જ્યારે તેના સિદ્ધાંતથી અથવા કાર્યક્રમથી સ્ખલિત થએલી ત્યારે તેની એ કડક ટીકા કરતા. એમનો એકમાત્ર દોષ ગણાવી શકાય તો તે ફક્ત એ જ હતો કે તેમને પોતાને અયોગ્ય લાગતાં વ્યક્તિ વિચાર કે વલણની હિંમતપૂર્વક એ કડકમાં કડક ટીકા કરતા જરાયે અચકાતા નહિ અને એ કારણે વિરોધીઓને અપ્રિય પણ થઈ પડતા. પરંતુ સત્ય હમેશાં કડવું જ હોય છે ને?

અશોક હર્ષ

ત્રીસ વર્ષ પછી જ્યારે તેણે આ દુનિયામાં ફરી પગ મૂકયો

અમૃતરાયે પાંચ પચીસ વાર નહિ, પરંતુ સેંકડો વાર દીવાલ પરની એ કળ પર નજર નાખી વિચાર કર્યો હશે કે એ દબાવવાનું જોખમ વહોરવું કે નહિ?

આજકાલ કરતાં ત્રીસ વર્ષથી તેઓ એ ગુંબજમાં ગોંધાઇ રહ્યા હતા. જેની બીકે એ ગોંધાઈ રહ્યા હતા એ મૃત્યુ જ કળ દબાવતાં એમની સામે ઊભું રહે તો? કયા પ્રકારનું મૃત્યુ, તેની કલ્પના એ કરી શકતા નહોતા. અણુબૉમ્બ? ના, એણે તો કયારની પોતાની કામગીરી બજાવીને દુનિયાને એવી ખેદાનમેદાન કરી નાખી હશે કે જે કંઈ શેષ માનવજાત પૃથ્વીપટ પર બચી હશે તેને સંસ્કૃતિનું નવપ્રસ્થાન સાધતાં ઓછામાં ઓછાં સો વર્ષ લાગે તેમ હતું.

પરંતુ અત્યારનું શું? અત્યારે શું ચાલી રહ્યું હતું-અમૃતરાયના પંડને સુરક્ષિત રાખતા ગુંબજમાં નહિ, પણ એ ગુંબજ બહારના જગતમાં? મનુષ્યો હજુ એવા ને એવા પશુ જ રહ્યા હતા કે પછી એ પાશવતાને કારણે જ જગતના પટ પરથી એમની સમગ્ર જાતિ ભૂંસાઇ જઇને કોઇ અન્ય જાતિએ આધિપત્ય જમાવ્યું હતું? ના, ના, કયાંક ને કયાંક પણ માણસજાત શેષ રહી જ હશે અને...

એ ત્રીસ વર્ષમાં શું શું બની ગયું હશે તે પર વધુ વિચારતાં અમૃતરાયને કંઈક કંટાળો આવ્યો હોય તેમ તેમની થાકભરી નજર ફરી પાછી દીવાલ પરની પેલી કળ તરફ વળી-દબાવવી કે નહિ? એ દબાવતાં જો ઓચિંતુ મૃત્યુ જ ભેટવાનું હોય તો પોતે રચેલા ગુંબજનો જ આશ્રય શું ખોટો? ગુંબજમાં પોતે એકલા હતા અને જોઈતી સઘળી જરૂરિયાતો એમાં એટલા પ્રમાણમા સંઘરેલી કે હજુ વર્ષો સુધી આ રીતે એકલા રહી શકે તેમ હતું નિર્જીવતા કરતાં એકલવાયું જીવન શું ખોટું?—આજથી ત્રીસ વર્ષ પહેલાં એ જ્યારે સાડત્રીસ વર્ષના હતા ત્યારે આ વિચાર એમણે કરેલો અને આજે ત્રીસ વર્ષ બાદ પણ તેઓ એ જ વિચાર કરી રહ્યા હતા. આજ સડસઠમે વર્ષે એમને પોતે જે કર્યું હતું એ બદલ મુદ્દલ પસ્તાવો થતો નહોતો, પરંતુ એકલવાયા જીવન પર કંટાળો જરૂર આવવા લાગ્યો હતો.

સૌથી મહત્ત્વની વાત એ હતી કે અત્યારપર્યંત એ એકાંતમાં જીવ્યા હતા પણ એકાંતમાં જ મરવા નહોતા ઇચ્છતા. એકાંતવાસથી એ એટલા બધા કંટાળી ગયા હતા કે એ રીતે મરવા કરતાં તો ગુંબજ બહારની દુનિયામાં મૃત્યુને ભેટવાનું એમને બહેતર લાગવા માંડયું હતું. જો માનવજાત શેષ રહી હોય તો તેને સંસ્કૃતિવિકાસમાં સહાય કરી પોતાનું મોત સુધારવાની એમને અભિલાષા હતી.

અને તે માટે આજનો જ દિવસ એમણે મુકરર કર્યો હતો. ત્રીસ વરસ પહેલાંના બરાબર આ જ દિવસે એમણે પોતાની જાતને અભેદ્ય ગુંબજમાં પૂરી દઇને બાકીના જગત સાથેનો તમામ સંબંધ છેદી નાખ્યો હતો. ક્રોનોમીટર જો સાચો સમય દર્શાવતા હોય—એમાં શંકા કરવાને કશું કારણ ન હતું—તો એમના ગુંબજપ્રવેશની ઘડી આડે હવે થોડો જ સમય બાકી હતો. ત્રીસ વર્ષ પહેલાંની એક બપોરે જે ઘડીએ એ ગુંબજમાં પ્રવેશેલા એ જ ઘડીએ એમનો વિચાર તેમાંથી બહાર નીકળવાનો હતો. એમને એ ગુંબજમાં જ પુરાએલા રહેવું હોય તો જરૂરી વીજળિક પ્રવાહની ખોટ એમને નડે તેમ નહોતી. અને બહારનું અભેદ્ય પડ એક વાર દૂર કર્યાં પછી ફરી પાછું એ ચાલુ કરવા થોડોઘણો પ્રવાહ હજી પણ ગુંબજમાંથી પૂરો પાડી શકવાની શકયતા હતી.

હા, તો એમણે છેવટે એ કળ દબાવવાનું નક્કી કર્યું અને ત્રીસ વર્ષ પહેલાંની બરાબર એ જ ઘડી આવી લાગવાની રાહ જોવા લાગ્યા. ત્રીસ વર્ષનો એકાંતવાસ એ કોઈ પણ માનવીને માટે જેવોતેવો ન ગણાય.

એ એકલા ન હોત, જો મીરા પણ એમની સાથે રહી હોત તો. પણ હવે એનો વિચાર નિરર્થક હતો. અત્યાર પહેલાં અનેક વાર એ એનો વિચાર કરી ચૂકયા હતા. પોતાનો જીવ બચાવવાની સગવડ જતી કરીને એ માનવજાતની સેવા માટે મેદાને પડી હતી. પરંતુ એ સેવા એના માટે શકય હતી? એમણે એ અશકયતા એને સમજાવી પણ જોઈ હતી. પરંતુ જેમજેમ તેઓ એ સમજાવતા ગએલા તેમતેમ મીરાનો મનોનિર્ણય વધુ દઢ થતો ગએલો.

એંશી ફૂટ વ્યાસના એ ગુંબજની આસપાસ વીજળિક પ્રવાહનું જે ક્ષેત્ર રચવામાં આવેલું એટલી વીજળી એકાદ વિશાળ શહેરની મહિનાઓ સુધીની જરૂરિયાત પૂરી પાડી શકે. મીરાએ આ શોધથી સરકારને વાકેફ કરવા કહેલું જેથી તે એનો કશોક ઉપયોગ કરી શકે. પણ અમૃતરાયે જવાબમાં માત્ર ઉપેક્ષાસભર્યું સ્મિત કરી કહેલું:

'આપણી સરકાર એની શું કદર કરવાની? હા, અમેરિકાની સરકારને એ જણાવી હોત તો એ ન્યાલ કરી દેત. પણ એ સંપૂર્ણ થવા આવી ત્યાં તો પૂર્વ અને પશ્ચિમ સામસામા મોરચે ગોઠવાઇ ગયાં છે. ભયંકર યુદ્ધ આડે હવે ગણતરીના જ દિવસો રહ્યા છે. હવે એ શોધ અમેરિકાને જણાવવી એ દેશનો અને સારા યે પૂર્વનો દ્રોહ કર્યા બરાબર છે. એટમબૉમ્બ કે હાઇડ્રોજન બૉંબ મારો ગુંબજ ભેદી શકે તેમ નથી. પૃથ્વીને ફરી વાયુરૂપ બનાવી દે એવી આપત્તિ વિનાની બીજી કોઈ આપત્તિનો આ ગુંબજને ભય નથી. પણ સરકારને એ સોંપીને શું કરું? સરકારી પ્રધાનો માત્ર પોતાના બચાવ માટે એનો ઉપયોગ કરે. અને બેચાર જણથી વધુ વ્યક્તિઓનો સમાસ એમાં થાય તેમ નથી. તો જે સરકારે એના આશ્રિત વિજ્ઞાનીએ કહેલું સાંભળી મારી શોધને હસી કાઢેલી એ સરકારના બેચાર પ્રધાનોને બચાવવા માટે એનો ઉપયોગ કરવા દેવાનો શો અર્થ?'

મીરા એમની સાથે દલીલોમાં નહોતી ઊતરી.

અને એક દિવસ-આજથી બરાબર ત્રીસ વર્ષ પહેલાંની સવારે મીરા એમને છોડી ચાલી ગએલી. એ જ દિવસ, જે દિવસે પશ્ચિમની સત્તાઓ પૂર્વની પ્રજાઓને ભૂંસી નાખવા યુદ્ધે ચડેલી. એમણે મીરાને કહેલું: 'મીરા, બર્લિનના રશિયન વિસ્તાર પર અમેરિકન વિમાનોએ બૉમ્બમારો કર્યાના સમાચાર છે. વગર ચેતવણીના આ બૉમ્બમારા પછી જગતનો એકે દેશ સલામત નથી. થોડા જ કલાકમાં યુદ્ધની જાહેરાત થશે અને વર્ષોથી સંચિત થએલા શસ્ત્રાસ્ત્રોનો ભંડોળ હવે અન્યોન્યને પૃથ્વીપટ પરથી ભૂંસી નાખવા માટે પૂર્વ અને પશ્ચિમની સત્તાઓ વાપરશે...'

કશો જવાબ ન આપતાં મીરા બહાર જવા તૈયાર થઈ ગઇ.

'અરે, તું અત્યારે કયાં ઊપડી?' એમણે એને પડકારેલી.

'જ્યાં મારું સ્થાન છે ત્યાં—સંહારનો ભોગ બનનારાં માનવબંધુઓની વચ્ચે.' મીરાએ જવાબ આપેલો.

'અરે મૂરખી, આ કંઇ પહેલાંનાં જેવાં યુદ્ધો નથી...'

પરંતુ એ તો એમનું કથન પૂરું સાંભળવા માટે પણ નહોતી રોકાઈ.

'મીરા, જીવથી જઇશ!' એ બોલેલા અને મીરાને રોકી લેવા ઊઠેલા, પણ મીરાએ તો સીધી દોટ જ મૂકેલી.

ત્યારે તેણે કલ્પેલા જગતમાં તેણે શું જોવા ધારેલું અને શું જોયું?

અને હતાશ થએલા અમૃતરાય પાછા એમની ખુરશીમાં ફસડાઈ પડી, બારીમાંથી મીરાને દૂર ને દૂર અદૃશ્ય થતી જોઇ રહ્યા હતા.

શહેર બહાર એકાંતમાં આવેલા પોતાના વિશાળ મકાનનો દરવાજો અમૃતરાયે બંધ કરી દીધો. મીરાના આગમનની આશા છોડી એ પોતાની પ્રયોગશાળામાં પ્રવેશ્યા. એમના કાનમાં દુશ્મનનાં જેટ-વિમાનોના ભણકારા વાગી રહ્યા હતા. ખલાસ! હિંદનું—અરે, સારા યે પૂર્વનું એકે શહેર હવે સલામત નહિ રહે. શહેરો જ શા માટે? વર્ષોથી સંચિત ભયંકરમાં ભયંકર બૉમ્બોનો હવે તો આડેધડ ઉપયોગ થવાનો અને તમામ જીવસૃષ્ટિ સાફ થઈ જવાની.

ભયવ્યાકુળ બની એમણે પ્રયોગશાળામાંની કળ દાબી અને એ સાથે અમૃતરાયના મકાન પર ભૂરાશ પડતા રંગનો એક વાયુરૂપ ગુંબજ રચાઇ ગયો. બહારના જગતથી એ હવે છેદાઇ ગયા. અવાજ સુદ્ધાં એ ગુંબજને ભેદીને અંદર પ્રવેશી શકે તેમ નહોતું. ઍંશી ફૂટ પહોળા ને ચાળીસ ફૂટ ઊંચા એ ગુંબજમાં એમનું બે માળનું મકાન આખું યે સમાઇ જતું હતું બહારથી એ વાયુરૂપ પડ અર્ધગોળ ગુંબજ જેવું દેખાતું હતું પરંતુ વસ્તુતઃ તો એ સંપૂર્ણ ગોળાકાર હતું અને જમીનની અંદર પણ ચાળીસ ફૂટ ઊતરેલું હતું. જમીન ઉપરથી જેમ એ અભેદ્ય હતું, તેમ જમીન નીચેથી પણ અભેદ્ય હતું.

અને ત્રીસ ત્રીસ વર્ષ સુધી કોઈએ તેને ભેદ્યું નહોતું કે ભેદી શક્યું નહોતું. એ ત્રીસ વર્ષ વિતાવવાં એમને ખાસ મુશ્કેલ નહોતાં લાગ્યાં તેનું કારણ તેમનો વિશાળ ગ્રંથભંડાર હતો. એકાંતવાસમાં ગ્રંથવાચન એ એમની નિત્યક્રિયા હતી. અને પોતાના પ્રિય લેખકોનાં પુસ્તકો તો એમણે એટલી બધી વાર વાંચી નાખેલાં કે લગભગ તેમને મોંએ થઇ ગએલાં. એકાંતવાસ દરમિયાન એમણે પ્રયોગશાળામાં વિજ્ઞાનના પ્રયોગો પણ ચાલુ રાખેલા, પરંતુ છેલ્લાં સાત વર્ષથી એટલે કે એમની ષષ્ટિપૂર્તિ પછી એ પ્રયોગોનો એમનો ઉત્સાહ મંદ પડતો ગયો હતો. એમણે કરેલા સફળ પ્રયોગોમાંના કોઇ પણ એમણે શોધેલા ઉપયુક્ત વિદ્યુદાવરણ અથવા વીજળિક પડ સાથે સરખાવી શકાય તેવા નહોતા. પ્રયોગોનો એમનો રસ ઊડી જવાનું મુખ્ય કારણ તો એ હતું કે ગુંબજમાં પુરાયા પછીના પોતાના પ્રયોગો કોઇને કામ આવવાના નહોતા એવી એમને ખાતરી હતી. વીસમી સદીના આ કરાલ યુદ્ધ બાદ જે માનવપ્રાણીઓ પૃથ્વી પર શેષ રહ્યા હશે એ એવા દુર્ગમ પ્રદેશમાં વસતા જંગલીઓ હશે કે જેમને રેડીઓ-સેટ બનાવતાં આવડવાની વાત તો દૂર રહી, પરંતુ તે વગાડતાં સુદ્ધાં નહિ આવડતું હોય. એવા જંગલીઓને ઇલેક્ટ્રોનિકસ પરની શોધોનું શું મૂલ્ય હોય? આ ખયાલ દઢ બનતો ગયો તેમતેમ પ્રયોગોનો એમનો રસ ઓસરતો ગએલો. આવો એકાંતવાસ એમને સુખદ નીવડ્યો હતો કે કેમ એ તો કહી શકાય તેમ નહોતું. પરંતુ એ દીર્ઘ એકાંતવાસે એમને ભ્રમિત નહોતા બનાવી દીધા એ જ એમને માટે પૂરતું હતું.

એ કળ સમીપ પહોંચ્યા. થોડી પળો સુધી તેની સામે તાકી રહ્યા અને પછી એકાએક તે દબાવી દઈ બારી ભણી હીંડ્યા-દોડ્યા કહીએ તો પણ ચાલે. મકાન આસપાસનું ભૂરાશ પડતું આવરણ અદૃશ્ય થઈ ગયું હતું. અને ત્રીસ ત્રીસ વર્ષ વીતી ગયા છતાં હજી સુધી બહારના જગતને અદૃશ્ય જ નહિ પણ કોઈ પણ ઇન્દ્રિય દ્વારા અવેદ્ય બનાવી રાખનાર એ પડ દૂર થતાં એમણે જે જોયું એ એમની ધારણાથી તદ્દન વિપરીત હતું.

જેના ધુમાડાથી છૂટવા એમણે નદીના સામા કાંઠે દૂર એકાંતમાં પોતાનું મકાન બંધાવ્યું હતું એ ધુમાડિયું શહેર હજુ ય અસ્તિત્વમાં હોવાનો તો કશો સંભવ એમણે નહોતો માન્યો. અનેક કારખાનાં ધરાવતા એ ઔદ્યોગિક કેન્દ્રનો તો યુદ્ધની શરૂઆતના થોડા જ દિવસોમાં નાશ થઇ ગએલો હોવાનું એમણે ધારી લીધેલું. એમણે આટલા લાંબા ગાળા પછી એ શહેરના કેવળ ભસ્મીભૂત અવશેષો નજરે પડવાની અપેક્ષા રાખેલી પણ તેને બદલે એમણે શું જોયું?

જાણે એકાદ અમેરિકન નગર પાયાસોતું ઊંચકીને જૂના નગરના સ્થાને મૂકી દેવામાં આવ્યું ન હોય? એનાં ગગનચુંબી મકાનો નમતા બપોરના પ્રકાશે નાહી રહ્યાં હતાં. પહેલાંની મિલોનાં ભૂંગળાં પણ આટલાં ઊંચાં નહોતાં. એમના વિસ્મયનો પાર ન રહ્યો. એ સીધા શહેરની દિશામાં ઊપડ્યા. પહેલાં તો એમના મકાનથી કેટલું ય ચાલ્યા પછી બસનું સ્ટૅન્ડ આવતું. પરંતુ અત્યારે થોડુંક ચાલતાં જ એ વિશાળ રાજમાર્ગ પર આવી ગયા. અરીસા જેવા ચળકતા એ રાજમાર્ગની બંને બાજુ વૃક્ષોની હાર આવેલી.

હજુ સુધી કોઇ જીવતા મનુષ્યનો ભેટો એમને નહોતો થયો, એટલે આ નગર ભૂતિયું નગર તો નહિ બની ગયું હોય, એવો એમને ઊંડે ઊંડે વહેમ જવા માંડ્યો હતો. પરંતુ થોડી જ વારમાં સામેથી આવતી એક મોટરે એમનો એ ભ્રમ ભાંગ્યો અને એ મોટર પણ કેવી? એમણે એમની હયાતી દરમિયાન અત્યાર સુધી તો એવી કોઈ મોટર જોઈ નહોતી. એનાં પૈડાં જમીનને જાણે અડતાં જ નહોતાં એટલી ઝડપે એ દોડતી. લાગતું હતું કે માણસે જાણે ગુરુત્વાકર્ષણ પર પણ કાબૂ મેળવી લીધો હતો. પરંતુ અણુશસ્ત્રોના તાંડવ પછી પણ માણસજાત બચી હોય અને આટલી પ્રગતિ કરી શકી હોય એ શું સંભવિત હતું?



એમની બુદ્ધિ આ કશાનો જવાબ આપે એ પહેલાં એમણે સામેથી પવન વેગે ધસતી આવતી મોટરને થોભાવવા હાથ ઊંચો કરી દીધેલો. એમનાથી સહેજ આગળ નીકળી મોટર ઊભી રહી. આટલી ઝડપ છતાં મોટર જેટલી વારમાં થોભી શકી એ પણ નવાઈ હતી.

મોટર થોભાવી એમાં બેઠેલું યુગલ નીચે ઊતર્યું. એ પોતાની તરફ આવશે એમ અમૃતરાયે માનેલું, પરંતુ એને બદલે પુરુષે એક દિશા તરફ આંગળી ચીંધી બતાવ્યા પછી બંને પાછાં મોટરમાં બેસી ગયાં અને સડસડાટ હંકારી ગયાં. ચીંધાએલી આંગળી પોતાના મકાનની દિશામાં જ હતી તે એ જોઈ શકેલા. મકાન પરનું ભૂરાશપડતું આવરણ સૌ લોકોના આશ્ચર્યનો વિષય બની ગયો હશે અને આજે એ અભેદ્ય ઘૂમટ એકાએક દૂર થએલો જોઇ મજકૂર યુગલ આ સમાચાર પહોંચાડવા પાછું શહેર ભણી ગયું હશે એવું માન્યું.

એમને લાગ્યું કે પોતે બહાર ન નીકળી પડચા હોત તો પણ પેલું આવરણ દૂર થયાના સમાચાર ફેલાતાં અનેક લોકો કુતૂહલ પ્રેરિત થઇ પોતાની મુલાકાતે આવી પહોંચત અને તેમને મોંએ ત્રીસ વર્ષમાં બધું શું શું બની ગયું તે પોતે સહેલાઇથી અને વિગતવાર જાણી શકત. પરંતુ એ રીતે જાણવા કરતાં જાતે ઘૂમીને એથી પરિચિત થવામાં એમને અનેરો આનંદ લાગ્યો અને એ આનંદ જતો કરવા એ તૈયાર નહોતા.

ત્યાંથી થોડુંક આગળ ચાલતાં એ વસતિવાળા ભાગમાં આવી પહોંચ્યા. પહેલો જ જે શખ્સ એમને ભેટચો તેને ઊભો રાખી એમણે પૂછ્યું 'ભાઇ, એક વાત પૂછું. આજથી ત્રીસ વર્ષ પહેલાં જબરી લડાઈ થઇ હતી તે તમને યાદ છે?'

આધેડ જેવા દેખાતા એ શખ્સે અમૃતરાયને પહેલાં તો ધારીધારીને નીરખ્યા અને પછી એમના સવાલનો જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો: 'પણે પેલા ગુંબજમાં પુરાઇ રહેલા વિજ્ઞાની તો તમે નહિ? કારણ એમના સિવાય આ શહેરનો બીજો કોઈ વતની આજે આવો સવાલ ન કરે.'

'માની લો કે હું જ એ વિજ્ઞાની છું' અમૃતરાય અરધોપરધો ખુલાસો કરતાં બોલ્યા. 'મને એટલું જ કહો કે બર્લિન પર બૉમ્બમારો થયા પછી શું થએલું? અમેરિકાના નેતૃત્વ નીચે પશ્ચિમની અને રશિયા નીચે પૂર્વની પ્રજાઓનું ભયંકર યુદ્ધ જામેલું કે નહિ?'

'અરે, ના રે ના. એ યુદ્ધની બીકે તમે ગુંબજમાં પુરાઈ રહેલા ખરું ને? સાચુંખોટું ભગવાન જાણે, પણ અમે તો આજ દિવસ સુધી એવી વાતો સાંભળતા આવ્યા છીએ કે યુદ્ધની બીકે એક વિજ્ઞાની યુદ્ધ શરૂ થયા પહેલાં જ વીજળીના ભૂરા ગુંબજમાં પુરાઈ રહ્યો છે. આટલાં બધાં વર્ષો છતાં એ બહાર ન નીકળવાથી અમે તો એને અંદર ને અંદર મૃત્યુવશ થઈ ચૂકેલો માની રહ્યા છીએ.

'સ્વાભાવિક છે. આટલાં વર્ષ પછી કોઈ પણ એવું જ માની લે. પરંતુ ખરેખર ત્રીસ વર્ષ પહેલાં અપૂર્વ યુદ્ધ નહોતું જામ્યું?' અમૃતરાયે ફરી પાછો એ જ સવાલ કર્યો.

'જુઓ, વાત એમ બની કે અમેરિકન વિમાનોએ બર્લિન પર બૉમ્બમારો કર્યા પછી જગતનું વાતાવરણ ખૂબ તંગ બની ગએલું. બ્રિટન અને અમેરિકાએ પશ્ચિમના દેશોનું સંગઠન કરેલું એ સામે રશિયાએ પૂર્વના દેશોનું સંગઠન કરેલું. આક્રમણકાર અમેરિકા હોવાથી હિંદ પણ પૂર્વના સંગઠનમાં સામેલ થવાનો સંભવ હતો...'

'અરે, સામેલ ન થાય તો પણ યુદ્ધથી ક્યાં બચી શકે તેમ હતું? પશ્ચિમની પ્રજાઓ તો પૂર્વની પ્રજાઓનો વિનાશ ઇચ્છતી હતી...'

'પણ પૂરું સાંભળો તો ખરા? દુનિયાના ત્યારે સીધા બે ભાગ પડી ગએલા એ હકીકત સાચી. અને પશ્ચિમની પ્રજાઓનું ચાલત તો પૂર્વની પ્રજાઓનું નિકંદન પણ કાઢી નાખત. પરંતુ એમના ધાર્યા કરતાં પૂર્વની પ્રજાઓ વધુ બળવાન હતી. એકલું રશિયા જ ધારત તો આખા પશ્ચિમ યુરોપનું નિકંદન કાઢી નાખી શકત. પશ્ચિમની સત્તાઓનું સંગઠન પૂર્વની સામે હોઈને જાપાન પણ ગમે તે ઘડીએ પૂર્વના સંગઠનમાં જોડાઇ જવાનો સંભવ હતો. પરંતુ હિંદની દરમિયાનગીરીથી મહાવિનાશ સરજાતો અટકી ગયો.'

'એ શી રીતે?' અમૃતરાયે કુતૂહલવશ પ્રશ્ન કર્યો.

'રશિયાએ પૂર્વની પ્રજાઓના સંયુક્ત મોરચાનું એલાન આપતાં હિંદે તેને યુદ્ધની જાહેરાતમાં થોડો વિલંબ કરવા અને બર્લિન પરના બૉમ્બમારા પછી પશ્ચિમની સત્તાઓ કયું પગલું લે છે તેની રાહ જોવા જણાવ્યું. હિંદની આ દરખાસ્ત પૂર્વની અનેક પ્રજાઓને ગમી ગઈ કારણકે પૂર્વની બધી પ્રજાઓ રશિયા જેટલી મજબૂત ન હતી. જો કે રશિયાએ પોતાના અતુલ સામર્થ્ય વડે સૌનું રક્ષણ કરવાની ખાતરી આપેલી. એની પાસે અમેરિકા કરતાં પણ વધુ પ્રમાણમાં અને વધુ ભયંકર શસ્ત્રાસ્ત્રો હોવાની અને એ સ્વયંસંચાલિત શસ્ત્રાસ્ત્રો વડે ઘડીના છઠ્ઠાભાગમાં પશ્ચિમ યુરોપ અને અમેરિકાના ઉત્તર દક્ષિણ બંને ભાગોનું સત્યાનાશ વાળી નાખવાની હિંદને એણે જાણ કરી. હિંદે પોતાની તટસ્થતાનો ત્યાગ કર્યા વિના આ ભયંકર હકીકત પશ્ચિમની પ્રજાઓ સમક્ષ મૂકીને યુદ્ધનો પ્રચંડ વિરોધ પોકાર્યો અને પ્રવર્તમાન સરકારોને રાજીનામાં આપવા જણાવી દીધું. પ્રજાઓના એ સ્વયંભૂ ઉત્થાન સામે એક પછી એક સરકાર ઊથલવા માંડી અને શાંતિની જાહેરાત કરવા માંડી. રશિયાએ અને પૂર્વની સઘળી પ્રજાઓએ હિંદનો આભાર માન્યો. હિંદે નવી દિલ્હી મુકામે બોલાવેલી પરિષદમાં માનવ-અધિકારોનો નવો મુસદ્દો ઘડાયો, જે અનુસાર આખા યે આફ્રિકામાંથી ગોરાઓની હકુમતનો અંત આવ્યો, એશિયામાંથી પણ રહ્યોસહ્યો સંસ્થાનવાદ નાબૂદ થયો અને ઑસ્ટ્રેલિયા જેવા ખંડનાં એશિયાવાસીઓ માટે બંધ રહેલાં પ્રવેશદ્વાર ખુલ્લાં મૂકી દેવાયાં. દુનિયાનો આખો નકશો જ બદલાઈ ગયો. તમારી જૂની દુનિયા તો ક્યારની યે અદૃશ્ય થઈ ગઈ છે.'

'એટલે કે યુદ્ધ થયું જ નહોતું?' અમૃતરાયે તારમ્ય રજૂ કર્યું.

'અલબત્ત, નહિ જ. અને હવે પછી કદી થવાનો સંભવ જ નથી. માણસે પોતામાં રહેલી એ પાશવતા ખંખેરી નાખી છે. આખા જગતનું તંત્ર હવે એક જ સરકાર ચલાવે છે. જુદીજુદી સરકારો જ ન હોય પછી કઈ સરકાર કોની સાથે યુદ્ધમાં ઊતરે?'

'તો તો પછી માણસજાતે વિજ્ઞાનમાં યે જબરી પ્રગતિ કરી હશે.'

'જરૂર વળી. ત્રીસ વર્ષ પહેલાં ચન્દ્ર પર પહોંચવાના પ્રયોગો ચાલતા હતા. પચીસેક વર્ષ પર એમાં સફળતા મળ્યા પછી એ પ્રયોગ વધ્યા. ચન્દ્ર પર તો માનવ-નિવાસ શક્ય નથી, પરંતુ મંગળ અને શુક્ર પર તે શક્ય છે...'

'તો શું ત્યાં સુધી માનવી પહોંચી ગયો છે?'


'અરે, મંગળ અને શુક્ર તો પૃથ્વીનાં પરાં બની ગયાં છે, પરાં! માણસના આયુષ્યની મર્યાદા પણ એટલી બધી વધી ગઇ છે...'

'કેટલી?' અદ્ધર શ્વાસે અમૃતરાયે પ્રશ્ન કર્યો.

'બેચાર સદીઓ જેટલી. જીવનરસની શોધ પછી પચાસ વર્ષની અંદરના સઘળા પૃથ્વીવાસીઓએ દીર્ઘજીવન મેળવ્યું છે. પચાસ વર્ષ ઉપરનાંને એ નહોતો આપવામાં આવ્યો, અને એવાઓ પર એ અસરકારક પણ નથી નીવડતો. હું માનું છું ત્યાં સુધી તમારી ઉમર...'

'સડસઠ વર્ષ' નિરાશાભર્યા સ્વરે તેણે કહ્યું. (અનુ. પૃ. ૧૨૯મે)

ઔષધીઓની શોધખોળ



ડૉ. સિલમેન વૅકસમેન

ઔષધીઓની શોધ અને બનાવટ એ કંઈ બેચાર દિવસ કે મહિનાના સંશોધનની સાદી અને સરળ ઘટના નથી, પણ વરસોના ગાળાનાં સંશોધન, પ્રયોગો, નિષ્ફળતા, અવિરત પરિશ્રમ અને એકધારી શ્રદ્ધાભરી સાધનાના ઇતિહાસથી તે ભરપૂર છે. એમાં કેટલા યે નામી-અનામી રસાયણશાસ્ત્રીઓ, સર્જનો, દાક્તરો અને જંતુવિજ્ઞાનશાસ્ત્રીઓએ સહકારથી ને સંઘમાં રહી કામ ઉપાડેલું હોય છે.

વળી નવી દવાઓની શોધખોળ પણ પુરોગામીઓનાં સંશોધન અને શોધની કડીએ કડીએ ચાલતી હોય છે. દાખલા તરીકે મહાન વિજ્ઞાની લુઇ પાશ્ચરે એક સિદ્ધાંત એવો તારવ્યો હતો કે એક જીવાણુ બીજાં જીવાણુઓનો ઉછેર અને વિકાસ અટકાવવા સમર્થ હોય છે. આ ક્રિયાને પારિભાષિક રીતે 'ઍન્ટિબાયોસિસ' (પ્રતિજીવિત) કહેવામાં આવે છે. પણ આજથી ૭૦ વર્ષ અગાઉ પ્રતિપાદિત થએલા આ સિદ્ધાંતના પાયા ઉપર છેક હમણાં આજના પેનિસિલીનની શોધખોળનાં મૂળ નંખાયાં. પાશ્ચરના સમયથી તે છેક ઇ.સ. ૧૯૨૯માં પેનિસિલીનની શોધ થઇ ત્યાં સુધી પ્રતિજૈવિક દ્રવ્યની શોધ માટે અસંખ્યાત પ્રયોગો અને શોધખોળો થયાં જ કરતાં હતાં. એ ગાળાના કામની જો ગણતરી માંડવામાં આવે તો મોટો ડુંગર રચાય. પણ ગયા અંકમાં તેના શોધક સર ઍલેક્ઝાન્ડર ફ્લેમિંગના પરિચય સાથે તેની ટૂંકી નોંધ છે. અહીં તેનો જરા વિસ્તાર કરીએ.

ન્યૂમોનિયા, મેનિન્જાઇટીસ, ગોનોરિયા અને પરુ થતા રોગો માટે રામબાણ ગણાતી ઔષધિ પેનિસિલીન તો શોધાઈ, પણ આટલાથી વિજ્ઞાનીઓનું કામ અટકતું નથી. ફૂગમાંથી એટલા બધા થોડા પ્રમાણમાં પેનિસિલીન મળતું હતું કે તે રેડિયમ કરતાં પણ દુષ્પ્રાપ્ય નીવડવાની સ્થિતિ હતી. એટલે દુનિયાભરના બધા દરદીઓને તે પૂરું પડે એટલા મોટા જથ્થામાં, અને તે ય વળી ગરીબ પણ તેનો લાભ લઈ શકે એટલું સસ્તું પેનિસિલીન બનાવવાની નેમ સાથે કેટલા યે વિજ્ઞાનીઓ કામે લાગી પડ્યા હતા. ને કોઇ રસાયણના પ્રવાહી માધ્યમ ઉપર તેની ફૂગ ઉગાડી શકાય એ જ્ઞાનના આધારે અમેરિકાનાં દવા બનાવનારાં કારખાનાં એની બનાવટમાં મચી પડ્યાં હતાં. એક રીતે આ અશક્ય બીના હતી. કારણ કે ફૂગ એવી તો નાજુક હોય છે કે હવામાંનાં જીવાણુઓના જરા જેટલા સ્પર્શથી તે કામ અટકી જાય છે. છતાં છેવટે, જરા પણ ભેળસેળ ન થાય એવી જંતુશૂન્ય બરણીઓમાં ફૂગ ઉગાડવામાં આવી અને પેનિસિલીનનો પાક મિલિગ્રામથી વધી ગૅલનો સુધી જઈ ચડ્યો.

પેનિસિલીનની બનાવટની વિગત પણ જાણવા જેવી છે. પેનિસિલીનની ફૂગવાળી માટી ટેસ્ટ-ટ્યૂબમાં ભરી સાચવીને જાળવી રાખવામાં આવે છે. આમાંથી થોડી ફૂગ, અગરબ્રૉથ ભરેલા ફ્લાસ્કમાં મૂકવામાં આવે છે. અગર એ દરિયાઈ ઘાસ છે ને દૂર પૂર્વના વાસીઓ તેનો મુરબ્બો અને જેલી બનાવીને ખાવામાં વાપરે છે. એ અગરના ખોરાક ઉપર જ ફૂગ ઉછરે છે અને વિકાસ પામે છે. ચાર દિવસમાં તો ફ્લાસ્કમાં અગરની બધી સપાટી લીલી ફૂગથી છવાઇ જાય છે.

પછી જંતુશૂન્ય પ્લૅટિનમના સળિયા વતી એ લીલી ફૂગ એકઠી કરી અગર-બ્રૉથવાળા બીજા મોટા ફ્લાસ્કમાં મૂકવામાં આવે છે ને એ ફ્લાસ્કને આમતેમ હાલતા યંત્ર ઉપર ગોઠવવામાં આવે છે. બે દિવસો ફૂગને યાંત્રિક કરામતથી હાલતી મોટીમોટી ટાંકીઓમાં બદલવામાં આવે છે. એ ટાંકીઓમાં પમ્પ દ્વારા હવા પૂરવામાં આવે છે.

આ રીતે ઉત્તરોત્તર ફૂગનો ઉછેર અને વિકાસ કરવામાં આવતાં છેવટે ૯,૦૦૦ ગૅલનની ટાંકી ફૂગથી છવાઈ રહે ને ટાંકીના પ્રવાહીનો રંગ લીલો થઇ જાય એટલે પેનિસિલીનની 'લણણી'નો સમય થાય છે. ફૂગને ઉતારી લેવામાં આવે છે, જે મરઘાં કૂકડાં અને બતક માટે આરોગ્યપ્રદ ખોરાકરૂપ બને છે. બાકી રહેલા પ્રવાહીમાંથી પેનિસિલીન ખેંચીલેવામાં આવે છે અને તેને શુદ્ધ બનાવી ભૂકાનું રૂપ અપાય છે. અંતે અલ્ટ્રાવાયોલેટ કિરણોથી જંતુશૂન્ય બનતા કાચના ખંડમાં આપમેળે યંત્રદ્વારા જોખાઈ, શીશીઓમાં ભરાઈ, સીલબંધ પૅક થાય છે.

આટલી બધી તકેદારી રાખવા છતાં યે પેનિસિલીનમાં અશુદ્ધિ થવાની સંભાવના રહે છે. એક રાસાયણિક અશુદ્ધિ પાયરોજન્સની છે, જે દેહમાં પ્રવેશતાં તાવ ચડે છે. રોગનો તાવ તો હોય જ, એમાં વળી પાયરોજનનો તાવ ભળે, એટલે દરદીના તો રામ જ રમી જાય.

આ અશુદ્ધિ નિવારવા પેનિસિલીનના દરેક 'ઘાણ'(Batch)ની સસલાના શરીર પર અજમાયશ કરવામાં આવે છે. સસલાં બિચારાં એવાં તો ગભરુ હોય છે કે જોસથી બારણું અડકાવવાનો અવાજ સાંભળીને પણ તેમને તાવ ચઢી જાય છે! પેનિસિલીનના નવા ઘાણની કસોટીથી સસલાની ગરમી માત્ર અડધી કે એક ડિગ્રી પણ વધી જાય તો તે બિનસલામત ગણવામાં આવે છે. પછી કાં તો એ ઘાણને પુનઃ શુદ્ધ કરવામાં આવે છે કે ફેંકી દેવામાં આવે છે. જોકે આમાં હજારો રૂપિયાની નુકસાની સમાએલી હોય છે, પણ લૅબોરેટરીમાં તો હજારો માનવજીવનને હાનિકારક આવી અશુદ્ધિ શોધી કાઢનારને અભિનંદવામાં આવે છે.

રોગોત્પાદક જીવાણુઓથી પેદા થતા અનેક રોગોમાંથી ૮૯ રોગો માટે પેનિસિલીન અસરકારક નીવડ્યું, પણ હજુ માનવજાતને પીડતા બીજા ૬૩ રોગો માટેની ઔષધિઓની શોધખોળ ચાલુ રહી. પેનિસિલીનની શોધ બાદ બીજી રોગનિવારક ઔષધિઓની શોધ માટે વિજ્ઞાનીઓનું ધ્યાન માટી અને ફૂગ ઉપર કેન્દ્રિત થયું હતું.


અમેરિકાની રટગર્સ (Rutger) યુનિવર્સિટીના ડૉ. સિલમેન વૅકસમેન(Selman Waksman)અને તેના સાથીઓએ છ ઍન્ટિબાયોટિક દ્રવ્યો શોધી કાઢ્યાં હતાં, પણ બધાં ઝેરી હતાં. એક માટે કંઇક આશા હતી ખરી, પણ પ્રયોગો કરતાં આમાંથી કોઇ રોગનિવારક દ્રવ્ય ના જડ્યું.

પણ આટલામાં એક કૌતુક બન્યું. એક દિવસ એક ખેડૂત પોતાની મરઘીનું માંદું બચ્ચું લઇને તેનો રોગ પારખવાને યુનિવર્સિટીના પૅથૉલૉજિસ્ટ પાસે આવ્યો. બચ્ચાના ગળાના રોગના સ્થળેથી સ્રાવ લઇ તેનું cultur કરતાં વૅક્સમેનના સંશોધનની (અનુ. પૃ૦ ૧૫૫મે)

કોટેશ્વર

સિંધુની શાખા 'કોરીનાળ'ના નાકા ઉપરનું વિશિષ્ટ ભૌગોલિક ધામ


લેખક અને છબિકાર
રામસિંહજી રાઠોડ


નીલકંઠના મંદિરમાંથી દેખાતુ કોટેશ્વરનું દેવાલય


કચ્છના છેક પશ્ચિમ કાંઠે—પાકિસ્તાનની તદ્દન નજીક અને કરાચીની બરોબર સામે 'કોરીનાળ'ના નાકા ઉપર આવેલું હિંદનું એવું એકમાત્ર બંદર કોટેશ્વર વિશિષ્ટભૌગોલિકસ્થાન ધરાવે છે એ ઘણાના ખ્યાલ બહાર હશે. આજે આવું મહત્ત્વનું સ્થાન ધરાવતું એ સ્થાન લોકોમાં એક પુરાણોક્ત ધામ ગણાય છે. એની માહાત્મ્યકથા એવી કહેવાય છે કે દશાનન રાવણે કૈલાસમાં તપ આદર્યું. રાવણની ભક્તિથી પ્રસન્ન થઈ કૈલાસપતિ શિવે તેને મોંમાગ્યો વર આપવા કહ્યું. રાવણે તો 'સદા શિવભક્તિ કરતો રહું' એટલું જ ઈચ્છયું, છતાં શિવે પ્રસન્નતાથી પોતાની આધ્યાત્મિક શક્તિની પ્રતિષ્ઠા કરેલું લિંગ તેને આપ્યું. આવી સબળ શાંકરશક્તિ મેળવી રાવણ અજરામર બની જશે એ ભયના માર્યા દેવો કંપી ઊઠ્યા અને રાવણ પાસેથી કોઇ પણ રીતે એ લિંગ પડાવી લેવાનો છળ રચ્યો.

રાવણને માર્ગે બ્રહ્મા ગાયનું રૂપ લઈ એક કીચડભર્યા ઊંડા ખાડામાં પડી તરફડવા લાગ્યા. અન્ય દેવતાઓએ દોરડાંથી ખેંચી ગાયને ઉગારતા હોવાનો દેખાવ કર્યો. દેવોની બેહાલ સ્થિતિ અને ગાયની દયામણી હાલત જોઇ રાવણને અનુકંપા થઇ. તેના જમણા હાથમાં લિંગ હોઈ તે માત્ર ડાબા હાથે દોરડું ખેંચાવવા લાગ્યો. આ પ્રયત્નમાં નિષ્ફળ જતાં રાવણ ડોળ કરનારમાં ખપ્યો અને હાંસીપાત્ર બન્યો. આથી તેનું હૃદય ઊકળી ઊઠ્યું અને જમણા હાથમાંનું લિંગ ધરતી પર રાખી બંને હાથે ગાયને ખાડામાંથી ખેંચી કાઢી. દરમ્યાનમાં ધરતી પર મુકાએલું લિંગ દૈવીશક્તિથી તેને કોટિ લિંગો રૂપે દેખાયું! આ કોટિ લિંગમાંથી પોતાનું મૂળ આણેલું લિંગ કયું તે પિછાનવાનો રાવણને કોયડો થઈ પડયો. છેવટે તેમાંથી એક લિંગ પોતાનું માની લેતાં બીજાં લિંગસ્વરૂપો અદૃશ્ય બની ગયાં. પણ રાવણનું માનેલું લિંગ ત્યાં જ ધરતી સાથે જડાઇને સ્થાપિત થઈ ગયું. આ રીતે લિંગને પોતાથી અલગ કરી ધરતી પર મૂકતાં રાવણે મેળવેલી અજરાંમર શક્તિ ગુમાવી. રુદ્રનો રોષ ન ઊતરે તે માટે બધા દેવોએ મળી ત્યાં કોટિલિંગેશ્વરની પ્રતિષ્ઠા કરી. ત્યારથી કચ્છનું કોટિલિંગેશ્વર કોટેશ્વરના નામે પ્રસિદ્ધ થઈ યાત્રાનું મહાધામ બન્યું.

આ પુરાણોલ્લેખ પછી શ્યુઆન્-ચુઆઙ્ (Hiuan-Tsang—જેને સામાન્યરીતે હ્યુએનત્સંગ કહે છે તે)ની પ્રાચીન પ્રવાસપોથીમાં કોરીનાળને કાંઠે આવેલા કોટેશ્વર બંદરનો નિર્દેશ થએલો છે. એમાં 'સિંધુના મુખ પાસે, મહાર્ણવને કાંઠે, આશરે પાંચેક માઈલના ઘેરાવામાં આવેલું' કહી આ બંદરનું 'કાઈત્-શ-ફ્ચલ' એવું ચીનીમાં અપભ્રંશ પામેલું નામ શ્યુઆન્-ચુઆઙ્ આપે છે. તેમાં પાંચ



કોટેશ્વરનું વિશિષ્ટ અને મહત્ત્વનું ભૌગોલિક સ્થાન દર્શાવતો કચ્છનો નકશો



પૂર્વમાંથી દેખાતું કોટેશ્વરનું મંદિર

હજાર સાધુઓના એંશી મઠો હોવાનું તે લખે છે. આ વસાહતના મધ્યભાગે શિલ્પસમૃદ્ધ મહેશમંદિર ને બીજાં બાર દેવાલયો હોવાનો નિર્દેશ પણ તે કરે છે અને કહે છે કે ત્યાં ભભૂતી ચોળી રહેતા શૈવમાર્ગીઓ પૂજનઅર્ચન કરતા.

આ બે પ્રાચીન ઉલ્લેખ પછી મધ્યકાળની લોકકથા આવી છે :

મીંઅણું જુડે નિકરી, અગઠ ગિડી હથ;
પુજાં કાછે કોટેસર માં જેર ઉત્રે જીથ.

સમાજજીવનના ઝેરથી ગોડ રાણી ચંદ્રકોરની જિંદગી કડવાશભરી બની ગઇ. એ જીવન મધુરપભર્યું થાય તો કોટેશ્વરમાં નીલકંઠની સ્થાપના કરવાની તેણે બાધા લીધી. નગર સમૈના લાખા ધુરારા સાથે ચંદ્રકોરને એકદા સહજ સ્નેહયોગ થએલો. તેણે ધુરારા જેવા પરાક્રમીને પતિ કરવા માટે પરણવાની ઈચ્છા પણ દેખાડેલી. ધુરારો લાખો તેની વધતી જતી અવસ્થામાં માંદગીમાં સપડાઈ જઈ મરણપથારીએ પડયો હતો. આથી ગોડ રાણીના પિતાએ શેહકોટના રા' કનોજ સાથે તેનું વેવિશાળ કરી લગ્ન કરવાનો પ્રબંધ કર્યો. પલ્લીત્રાણથી ચંદ્રકોરનું આણું શેહકોટ આવવા રવાના થયું. રસ્તે માગણ ભાટો પરવા લેવા એકઠા મળ્યા. ગોડ રાણીએ લાખા ધુરારાનાં પરાક્રમો ગાતા નગર સમૈના માગણોને પરવા આપ્યા અને શેહકોટના માગણોને શેહકોટ પહોંચી પછી જ દાન આપવા કહ્યું. આથી શેહકોટના માગણો દોડયાદોડયા રા' કનોજ પાસે પહોંચી ગયા. ત્યાં તેમણે ઠસાવ્યું કે ગોડ રાણી તો હજુ લાખા ધુરારાનાં વખાણ કરાવતી આવે છે. રાણીના હૃદયમાં લાખા માટેનો સુંવાળો સદ્ભાવ ઉચ્ચ સ્થાને હોય તો તે કેમે કરી પોતાને ચાહી પોતા સાથે સુખી જિંદગી ગાળી શકે નહિ એવા વિચારથી દોરવાઈ રા' કનોજ ઉશ્કેરાઈ ગયો. શેહકોટને પાદરે આવી પહોંચેલા ચંદ્રકોરના આણાનો તેણે અસ્વીકાર કર્યો. આમ અપમાનિત થઈ પોતાના પિતાને ઘેર પાછી નહિ વળતાં સ્વમાની ચંદ્રકોર નગર સમૈ તરફ રવાના થઈ.

નગર સમૈ પહોંચી તેણે ધુરારા લાખાને બનેલી બીનાની જાણ કરી અને પોતે તેને પરણવા આવી છે એમ કહેણ મોકલાવ્યું. આથી લાખો ધર્મસંકટમાં મુકાયો. મરણોન્મુખ પોતે એક ઊગતી યુવતીનું જીવન દેખીપેખીને કેમ વેડફી શકે? એટલે યુવાનીમાં આવેલા પોતાના મોટા પુત્ર મોડને જો ચંદ્રકોર પરણશે તો સુખી થશે એમ કહેણ મોકલાવી તેણે ચંદ્રકોરને આવકારવા મોડને મોકલ્યો. પણ ચંદ્રકોરે તો મોડ પોતાનું સંતાન હોય તેમ તેનાં ઓવારણાં લીધાં ને લાખાને પરણવાના પોતાના દૃઢનિશ્ચયમાંથી ચલિત ન થઈ. તેણે લાખાને સામું કહેવડાવ્યું કે :

લાખે ધરાં લગ્ગ, જુડે ભ્યા જુવાણ તણ;
મુકે મિડે કખ્ખ ધુરારેસેં ગડિયાંસ.
કીરત સંધા કોટ, લાખે લખું અડેયા;
ઉજ અસાંજો ગોટ, મોડ ગભ્ર ગડેયા.

'લાખા સિવાય મને લાખ્ખો જુવાનો મળે તો તેઓ તો મારે મન તણખલા સમ છે. હું તો હવે ધુરારા સાથે મારો સંબંધ બાંધીશ. પરાક્રમોથી કીર્તિકોટ કમાયો છે એ લાખો મારો પતિ છે અને તેના પુત્ર મોડને મેં પણ પુત્ર કરી માન્યો છે.' ગોડરાણીના દૃઢ નિશ્ચય અને અણનમ વલણથી પ્રભાવિત થઇ મોડે રા' કનોજનું ગર્વખંડન કરવા ચંદ્રકોરને ખાત્રી આપી. વળી ગોડરાણીથી જો ધુરારાને પુત્ર થાય તો એ જ ગાદીનો સાચો વારસ ઠરે એવાં પણ વેણ મોડે અતિ ઉત્સાહમાં આવી જઈ કાઢયાં.

ચંદ્રકોર ધુરારાને પરણી. તેની કાળજીભરી સારસંભાળથી ધુરારો માંદગીને બિછાનેથી બેઠો તો થયો, પણ તેની શારીરિક શક્તિ અતિ ક્ષીણ થઇ ગઇ હતી. ધુરારા માટે કહેવાય છે કે તેની યુવાવસ્થામાં તે પૂર ઝડપે દોડતે ઘોડે ઊંચા વડની વડવાઈ પકડી લઇને હીંચકો ખાતો ઘોડાને પોતાના બે સાથળ વચ્ચે દબાવી રાખતો! ગોડરાણીએ એ દિવસોની ધુરારાને યાદ આપી. ધુરારો જ્યાં લગી એવી શક્તિ ફરી પ્રાપ્ત ન કરે ત્યાં લગી શરીરસંબંધ ન કરવાની ગોડે તેની પાસે પ્રતિજ્ઞા લેવડાવી. ધુરારાએ શારીરિક શક્તિ મેળવવા માંડી અને કઢેલું દૂધ પચાવવું શરૂ કર્યું. છેવટે અગાઉની તાકાત પાછી આવ્યાની પ્રતીતિ થતાં પોતાની મેળવેલી શક્તિનું માપ કાઢવા ઘોડદોડનો પોતાનો જૂનો દાવ તેણે અજમાવી જોયો. વૃદ્ધાવસ્થાને આરે પહોંચેલો ધુરારો દોડતા ઘોડા પર સવાર થયો. વડ નીચે પહોંચતાં તેણે ઘોડાની લગામ છોડી દઈ લાંબી લટકતી વડવાઇઓ પકડી લીધી અને ઘોડા સહિત તેણે હીંચકો લીધો. તાજ્જુબીમાં ગરકાવ થઈ લોકો આ દાવ જોઈ રહ્યા. ગોડ રાણી ચંદ્રકોરની પ્રતિજ્ઞા પૂરી થઈ. તેણે કોટેશ્વરમાં નીલકંઠનું મંદિર ચણાવ્યું અને પોતાની અગઠ ઉતારી.

એ ગોડ રાણીને ઉન્નડ, જેહો, ફૂલ અને મનાઈ નામના ચાર પુત્રો થયા. ધુરારાને તેના પ્રથમ પત્નીથી પણ મોડ વગેરે ચાર પુત્રો હતા. આ બધામાં ઉન્નડ પ્રતાપી નીવડી સત્તાધીશ થયો. સૌથી નાનો ભાઇ મનાઈ આ સાંખી ન શક્યો. એ મનાઈથી ભંભેરાઈ મોડે પણ તેને સાથ આપ્યો. ગોડ રાણીના લગ્નટાણે ઉચ્ચારેલાં વેણ તે વીસરી ગયો અને કાવતરું કરી ઉન્નડને તેમણે મરાવી નાખ્યો. પણ આમ કર્યું તેથી નગર સમૈમાં તેમનું સ્થાન રહ્યું નહિ, એટલે મોડ અને મનાઈ કચ્છમાં કેર વર્તાવીને સત્તાધીશ બન્યા. કરેલા કેરના આ પ્રાયશ્ચિત્ત વાસ્તે દાનમાં તેમણે ઘણી ધરતી આપી. મનાઈએ જમીન પણ દબાવી બેઠો એટલે તેના વંશજ કેર કહેવાયા. ઘોલાયના આ કેરોએ કોટેશ્વરમાં એક દેવાલય કરાવ્યાની વાત તેમના કુળમાં આજે સાભિમાન કરાય છે. (અનુસંધાન પૃષ્ઠ ૧૫૧ મે)

ક્વેટા


સંસારનાં શહેરો-૬૯

ક્વેટા એ હાલ પાકિસ્તાનમાં આવેલા બલોચિસ્તાનની રાજધાની છે. બલોચ નામની જાતિ પરથી એ નામ પડયું હોવા છતાં હાલ એ જાતિની સંખ્યા ત્યાં વસતી અફઘાન અને બ્રુહી જાતિ કરતાં ઓછી છે. બલોચ જાતિ કેટલાક વિદ્વાનોના મતાનુસાર ઈરાનથી ત્યાં જઈને વસી છે, જ્યારે કેટલાના મત મુજબ અલેપ્પોથી. ચારે બાજુ પહાડોથી ઘેરાએલા એ પ્રદેશમાં મેદાનનો ભાગ ઘણો થોડો છે અને એવા મેદાની ભાગ કચ્છી તથા લારુબેલાના નામે ઓળખાય છે. મોસમી પવનના ક્ષેત્રની બહાર આ પ્રદેશ આવેલો હોઇને ત્યાં વરસાદ બહુ થોડો ને અનિયમિત પડે છે.

ત્યાં અનેક ભાષાઓ બોલાય છે, જેમાં પશ્તો, બ્રુહી અને બલોચી મુખ્ય છે. ભાષાશાસ્ત્રીઓના જણાવવા મુજબ પશ્તો, તથા બલોચી ભારતીય-આર્ય સમુદાયની ભાષાઓ છે, જ્યારે બ્રુહી દ્રાવિડ સમુદાયની.

સિકંદર હિંદ આવેલો તે આ બલોચિસ્તાન થઇને. સિકંદર પછી કેટલાક સમય બૅક્ટ્રીઅન ગ્રીકનું શાસન તે પર રહેલું. ત્યાર પછી શકોએ એનો કબજો મેળવ્યો, પરંતુ પાછળથી શકારિ વિક્રમાદિત્યે તેમને હાંકી કાઢ્યા'. એ વખતે બૌદ્ધ ધર્મનો ત્યાં જબરો પ્રભાવ રહેલો, ને આજે પણ મળી આવતા શિલાલેખો બૌદ્ધ ધર્મનો જ મહિમા દર્શાવે છે. શકો પછી સાસાની વંશે એ મુલક હાથ કર્યો, પરંતુ છઠ્ઠી સદીમાં નૌશીરવાને તેને પરાજિત કર્યો. સાતમી સદીમાં સિંધના રાજા રાયમલે બલોચિસ્તાનનો એક પ્રાંત મકરાન જીતી લીધો પણ તે પછી અરબોની સવારીઓ શરૂ થતાં તે અરબોને તાબે ગયું. તેમાંથી જુદા-જુદા મુસ્લિમ શાસકોના હાથ નીચેથી પસાર થતાં અંતે ઈ.સ. ૧૩૦૦ના અરસામાં દિલ્હીના સુલતાન અલ્તમશે તે જીતી લીધું. દિલ્હી પર મુઘલોના શાસન વખતે નાદિરશાહે બલોચિસ્તાન પર અનેક ચડાઈઓ કરેલી. અંતે એ અહમદશાહ દુર્રાનીના હાથમાં ગયું ને ૧૭૦ વર્ષના દુર્રાની તથા બારકઝઈ વંશના શાસન પછી ૧૮૭૬માં અંગ્રેજોએ ગંડમકની સંધિ અનુસાર તે પર કબજો મેળવ્યો અને સર રોબર્ટ સન્ડેમનને બલોચિસ્તાનનો પહેલો એ. જી. જી. (એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ) નીમ્યો. અંગ્રેજોએ વિદાય થતી વખતે હિંદના પાડેલા ભાગલા અનુસાર હાલ એ મુલક પાકિસ્તાનમાં સમાવિષ્ટ થએલો છે.

૩૦° ૧૦' ઉત્તર અને ૬૭° ૧' પૂર્વ રેખા પર આવેલું ક્વેટા 'ક્વેટા-પિશિન' જિલ્લાનું મુખ્ય મથક છે. પશ્ચિમ પંજાબની રાજધાની લાહોરથી રેલવે માર્ગે ૭૨૭ માઈલ અને કરાંચીથી ૫૩૬ માઈલના અંતરે એ આવેલું છે. રેલવે લાઈન અફઘાનિસ્તાનની સીમા પરથી ક્વેટા તરફ વાળવાને બદલે સીધેસીધી લઈ જવામાં આવી હોત તો આ અંતર લગભગ અરધું રહેત. રેલવે ૧૬૦ માઈલ સુધી પર્વતમાળામાં થઇને પસાર થાય છે. જે પર્વતમાળા બોલનઘાટ (દર્રો બોલન) ના નામે ઓળખાય છે.



વસતિ ને ક્ષેત્રફળની નજરે ક્વેટાને મોટું શહેર ન કહી શકાય. અંગ્રેજોના અમલ વખતે ત્યાં મોટી લશ્કરી છાવણી રહેતી ને હિંદના પ્રત્યેક ભાગના નિવાસીઓ ત્યાં જોવામાં આવતા, પરંતુ પાકિસ્તાન થયા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. પાર્વત્ય પ્રદેશમાં એ વસેલું હોઈને ત્યાંની હવા સ્વાભાવિક જ સૂકી છે. આનો એક લાભ એ છે કે રોગનું પ્રમાણ ત્યાં નહિવત્ છે. ગરમી પણ બહુ ઓછી પડે છે. વરસના માત્ર બે મહિના (જૂન અને જુલાઈ) તેનું પ્રમાણ કંઈક વધારે હોય છે, પરંતુ પંખાની જરૂર પડે એટલું તો નહિ જ. ઑગસ્ટ ને સપ્ટેમ્બર એ બે મહિના ઋતુ ઘણી જ ખુશનુમા રહે છે અને એ ઋતુમાં જ ફળમેવા વધુમાં વધુ ઊતરે છે. ચમન અને ક્વેટા વચ્ચે એક ખાસ ટ્રેન આ ફળમેવાની નિકાસ માટે દોડાવવામાં આવે છે જે 'ફ્રૂટ ટ્રેન'ના નામે જ ઓળખાય છે.

ગરમીનું પ્રમાણ તો અહીં અલ્પ હોય છે, પરંતુ ઠંડીનું પ્રમાણ શિયાળામાં એટલું બધું સખત રહે છે કે ઘરમાં વાપરવા ઠામમાં ભરેલા પાણીનો બરફ જામી જાય છે. રાંધવા કે પીવા માટે પાણીને ગરમ રાખવું પડે છે અને આગ ચોવીસે કલાક ચાલુ રાખવી પડે છે. ક્વેટાની આજુબાજુ કેટલાંક રમણીય પહાડી સ્થળો આવેલાં છે જ્યાં ક્વેટાવાસીઓ અવારનવાર ઉજાણીએ જાય છે. આ પ્રાકૃતિક સ્થળો ઉપરાંત શહેરમાં સન્ડેમન હૉલ જોડે એક મોટું ઉદ્યાન આવેલું છે જે શહેરીઓનું વિહારસ્થાન છે. ત્યાંની 'મેવામારકીટ' ખાસ જોવા જેવી છે. બહારથી જોનારને તો એ એક કિલ્લો જ લાગે ને અંદર બજાર જેવું કંઈ હોવાનો ખયાલ પણ ન આવે. ક્વેટાનું સ્થાનિક નામ શાલ અથવા શાલકોટ છે.

ત્રીસ વર્ષ પછી (અનુસંધાન પૃષ્ઠ ૧૨૫થી ચાલુ)

'તો તો દીર્ઘાયુષીપણાનો લાભ તમે ગુમાવ્યો. વીસેક વર્ષ પહેલાં એ ગુંબજમાંથી બહાર નીકળ્યા હોત તો...'

પરંતુ આગળના શબ્દો સાંભળવાને બદલે અમૃતરાય શૂન્યમનસ્ક બની ગયા હતા. એમણે માત્ર જીવનરસનો જ લાભ નહોતો ગુમાવ્યો, સર્વસ્વ ગુમાવ્યું હતું-હા, સર્વસ્વ.

'મીરા!' ઓચિંતા એમના મોંમાંથી ચીસ નીકળી ગઈ અને એ બેહોશ બની જમીન પર ઢળી પડયા. મીરા પ્રત્યેના એમના પ્રેમની પરાકાષ્ઠારૂપ એ ચીસ હતી કે પોતાની મૂર્ખાઈના પ્રત્યાઘાતરૂપ એ કોણ કહી શકે?

આધુનિક ગુનાશોધનની એક અતિ મહત્ત્વની ચાવી લૉન્ડ્રી-માર્ક્સ ધોબીનિશાન

એ જાગ્યો ત્યારે એને ખબર નહોતી કે પોતે ક્યાં છે. એથી યે વધુ વિચિત્ર તો એ હતું કે પોતે કોણ છે એ પણ એ જાણતો ન હતો. મોટરના એક અકસ્માતમાંથી એને બચાવી લેવામાં આવ્યો હોવાનું દાક્તરોએ જણાવ્યું અને એની ઓળખાણ માગી. પણ એ જ્યાં પંડને જ ભૂલી ગયો હતો ત્યાં શી ઓળખાણ આપે?

એના ખમીસના એક છેડે એસ. જે. સી. એ અક્ષરોનું ભરત હતું. એ અક્ષરો કંઈક સૂચક નીવડે એ આશાએ દાક્તરોએ તેને પૂછ્યું, 'આ અક્ષરો પરથી તમને કોઈ નામ સૂઝે છે?'

'જેરીકો અને ચાઈલ્ડ' પેલાએ જવાબ આપ્યો અને દવાખાનાના કારકુને રેકોર્ડ પર નામ મૂક્યું, જેરી ચાઈલ્ડ.

ત્યારબાદ વરસેક દિવસ સુધી એસ. જેરીકો ચાઈલ્ડ યુનાઇટેડ સ્ટેટ્સના પ્રશાંત મહાસાગરના કાંઠે ઘૂમતો રહ્યો. દરેક શહેરમાં એ છૂટક કામ મેળવી લેતો. જે શહેરમાં જતો ત્યાંના સ્થાનિક વર્તમાનપત્રની કચેરીની મુલાકાત એ અવશ્ય લેતો અને પોતાની કથની કહી સંભળાવતો. બીજે દિવસે એનો ફોટો એ વર્તમાનપત્રમાં છપાઇને આ શીર્ષક સાથે પ્રસિદ્ધ થતો: 'હું કોણ છું?' પરંતુ કોઈ જવાબ આપી ન શકતું. પોતાના ભૂતકાળ સાથે સંબદ્ધ કોઈ પણ વસ્તુ પોતાની પાસે હોય તો તે માત્ર પોતાનું ખમીસ હતું તે એ જાણતો હોઇને એ ખમીસનું જીવની પેઠે જતન કરતો.

એ દરમિયાન એક છાપામાં એક ટૂંકી નોંધ એના વાંચવામાં આવી. એ નોંધે એને નવી આશા પ્રેરી અને ત્રણ હજાર માઇલ દૂર લૉંગ ટાપુ પરના મિન્કોલાના વડા પોલીસ મથકે ઍડમ યુલ્ચ પર એક પત્ર લખી નાખ્યો. એ પત્રની સાથે એણે એના ખમીસમાંથી કાતરીને કપડાની એક કાપલી પણ મોકલી આપી. એ કાપલી એસ.જે.સી. આદ્યક્ષરોની નહોતી, પરંતુ ખમીસના કૉલર પરના ધોબીનિશાનની કાતરેલી એ કાપલી હતી.

યુલ્ચને એ નિશાન પારખતાં વાર ન લાગી, કારણ બે મકાન મૂકીને તેની પડોશમાં જ આવેલી ધોબીદુકાન(લૉન્ડ્રી)નું એ નિશાન હતું. એણે ગુમ જાહેર થએલી વ્યક્તિઓને લગતા રેકોર્ડ તપાસાવી જોયા, પરંતુ એસ. જેરીકો ચાઈલ્ડ નામની કોઈ વ્યક્તિ ગુમ થએલી ન જણાઈ. યુલ્ચ વિચારમાં પડ્યો, પણ ત્યાં એક ડિટેક્ટીવે નોંધપત્રને છેડે આવેલા એસ.જે.સી. આદ્યક્ષરો તરફ યુલ્ચનું ધ્યાન દોર્યું અને એ આદ્યક્ષરો ધરાવતી વ્યક્તિ એક વર્ષથી ગુમ થએલી હોઇ એની શોધના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા હોવાનું પણ જણાવ્યું.

પછી તો શું જોઇએ? ગુમ થએલ વ્યક્તિની પત્નીએ જ એ આદ્યક્ષરો અને પોતાના પતિનું આખું નામ પોલિસ રેકોર્ડ પર નોંધાવેલું હોઇ યુલ્ચે સીધો તેના પર ફોન કર્યો અને એ દોડતી આવી પહોંચી. યુલ્ચ પરનો પત્ર જોઈ એ બોલી ઊઠી, 'આ તો મારા પતિના જ હસ્તાક્ષરો!'

અને હવે એસ. જેરીકો ચાઇલ્ડ એ નામ હવામાં ઓગળી ગયું. એ નામધારી એવી વ્યક્તિ પ્રકાશમાં આવી જેને એનું પોતાનું સાચું નામ હતું, એનો પોતાનો કુટુંબકબીલો હતો. પોતાની ઇંદ્રતાની શોધમાં ભટકવાની એને હવે જરૂર ન રહી.

ઍડમ યુલ્ચની કામગીરીમાં આવા તો કેટલાય વિસ્મયજનક બનાવો બનતા રહ્યા છે. જ્યાં આંગળાંનાં નિશાન પ્રાપ્ય ન હોય ત્યાં ધોબીનિશાન પરથી કોઇ પણ વ્યક્તિને ઓળખી કાઢવાની તેની શોધ પોલિસવિજ્ઞાનમાં મહત્ત્વની થઈ પડી છે. પશ્ચિમના દેશોમાં એવી કોઇ વ્યક્તિ ભાગ્યે જ મળે જેણે પોતાનાં કપડાં ધોવા કે ડ્રાય-ક્લીનિંગ કરવા ધોબીને ત્યાં ન આપ્યાં હોય. એપ્રિલ ૧૯૪૦માં જર્સી શહેરમાં એક એવા આદમીને ઓળખવાનું કામ પોલીસને માથે આવી પડેલું, જેનું ખૂન થયે એક વર્ષ થઈ જવા આવેલું. હડસન નદીમાં તણાતા તેલના એક પીપમાંથી તેનું મુડદું મળી આવેલું. મુડદું લગભગ હાડપિંજર જેવું બની ગએલું હોઇને કોઇ રીતે ઓળખી શકાય તેવું નહોતું રહ્યું. ઓળખ માટે મથતી પોલીસમાંના એકને અચાનક યુલ્ચનું નામ યાદ આવ્યું અને મરનાર વ્યક્તિએ પહેરેલ કપડાંના જે સડેલા ગાભા પીપમાં રહેલા તે એના પર મોકલી આપ્યા. યુલ્ચે એ ગાભા 'ઇન્ફ્રારેડ લૅમ્પ'ના પ્રકાશમાં તપાસી જોતાં કેડ પરના ખીસા આગળ ડ્રાય-ક્લીનિંગનું નિશાન મળી આવ્યું. કઈ ધોબીદુકાનનું એ નિશાન હતું એ શોધી કાઢ્યા પછી તો એ કપડાં પહેરનાર વ્યક્તિની ભાળ મેળવવાનું તો સહેલું હોઈ, એ હત્યા જેની શરૂઆત હતી એ આખી હત્યાશ્રેણી પોલીસ શોધી કાઢી શકી.

વીસમી સદીનો અપરાધ વિજ્ઞાનને લગતો ઇતિહાસ લખાશે તો તેમાં ઍડમ યુલ્ચના માત્ર અછડતા ઉલ્લેખને બદલે તેને ઠીક-ઠીક મહત્ત્વ અપાશે, કારણ કે તેની શોધ ખોવાએલાં કપડાંથી માંડીને ખોવાએલા માણસની શોધમાં કામ લાગે તેવી છે. તેણે તેની ફાઇલોમાં તેના દેશના લાખો લેખે ધોબીનિશાનો જાતે મહેનત લઇ એકઠાં કરીને સંઘર્યાં છે. આનું દિશાસૂચન એને ૧૯૩૬માં એક બૅંકની લૂંટાએલી મોટરની તપાસ દરમિયાન મળેલું. લૂંટારુઓમાંના એકનું જાકીટ મોટરની પાછલી બેઠક પરથી મળી આવેલું. એના પરનું ડ્રાય-ક્લીનિંગનું નિશાન જોઈ ડિટેક્ટીવ ખાતાના વડાને લાગ્યું કે એ ક્યાં ડ્રાય-ક્લીન થએલું એ શોધી શકાય તો તેના પહેરનારનો પત્તો મેળવી શકાય. તેણે યુલ્ચને એ કામ સોંપ્યું, કારણ કે ગુમ થએલી ચીજવસ્તુ તેના માલિકને શોધી કાઢી તેને હવાલે કરવાને લગતા ખાતાનો એ ઉપરી હતો. પોતાને સોંપાએલા કામ અંગે એ શહેરમાં ઘૂમવા નીકળવા માંડ્યો અને ૩૦૪ ચોરસ માઇલ વિસ્તારનું આખું ન્યૂ યૉર્ક શહેર ખૂંદીવળી દરેક ધોબીદુકાનના ધોલાઇનાં નિશાન એણે એકઠાં કર્યાં. છેવટે એક નિશાન પેલા જાકીટને મળતું આવતાં તે એ ધોબીદુકાને પહોંચ્યો. દુકાનના માલિકે પહેલાં તો શંકા કરી, પરંતુ યુલ્ચે એ જાકીટ પહેરનાર શખ્સના કપડાના શૉખનાં બહુ વખાણ કરતાં તે તરત બોલી ઊઠ્યો, 'કોણ રેડ ને? જબરો શોખીન છે.' યુલ્ચે સિફતપૂર્વક રેડના મકાનનું સરનામું તેની પાસેથી મેળવી લીધું અને પછી ત્યાં પહોંચી, રેડને ગિરફતાર કરી, પોલીસમથકે પહોંચ્યો. રેડ ગિરફતાર થતાં એના બીજા સાથીદારોને પકડતાં બહુ વાર ન લાગી.

શરૂઆતમાં તો યુલ્ચને પોતે એકઠાં કરેલાં ધોબીનિશાનમાંનાં ઘણાં એકસરખાં જ લાગતાં, પરંતુ તે જેમ એનો અભ્યાસ કરતો ગયો તેમ તેને ઉપરથી સરખાં દેખાતાં નિશાનો વચ્ચેનો તફાવત સમજાવા લાગ્યો. તેને લાગ્યું કે ધોબીનિશાનની આ ચિત્રલિપિ ગુનાશોધનની વિજ્ઞાનની એક નવી જ ભૂમિકા સરજી શકે. આંગળાંની છાપને એ વિજ્ઞાનમાં મહત્ત્વ અપાએલું, કારણ કોઇ બે માણસના આંગળાંની છાપ મળતી નહોતી આવતી. યુલ્ચનો અનુભવ કહેતો હતો કે

કોઇ એ ધોબીદુકાનનાં ધોલાઈનાં નિશાનો મળતાં આવતાં નહોતાં.

ધોબીનિશાન પ્રત્યે પહેલવહેલું જ લક્ષ જેમ યુલ્ચનું નહોતું ખેંચાએલું, તેમ પોલીસમાં તે અંગે ખાસ ખાતું ઊભું કરનાર પણ એ પહેલો નહોતો. એના પહેલાં કેટલાંક પોલીસમથકોમાં એવાં ખાતાં ઊભાં થએલાં હતાં, પણ ગુનાની શોધમાં એ બહુ પ્રગતિ કરી શકયાં નહોતાં કપડા પરનાં નિશાનની પોલીસવહીમાં કે જુદા કાગળ પર નોંધ કરી લેવામાં આવતી, પરંતુ એ નોંધ પરથી એ જ્યાં ધોવાયાં હોય એ દુકાનનો ચોક્કસ પત્તો ન મળી શકતો. સેંકડો દુકાનોનું એ જ નિશાન જણાતું. દા. ત. સઘળા ચીની ધોબીઓ છ શીર્ષના તારાનું નિશાન ઉપયોગમાં લેતા. પરંતુ એક દુકાનનો તારો મોટો હતો તો બીજીનો નાનો. એક દુકાન એના નિશાનમાં કાળી શાહીનો ઉપયોગ કરતી તો બીજી જાંબલી. કેટલીક સ્ટેમ્પનો ઉપયોગ કરતી તો કેટલીક પેન્સિલનો. આ રીતે એક જ નિશાનની દરેક દુકાનની છાપ તદ્દન જુદી હોવા છતાં અભ્યાસ વિના તે એકસરખી જ લાગે. વળી દરેક દુકાનનાં નિશાન કરવાનાં સ્થાનો પણ જુદાં જુદાં રહેતાં. કોઈ અંદરના ભાગમાં બાંય પર નિશાન કરતી તો કોઈ કૉલર પર.

યુલ્ચે આ બધા ભેદપ્રભેદોના અભ્યાસ બાદ એને લગતું ખાસ ખાતું ખોલવાની રજા માગી અને પોલિસ કમિશનરે તેને એક અખતરા તરીકે તેમ કરવાની રજા આપી. યુલ્ચે એ કામ માથે લીધું ત્યારે એની ઉંમર ૫૨ વર્ષની હતી. એણે ધોબીદુકાનોની જ નહિ પણ ખાનગી ધોલાઈ કરનારાઓની પણ મુલાકાત લઈ એમનાં ધોબીનિશાન એકઠાં કરવા માંડયાં. માત્ર એક વાર એમને સંદેહ ઉપજેલો અને તે એનાં પોતાનાં કપડાંની બાબતમાં. શરૂઆતમાં જ પોતાનાં ધોવાઈ આવેલાં કપડાં એણે તપાસી જોતાં એ પર ધોલાઈનું કશું નિશાન જ ન મળે! કપડાં ઉથલાવી ઉથલાવીને જોયા છતાં નિશાન ન દેખાતાં એ પોતાના ધોબીને ત્યાં ઊપડયો, અને ધોલાઈનું નિશાન ન મૂકીને એ કાયદાનો ભંગ કેમ કરતો હતો એ પૂછ્યું. ધોબીએ જવાબ ન દેતાં દીવાની ચાંપ દાબી એક કપડું તેના પ્રકાશ નીચે ધર્યું કે તરત નિશાન પાધરું થયું. એ એક જાતની અદૃશ્ય શાહી નિશાન માટે વાપરતો જે વાદળી રંગના ગોળાના પ્રકાશમાં જ દૃશ્યમાન થતી. આ શાહીથી એને બેવડો લાભ હતો: એક તો પોતાનાં કપડાં પર ધોલાઈનાં નિશાન ચિતરાવવા દેવાને નાખુશ ઘરાકોનું મન આ અદૃશ્ય નિશાનોથી સચવાતું, અને બીજું, કોઈ ઘરાક પોતાનું નવું નવું કપડું ફાડી નાખ્યાની ફરિયાદ કરતું આવે તો તરત એ કપડું પ્રકાશ નીચે ધરીને એ કેટલી વાર ધોવાઈ ચૂક્યું હતું એની ઘરાકને ખાતરી કરાવી શકાતી. વાદળી રંગના ગોળામાંથી આવતો પ્રકાશ એ 'અલ્ટ્રાવાયોલેટ' કિરણોનો હતો.

આ બનાવ પછી તે ધોબીનિશાન માટેની શાહી બનાવનારાઓને ત્યાં પહોંચ્યો અને તેમના બધા ઘરાકોની યાદી તેમની પાસેથી મેળવી લીધી. શાહીની બનાવટ પર એક સૂચક અંક કે ચિહ્ન મૂકવામાં આવતું અને આ અદૃશ્ય અંક કે ચિહ્ન પરથી એ શાહી વાપરનાર ધોબીનો પત્તો મળી રહે તેમ હતું.

થોડાક મહિનામાં જ યુલ્ચે સંખ્યાબંધ ધોબીનાં નિશાનો એકઠાં કર્યાં અને પછી તેમની તારવણી કરી તે ક્રમવાર ગોઠવ્યાં. એની પાસે પહેલો પોલીસકેસ ન્યૂયૉર્કના એક ધાડપાડુ મૉરિસ કટલરનો આવેલો. એ કેસની તપાસમાં રોકાએલા એક અમલદારે યુલ્ચની પ્રવૃત્તિ વિષે સાંભળેલું એટલે તેના પર ફોન કર્યો. પોલીસે આંગળાંની છાપ પરથી મજકૂર ધાડપાડુ કટલર જ હોવાનું નક્કી કરેલું, પરંતુ પકડાએલો શખ્સ પોતે એ હોવાનો ઇન્કાર કરતો અને વધુ પ્રશ્નોના જવાબ આપવાને બદલે માત્ર ઘૂરકયા કરતો. યુલ્ચે એ શખ્સ જે જાકીટ પહેરતો હતો એ પોતાને મોકલી આપવા લખ્યું. જાકીટ આવતાં એ પરનું ધોબીનિશાન તપાસી એ મોટેથી બોલ્યો, 'પૂછડાવાળો ડચ એફ, હં!' અને પછી પોતાની યાદીમાંથી એ નિશાન શોધી કાઢયું. અંગ્રેજીના ઊંધા 'એફ' અક્ષરને ધોબીઓ 'ડચ એફ' તરીકે ઓળખે છે અને નિશાન પરની લંબાવેલી લીટીને 'પૂછડા' તરીકે. યુલ્ચ એ નિશાન વાપરતી ધોબીદુકાને પહોંચ્યો તો દુકાનમાલિકે જણાવ્યું કે પોતે એ શખ્સનું નામ નહોતો જાણતો, પણ એ કયાં રહે છે તે જાણતો હતો. એની પાસેથી સરનામું લઈને પોલીસ સાથે યુલ્ચ એક મકાનના પાંચમા મજલે પહોંચ્યો. જો કે એ ત્યાં કટલરના નામે રહેતો ન હોઇને પોલીસને વિશ્વાસ નહોતો બેસતો, પરંતુ એના કમરાની ઝડતી લેતાં અંદરથી ઢગલાબંધ ચોરાએલી વસ્તુઓ મળી આવતાં પોલીસને ખાતરી થઇ.

આ કેસમાં સફળતા મળ્યા પછી યુલ્ચની પદ્ધતિ ગુનાઓની શોધ માટે પ્રમાણભૂત ગણાઈ અને દેશના જુદાજુદા ભાગમાંથી યુલ્ચ પર મદદ માટે માગણીઓ આવવા લાગી. એણે ન્યુ જર્સી, કનેકટીવ, માસાચુસેટ્સ પેનેસિલવાનિયા ને વર્જિનિયામાં પણ ન્યૂ યૉર્કના જેવાં 'લૉન્ડ્રી માર્ક આઈડેન્ટીફિકેશન બ્યૂરો' ખોલવામાં તે તે રાજ્યની પોલીસને કીમતી સહાય કરી, જ્યારે કેનેડાની પ્રસિદ્ધ 'રૉયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ' તથા સ્કૉટલેન્ડના ગ્લાસગો શહેરની પોલીસે પણ યુલ્ચની પદ્ધતિ પોતાને ત્યાં દાખલ કરી.

યુલ્ચની પદ્ધતિની ખૂબી એ છે કે કોઈ પણ ગુનેગારને લગતી માહિતી, જો તેનાં કપડાં પરનું ધોબીનિશાન હાથ લાગ્યું હોય તો, સત્વર મેળવી શકાય છે. એ નિશાન પછી અક્ષરોનું હોય, આંકડાનું હોય કે કોઇ ખાસ ચિહ્નોનું હોય. 'લૉન્ડી માર્ક ડિટેકટીવ' તરીકે તેને ન્યૂ યૉર્ક વિસ્તારની સઘળી મુખ્ય ધોબીદુકાનોનાં ચિહ્ન મોઢે થઈ ગયેલાં. પોતે વિકસાવેલી આ પદ્ધતિને આધારે એણે અનેક ધાડ, ખૂન વગેરેના અપરાધીઓનો પત્તો મેળવી આપેલો છે, ધોબીને ત્યાં ધોવાએલાં કપડાં ત્યાર પછી વારંવાર હાથે ધોવાતાં તે પરનાં નિશાન તદ્દન ઝાંખાં પડી જાય છે, પરંતુ ખાસ બનાવટના ઈન્ફ્રારેડ કેમેરા પર તેનો ફોટોગ્રાફ લેતાં નેગેટિવમાં એ સ્પષ્ટ દેખાઇ આવે છે. ધોબીનિશાન પરથી તો એણે ૧૯૪૨ માં નાઝી સબમરીનમાંથી લૉંગ આઈલૅન્ડ પર ઉતારવામાં આવેલા ભાંગફોડિયાઓનો પત્તો મેળવી આપેલો. કિનારાના ચોકિયાતોને રેતીમાં દટાએલા શસ્ત્રસરંજામ સાથે એક બંડી પણ ત્યાં પડેલી મળી આવેલી. એ બંડી યુલ્ચ પર મોકલવામાં આવતાં તે એ પરના ધોબીનિશાન પરથી ન્યૂ યૉર્કના જર્મની લત્તા યૉર્કવિલામાં પહોંચ્યો અને આઠમાંના એક જાસૂસનો પત્તો શોધી કાઢયો. બાકીના સાતને ફેડરલ બ્યૂરોએ આ પછી શોધી કાઢયા. આ આઠ જાસૂસોમાંના છને ફાંસીએ લટકાવવામાં આવેલા.

અંતમાં, આ લેખના પ્રારંભે આપેલો કેસ જોઈએ. એ કેસમાંની વ્યક્તિના ખમીસ પરનું ધોબીનિશાન હતું ૭૯-૦૯૮૭. એ નિશાનમાંનો ૭૯નો આંકડો છાપેલો હતો જ્યારે બીજો આંકડો શાહી વડે લખવામાં આવેલો. યુલ્ચે છાપમાંના આંકડાનાં બીબાં પરથી તરત શોધી કાઢયું કે આવું 'નંબરિંગ મશીન' કઈ લૉન્ડ્રી વાપરતી હતી. આ લૉન્ડ્રી અનેક દુકાનો ધરાવતી જેમાંની મિન્કોલા મુકામેની ૭૯ મા નંબરની દુકાનનો આંકડો મજકૂર નિશાનમાં છાપવામાં આવેલો, જ્યારે હાથે લખેલા આકડાં એ ઘરાકને આપવામાં આવેલી પહોંચનો અનુક્રમાંક સૂચવતા હતા. અનુવાદક: **કુ. જયબાળા ગજ્જર**

સમસ્ત શરીર ઉપર ફેલાએલા **સ્પર્શ** અને **વેદના**ના જ્ઞાનની નવી જ વાતો કહેતી

'કાયાની કરામત'ની લેખમાળાનો ૩૧મો મણકો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દર્શન, શ્રવણ, ગંધ, સ્વાદ અને સ્પર્શ-આ પાંચ પ્રકારનાં ઇન્દ્રિય-જ્ઞાન (senses) જૂના જમાનાથી જાણીતાં છે; પણ છેલ્લા સૈકામાં કેટલાક શરીરવિજ્ઞાનશાસ્ત્રીઓ(જેમાંના બે મુખ્ય બ્રિટિશ વિજ્ઞાનીઓનાં નામ વુલાર્ડ અને વૅડેલ છે)ના અભ્યાસના પરિણામે નક્કી થયું છે કે એકલી ચામડી દ્વારા જ સ્પર્શ, દબાણ, ઠંડી, ગરમી ને વેદના એ પાંચ પ્રકારનાં વિશિષ્ટ ઇન્દ્રિયજ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત પણ બીજાં બે ઇન્દ્રિયજ્ઞાન છે: (૧) અંદરના કાન દ્વારા થતું ઊભવાનું, પડવાનું કે ગોળ ફરવાનું જ્ઞાન; અને (૨) માંસ-પેશીઓ, સંધિબંધનો તથા સાંધાઓ વતી થતાં આપણા શરીરનાં અન્ય હલનચલન તથા અંગસ્થિતિનાં જ્ઞાન.


પણ બીજાં બધાં ઇન્દ્રિયજ્ઞાન તો અમુક એક જ નાની જગ્યા ઉપર નિશ્ચિત છે. પણ 'સ્પર્શ' જ્ઞાનનું તેમ નથી. તે શરીર સમસ્તના મોટા વિસ્તાર ઉપર ફેલાએલું છે. પણ તે ફક્ત ચામડી ઉપર જ મર્યાદિત છે. શરીરના અંદરના ભાગોમાં આ જ્ઞાન નથી. અને એ સહેતુક પણ છે. નહિ તો શ્વાસોચ્છ્વાસ વખતે ફેફસાંનું પાંસળીઓના પિંજરના અંદરના ભાગો ઉપર થતું ઘર્ષણ, અને આંતરડાંને અડકેલી હોજરીની વલોણાની ક્રિયા આપણને કેવી લાગણીઓ ઉપજાવત?!

એમ તો આપણા શરીરના બધા ભાગો ઉપર સવેદનતંતુઓ (Sensory Nerves) પથરાએલા છે, જે થોડા અંશે સ્પર્શનું જ્ઞાન તો આપણને આપે છે જ; પણ સ્પર્શનું યથાર્થ અને નાજુક જ્ઞાન તો જ્ઞાનતંતુઓના છેડા ઉપર આવેલાં વિશિષ્ટ અંગો (organs=ગ્રાહકો) જ આપે છે. આ અંગો અનુસાર (૧) સ્પર્શ (૨) દબાણ અને (૩·૪) ઠંડી તથા ઉષ્ણતામાન એમ ચાર પ્રકારનાં જ્ઞાન થાય છે. અને એ ચારે જ્ઞાન અમુક હદથી જ્યાદે થતાં પાંચમું વેદનાનું જ્ઞાન અનુભવાય છે. ચામડી દ્વારા થતાં આ પાંચ ઇન્દ્રિયજ્ઞાન શરીર-ફલકના નાના-નાના ભાગો પર વેરણછેરણ ને અનિયમિતપણે પથરાએલાં છે.

આ સ્પર્શજ્ઞાન આપનારા જ્ઞાનતંતુઓ આપણી ચામડીમાં ઘણે ઊંડે આવેલા છે, અને તેની અતિ સૂક્ષ્મ શાખાઓ છેક બાહ્ય ત્વચાના અંદરના પડ સુધી પથરાએલી છે. એ 'સ્પર્શજ્ઞાન ગ્રાહકો' બે પ્રકારના છે: એક તો સ્પર્શકણો (touch-corpuscles) ને બીજા સ્પર્શ ગોલકો (end bulbs) 'સ્પર્શકણો' હથેળી બાજુના હાથ તથા આંગળાં, પગ, સ્તનની ડીંટડી, હોઠ, પોપચાં અને જનનેન્દ્રિયના અવયવો ઉપર પથરાએલા છે; જ્યારે સ્પર્શગોલકો ચામડીમાં નહિ પણ આંતરત્વચામાં—નેત્રાવરણ, જીભ, ગુદામાર્ગ વગેરેમાં આવેલા છે. ત્રીજો એક કણોનો પ્રકાર વાળના મૂળ પાસે ગોઠવાએલો છે જે વાળ વાંકા વળવાનું જ્ઞાન આપે છે.

સ્પર્શકણો સાથે જોડાએલા જ્ઞાનતંતુઓ મગજમાં સંદેશાઓ લઈ જાય છે, જ્યાં આપણને ચામડી ઉપર થતી સંવેદનાઓનું જ્ઞાન થાય છે. જ્ઞાનતંતુ જાતે તો કશું જ્ઞાન આપી શકે એમ છે જ નહિ. એને સીધા અડકવામાં આવે તો માત્ર વેદના જ થાય. પણ જ્ઞાનતંતુઓના છેડાઓ ઉપર આવેલા સ્પર્શકણો અને ગોલકો ચામડી ઉપર થતા સ્પર્શની વિવિધ સંવેદના સ્વીકારે છે અને જ્ઞાનતંતુઓ તેના એ વિવિધ પ્રકારને મગજમાં વહી જાય છે, જ્યાં સ્પર્શકેન્દ્રમાં એ જુદીજુદી સંવેદનાને પારખીને તેનો ખરો અર્થ ઘટાવાય છે આ રીતે આપણને દબાણ, ઠંડી, ગરમી, વેદના વગેરેનું નાનાવિધ સ્પર્શજ્ઞાન થાય છે.

શરીરના જે ભાગો ઉપર સ્પર્શજ્ઞાન ત્વરાથી વરતાય છે ત્યાં બાહ્ય ત્વચા પાતળી અને લોહિયાળ (vascular) હોય છે. સ્પર્શજ્ઞાનની તીવ્રતાનો આધાર ચામડીની સપાટી ઉપરના લોહીના ફરવા ઉપર અવલંબે છે, અને તે વળી મોટા ભાગે વાતાવરણના ઉષ્ણામાનની અસર નીચે રહે છે. આપણી એડીની ચામડી જાડી છે, તો ત્યાં સ્પર્શજ્ઞાન મંદ છે. પણ ત્યાંથી યે જ્યારે બાહ્ય ત્વચા નીકળી જઈ આંતર ત્વચા ખુલ્લી થઈ હોય ત્યારે સ્પર્શજ્ઞાનને બદલે વેદના અનુભવાય છે.



ચામડી ઉપર થતા સ્પર્શની સંવેદનાના ખબર મગજમાં તો જ્ઞાનતંતુઓ જ પહોંચાડે છે, પણ તેનું યથાર્થ અને નાજુક જ્ઞાન તો જ્ઞાનતંતુઓના છેડા ઉપર આવેલાં તેનાં વિશિષ્ટ અંગો (ગ્રાહકો) જ આપે છે. બાહ્ય ત્વચાના અંદરના પડ સુધી પથરાઈ ચામડી પર થતી વિવિધ સંવેદના સ્વીકારતા એ અતિસૂક્ષ્મ 'ગ્રાહકો'ને અહીં આ આકૃતિમાં અતિવિપુલ કરી દર્શાવ્યાં છે. ડાબી બાજુથી પહેલું વેદનાગ્રાહક, બીજું શીતગ્રાહક, ત્રીજું ઉષ્ણતાગ્રાહક તથા છેલ્લું દબાણ કે સ્પર્શગ્રાહક છે.



થોડો વખત તમે તમારો જમણો હાથ ગરમ પાણીમાં અને ડાબો હાથ ટાઢા પાણીમાં બોળી રાખીને પછી એ બંને હાથને નવશેકા પાણીમાં એક સાથે બોળશો તો જમણા હાથને એ પાણી ઠંડું અને ડાબાને હાથને તે જ પાણી ગરમ લાગશે. આ ભ્રાંતિનું કારણ ચામડીના ધોરણ અનુસાર હોય છે, અને ચામડીનું પોતાનું ઉષ્ણતામાન પણ લોહીના વ્યાપાર પર અવલંબતું હોઈ તેની ઉષ્ણતા પારખવાની શક્તિ પણ એ અનુસાર અવારનવાર બદલાતી રહે છે.

સ્પર્શજ્ઞાનની તીવ્રતાની માત્રા જાણવા માટે આંખો બંધ રાખીને કંપાસના બે છેડા પહોળા રાખી શરીરના જુદાજુદા ભાગો ઉપર ફેરવો. કંપાસના છેડા પહોળા રાખતાં જે જે સ્થળે એ બે છેડા અડક્યાથી તેમની વચ્ચેના અંતરનું સ્પષ્ટ જ્ઞાન થાય ત્યાં ત્યાં સ્પર્શજ્ઞાનની એટલા પ્રમાણમાં તીવ્રતા સમજવાની છે. એટલે કે આપણા શરીરના જે ભાગો ઉપર છેક પાસેમાં પાસે રાખેલા બે છેડા પણ બે નોખાં નોખાં બિંદુઓનું સ્પર્શજ્ઞાન કરાવે ત્યાં સ્પર્શજ્ઞાન અધિકતર હોવાનું સમજવું. (જુઓ સામેના પાના પરની આકૃતિ)

આ પ્રમાણે પ્રયોગો કરીને નીચે દર્શાવેલા ક્રમાંક પ્રમાણે શરીરના ભાગો ઉપર સ્પર્શજ્ઞાનની તીવ્રતા નક્કી થઇ છે. એમાં સૌથી પ્રથમ આવે છે (૧) જીભનું ટેરવું ને તર્જની આંગળી; તે પછી (૨) આંગળીનાં હથેળી બાજુનાં ટેરવાં ને ત્રીજો વેઢો; પછી (૩) બીજો વેઢો; (૪) હોઠની અંદરનો ભાગ; (૫) નાકનું ટેરવું; (૬) હથેળી; (૭) હાથનો પાછલો ભાગ; (૮) નિતંબ; (૯) બોચી; (૧૦) જાંઘનો મધ્ય ભાગ અને છેલ્લામાં છેલ્લી (૧૧) પીઠ. અહીં કંપાસના બે છેડાઓ વચ્ચે અઢી ઇંચનું અંતર રાખવામાં આવે ત્યારે જ તેના બંને છેડા ચામડીને અડક્યાનું જ્ઞાન થાય છે. આ અંતર જીભના ટેરવા માટે ફક્ત ૧/૨૪ ઈંચ; આંગળીનાં ટેરવાં ઉપર ૧/૧૨ ઇંચ અને નાકના ટેરવા ઉપર ૧/૪ ઇંચ જેટલું છે.

ટેરવાં અને હોઠ જેવાં અંગો ઉપર સ્પર્શકણો ખીચોખીચ આવેલા હોવાથી સ્પર્શના કોઇ પણ બિંદુ ઉપરથી સ્પર્શજ્ઞાન ત્વરાથી થાય છે. જ્યારે પીઠ અને જાંઘ ઉપર સ્પર્શકણો છૂટાછવાયા ગોઠવાએલા હોવાથી ત્યાં સ્પર્શજ્ઞાન મંદ હોય છે.

પણ મહાવરાથી સ્પર્શજ્ઞાનની આ તીવ્રતા અતિ ગણી વધારી શકાય છે. અંધો આ બાબતમાં દાખલારૂપ છે. તેઓ સતત પ્રયાસના પરિણામે ઉપસેલા અક્ષરો આંગળીનાં ટેરવાંના સ્પર્શથી સહેલાઈથી વાંચી શકે છે. અંધો માટેની લૂઇ બ્રેલની એ લિપિમાં જાડા કાગળમાં ઉપસાવેલાં વિવિધ કાણાં આંગળીના સ્પર્શ વડે ઓળખવાનાં હોય છે. એકએક અક્ષર માટે ત્રણત્રણની હારવાળાં એકંદર છ સ્થાનો હોય છે. આ છ સ્થાનોમાંથી ફક્ત ઉપસેલાં સ્થાનો આંગળાં વડે 'જોઇ' એ આંધળા માણસો પુસ્તકો વાંચી શકે છે.

સ્પર્શના સ્થાન વિષે તો આપણે અનુભવથી શીખીએ છીએ. મચ્છર કરડતાં નાનું બાળક રડે છે ખરું, પણ તે મચ્છર ઉડાડી શકતું નથી, કારણ કે તેને મોટા બાળકની જેમ દરદના ચોક્કસ સ્થાનનું જ્ઞાન થએલું નથી હોતું. સ્પર્શકણો સાથે જુદી જાતના બીજા જ્ઞાનતંતુઓ પણ જોડાએલા હોય છે. તેને લીધે સંવેદનાની 'માત્રા'ની સાથે તેના 'સ્થાન'નું પણ આપણને ચોક્કસ જ્ઞાન થાય છે. કશીક ઈજાથી જ્યારે જ્ઞાનતંતુ કપાયો કે કચરાયો હોય ત્યારે તે જ્ઞાનતંતુ ચામડીના જે ભાગમાં પથરાએલો હોય ત્યાં અઠવાડિયાં કે મહિના સુધી કશી સંવેદના થતી નથી. એ કપાએલો જ્ઞાનતંતુ ત્યાં ફરીથી 'ઊગે' ત્યાં સુધી આપણને ત્યાં સ્પર્શજ્ઞાન થતું તો હોય છે જ, પણ ચામડી તે સ્પર્શનું ચોક્કસ સ્થાન બતાવી શકતી નથી. આમ ચામડીમાંની જુદી જુદી જ્ઞાનની ઇન્દ્રિયોમાંથી સંદેશાઓ જ્ઞાનતંતુઓ દ્વારા મગજમાં જાય છે અને ત્યાં તેના અર્થ થવાથી આપણે જ્ઞાનવાન થઈએ છીએ. હવે જો હાથના ભાગનું જ્ઞાન ધરાવતો મગજનો ભાગ ઈજાથી નાશ પામે તો વ્યક્તિનું સ્પર્શજ્ઞાન તો જોકે કાયમ રહે, પણ હાથમાં કાંકરો છે કે દાડમ તે એનાથી કળી શકાય નહિ.

શરીરના જુદાજુદા ભાગોની આવી નોખી નોખી સ્પર્શજ્ઞાનની તીવ્રતાને લીધે ચામડી ઉપર અડકતાં બે બિંદુઓના અંતરના નિર્ણયમાં ભૂલ થવી સ્વાભાવિક છે. કંપાસના બે છેડા ગાલ કરતાં હોઠ ઉપર વધારે પહોળા મૂક્યા હોવાનો ભ્રમ થાય છે. આવી રીતે દાંતમાં પડેલા ખાડાનો કે દાંતમાં ભરાએલા શકતાનો જીભે કાઢેલો ક્યાસ પણ વધારેપડતો હોય છે.

સ્પર્શજ્ઞાન દ્વારા પદાર્થનાં કદ, આકાર ને બીજી બાબતોનો પણ મનને ખયાલ આપી શકાય છે. આ કામ સહેલાઈથી ને બરાબરરીતે થઈ શકે એ માટે તે એવા અંગમાં થાય છે કે જે સરળતાથી પદાર્થની બધી બાજુઓ ઉપર ફરી શકે. આ અંગ છે હાથ; તે ચત્તોઊંધો થવાથી, અંગૂઠો બીજી આંગળીઓ સામે આવતો હોવાથી, આંગળીઓના હલનચલનની છૂટ ને ટેરવાં ઉપરના તીવ્ર સ્પર્શજ્ઞાન—આ બધાના તેમાં રહેલા સુમેળથી પદાર્થને ગોળગોળ ફેરવીને તેના કદ અને આકારનો મનને સચોટ ખયાલ આપી શકાય છે. જોકે આ ખયાલ આંખ વતી જોયા જેટલો ચોક્કસ ને સંપૂર્ણ તો નથી જ હોતો.

સ્પર્શજ્ઞાન સાથે સંકળાએલી બીજી સ્વવૃત્તિજન્ય સંવેદનાઓ (Subjective Sensations) પણ છે. આ સંવેદનાઓ ગરમી, ઠંડી, ભાર કે થાક લાગવાં, ધ્રુજારી આવવી, સળવળાટ થવો, કીડીઓ ચાલવી, જ્ઞાનતંતુઓનું દરદ, ઊંઘ દરમિયાન ઉત્તેજિત થતી ગુહ્યાંગોની સ્થિતિ, વગેરે છે. આ બધી ક્રિયાઓ પાછળ મન કામ કરી રહેલું હોય છે. ઊબકો આવે એવા દૃશ્યનો વિચાર કરતાં આપણામાં ઊલટીની સંવેદના જાગ્રત થાય છે. એ જ રીતે વેદનાનો વિચાર કરતાંવેંત જ વેદનાના વલણવાળા ભાગમાં સાચોસાચ વેદના ઊપડે છે.

સ્પર્શ દ્વારા થતું બીજું જ્ઞાન ઉષ્ણામાનનું છે. આમ તો આપણા આખા શરીરની સપાટી ઓછાવત્તા અંશે ઉષ્ણામાનના ફેરફારો વરતી શકે છે; પણ આનું ચોક્કસ જ્ઞાન આપનારા ખાસ 'આઙકો' તો શરીરમાં છૂટાછવાયા જ વેરાએલા છે. ગરમી અને ઠંડીનું જ્ઞાન આપનારા જ્ઞાનતંતુઓના આ 'આઙકો' એમના શોધકો (રફિની અને ક્રાઉઝે)ના નામ ઉપરથી Organs of Ruffini અને Bulbs of Krause કહેવાય છે. વળી એ પણ જાણવા જેવું છે કે શરીરના અમુક થોડાથોડા ભાગો (patches)માં જ ગરમી અને ઠંડીનાં જ્ઞાન થાય છે. આવા ગરમી-ઠંડીના પટ્ટાઓ શોધવાનો અખતરો કરવા જેવો છે.

ખૂબીની વાત તો એ છે કે આ જ્ઞાન પણ પુષ્કળ ભ્રાંતિજનક છે. આપણને ગરમ કે ઠંડા પદાર્થનું જ્ઞાન ચામડીના ધોરણ અનુસાર થાય છે; પણ ખુદ ચામડીનું પોતાનું જ ઉષ્ણામાન એકસરખું ક્યાં

રહેતું હોય છે? એ તો ચામડીમાં ફરતા લોહીના વ્યાપાર (activity) અનુસાર કલાકે કલાકે બદલાતું રહે છે. આ કારણસર ઉષ્ણામાનનું આપણું જ્ઞાન પણ બદલાતું રહે એ સમજાય એવું છે.

દાખલા તરીકે જમણો હાથ ૪૦ અંશ ઉષ્ણામાન પાણીમાં બોળો ને ડાબો હાથ ૧૧૦ અંશ ઉષ્ણામાન પાણીમાં. પછી બંને હાથ ૮૦ અંશ ઉષ્ણામાન પાણીમાં મૂકો. તો આ પાણી જમણા હાથને ગરમ લાગશે ને ડાબા હાથને ટાઢું! (જુઓ સામેના પાના પરની આકૃતિ) સરખા ઉષ્ણામાનવાળા લાકડા અને ધાતુના ટુકડા બંને હાથમાં લો તો ધાતુ ઠંડી લાગશે, કારણ કે તે શરીરની ગરમી જલદીથી ચૂસી લે છે.

વળી ચામડીની જાડાઇ અનુસાર પણ ઉષ્ણામાનનું જ્ઞાન થાય છે. કોણીની ચામડી પાતળી હોવાથી ત્યાં ઉષ્ણામાન નાજુકાઇથી વર્તાય છે. અતિ થોડું કે અતિ વધારે ઉષ્ણામાન બળ્યાની સંવેદના એકસરખીરીતે ઉપજાવે છે. વળી ચામડીની જેટલી સપાટી ઉપર ઉષ્ણામાન લાગે તેટલા પ્રમાણમાં તેની અધિકતા સમજાય છે. આમ હોવાથી હાથથી સહ્યા જાય એવા ગરમ પાણીમાં આખું શરીર બોળવામાં આવે તો તે અસહ્ય લાગે છે. વળી એક આંગળી વતી પાણીની ગરમીનો કાઢેલો કયાસ આખા હાથ માટે વધારેપડતો નીવડે છે. સિરિંગોમાએલિયા (Syringomyelia) નામના રોગમાં વ્યક્તિની ગરમી-ઠંડીનું સ્પર્શજ્ઞાન નાશ પામે છે, જેને પરિણામે તેને દાઝ્યાનું કંઈ જ્ઞાન થતું નથી.

આ ઉપરાંત રોજિંદા જીવનમાં વારંવાર અનુભવાતું 'દબાણ' અને 'વજન'નું જ્ઞાન પણ સ્પર્શ વતી જ થાય છે. વજનનો આશરો કાઢવામાં બે જાતની સંવેદનાઓ કામ કરે છે: (૧) ચામડી ઉપરનું દબાણ અને (૨) 'મસલસેન્સ'. વજન ઊચકતાં અગાઉ વજનનો ચોક્કસ આશરો કાઢવાનું અને જ્ઞાનતંતુઓ ઉપર થનારી તેની અસરનું પ્રમાણ આંકવા આપણે શક્તિમાન છીએ. આ દરેક સંવેદનાનો ખયાલ આપણા મગજમાં સંઘરાતો હોય છે અને તે ઇચ્છામુજબ તાજો પણ કરી શકાય છે! આથી અગાઉ પદાર્થ ઊચકતાં જે વજન આપણને પડયું હોય તેના સંઘરાયેલા ખયાલની સાથે નવા ઊચકવાના પદાર્થના વજનની સરખામણી કરી લઇને આપણે તેના વજનનો આશરો કાઢી શકીએ છીએ.


વજન ઊચકતી વખતે આપણે દબાણની સંવેદના ભોગવીએ છીએ. આ જ્ઞાન આપનાર જ્ઞાનતંતુઓના ગ્રાહકોને પેસીનીઅન કણો (Paceinian Corpuseles) કહેવામાં આવે છે. સ્પર્શની જેમ આંગળીનાં ટેરવાં ઉપર આ જ્ઞાન અતિ સૂક્ષ્મતાથી વરતાય છે. દબાણનું જ્ઞાન થવામાં પેસીનીઅન કણો ઉપરાંત વજન ઊચકવામાં કામે લાગેલી માંસપેશીઓના જ્ઞાનતંતુના સંદેશાઓ પણ કામ કરતા હોવાનું મનાય છે. આ જ્ઞાનતંતુઓ વળી માંસપેશીઓને કામમાં પ્રેરતા જ્ઞાનતંતુઓ કરતાં જુદી જ જાતના હોય છે. આ જ જ્ઞાનતંતુઓના પ્રતાપે આપણામાં 'મસલસેન્સ'નું અદ્ભુત જ્ઞાન રહેલું છે. તેના વડે જ આપણા અંગોની સ્થિતિથી આપણે વાકેફ રહીએ છીએ; રમતગમતો, ટેનિસ કે નૃત્યમાં અંગાંગોની અવનવી સ્થિતિઓ કરતાં આપણે શીખીએ છીએ; અને અંધારામાં પણ કબાટ કે ટેબલના ખાનામાં મૂકેલી ચીજ શોધી શકીએ છીએ.

લોકોમોટર ઍટૅક્સીઆ (Locomoter Ataxia) કે ટેબીસ ડૉર્સાલિસ નામના રોગમાં આ વિશિષ્ટ જ્ઞાનતંતુઓ નષ્ટ થવાથી અંગોની સ્થિતિનું જ્ઞાન નાશ પામે છે. તેથી શરૂઆતમાં આંખો બંધ રાખીને ઊભા રહેતાં પડી જવાય છે અને આગળ જતાં પગ સામું જોયા વિના ચાલવું અસંભવિત બને છે.

આપણા શરીરના બધા ભાગોમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ (Microscopic) વેદનાધારકો કે નાડીઅગ્રો (Nerve Terminals) આવેલા છે, જેની ઉત્તેજના (stimulation) થતાં વેદનાનું જ્ઞાન થાય છે. આ વેદનાગ્રાહકોને જોડતા જ્ઞાનતંતુઓ કરોડરજ્જુ સાથે જોડાએલા છે, જ્યાંથી વેદના-તંતુઓ મગજના ઊર્મિ-મગજ (Thalamus) નામના ભાગમાં જાય છે.

ચામડીમાં થતી વેદના કરતાં શરીરની અંદરના અવયવોમાં થતી વેદના જુદી જ જાતની હોય છે. ચામડીની વેદના તીક્ષ્ણ—તેજ હોય છે, જ્યારે શરીરના અંદરના ભાગની વેદના મંદ પણ બેચેની ઉપજાવનારી છે. પહેલી વેદનાને લીધે આપણને ઈજાથી દૂર ખસી જવાની વૃત્તિ થાય છે, જ્યારે બીજી વેદના વખતે આપણું હલનચલન સ્થિર બને છે.

ચામડી ઉપરના અને અંદરના અવયવોના વેદનાગ્રાહકો કંઈ જુદી જાતના નથી હોતા; પણ તેમની વચ્ચે ફેર માત્ર એટલો જ છે કે ચામડીના વેદનાગ્રાહકો સાથે જોડાએલા જ્ઞાનતંતુ જાડા છે, જ્યારે અંદરના ભાગના વેદનાગ્રાહકોને જોડતા જ્ઞાનતંતુઓ પાતળા છે. એ જ્ઞાનતંતુની જાડાઈ અનુસાર તંતુવાહના વહનની ઝડપ રહે છે. એટલે ઉપર દર્શાવેલા ફેરના પરિણામે અંદરના ભાગોના કરતાં ચામડીના વેદનાગ્રાહકોની સંવેદના મગજમાં ઝડપથી જાય છે. આંગળીના ટેરવાગાં ટાંકણી ઘોંચતાં બે જાતની વેદનાઓ અનુભવાય છે: એક તો ટાંકણી ભોંકાતાવેંતનું તીક્ષ્ણ દરદ અને પા સેકન્ડ બાદ



સ્પર્શની સંવેદના ઝીલતા જ્ઞાનતંતુઓ તો સમગ્ર શરીર ઉપર ફેલાએલા છે, પણ દરેક અંગ પર તેની તીવ્રતા ઓછીવધતી હોય છે. આંખો બંધ કરી પહોળા કરેલા કંપાસના બે અણિયાળા છેડા શરીર પર અડાડતાં જ્યાં બે છેડા વચ્ચેના અંતરનું જ્ઞાન સ્પષ્ટ થાય ત્યાં તે કંપાસની પહોળાઈના પ્રમાણમાં એ તીવ્રતા સમજવી. એ છેડાઓ વચ્ચેનું અંતર જેમ ઓછું તેમ એ તીવ્રતા વધુ. અહીં આકૃતિમાં કેટલાંક અંગો પર તે તે સ્થળની સ્પર્શજ્ઞાનની તીવ્રતાના પ્રમાણમાં કંપાસનાં પાંખિયાં ઓછાવત્તાં પહોળાં કરી તે પ્રમાણ દર્શાવ્યું છે.

રહસ્યકથા-શ્રેણી [૫] ઉજાણી

એકવાર ઇન્સ્પેક્ટર દીક્ષિત સાથે શહેરથી થોડે દૂર નદી-કિનારે હું ફરવા નીકળેલો. મને કુદરતનાં દૃશ્યો જોવાનો શોખ હોઈ, નદીનું રમણીય દર્શન કરાવતી એક નાનીસરખી ઝાડી પાસે હું પહોંચ્યો. ત્યાં પહોંચતાં જે દૃશ્ય મારી નજરે પડયું તેથી હું આશ્ચર્યમાં પડી ગયો અને તરત શ્રી દીક્ષિતને ત્યાં બોલાવ્યા.

એક વિશાળ વૃક્ષની છાયામાં ઉજાણી ગોઠવાઈ હતી, પરંતુ એકે જમનારો દેખાતો નહોતો. પાંચ ભાણાં મંડાએલાં હતાં ચાર ભાણાંમાં પડિયામાં શાક પીરસાએલું; પણ પાંચમા ભાણામાં શાક નહોતું. બીજી બધી વાનીઓ ચાર ભાણામાં સરખી હતી, પણ પાંચમા ભાણામાં થોડા પ્રમાણમાં હતી. પાંચમા ભાણા પાસે દૂધનું ભરેલું એક શકોરું પડેલું, ત્યારે ચારભાણાં પાસે કેટલાંક ખાલી શકોરાં પડયાં હતાં. બે બ્રેડમાં કાપા પાડવામાં આવેલા, પરંતુ ત્રીજી બ્રેડ આખી જ હતી. છતાં નવાઇની વાત એ હતી કે માખણના પડીકામાંનું માખણ ઘણુંખરું ખલાસ થઈ ગએલું!

મને તો આ પડતી મુકાએલી ઉજાણીનું કોઈ કારણ મનમાં બેસતું નહોતું. 'કદાચ કોઈ જાનવરની બીકે તો બધાં નાસી નહિ છૂટયાં હોયને?' મેં ઇન્સ્પેક્ટર દીક્ષિતને સવાલ કર્યો.

'જંગલી જાનવર તો અહીં હોય જ નહિને? બહુ બહુ તો ગાય, ભેંસ કે આખલો કદાચ હોય. અને એમાંનું કોઈ જાનવર વીફરીને ધસી આવ્યું હોય તો બધાં આમ સાવ ગૂમ ન થઇ જાય. આડાંઅવળાં થઈ જઈને ભય દૂર થયા પછી પાછાં આવી પહોંચે. અહીં તો નજર પહોંચે છે ત્યાં સુધી કોઈનો પડછાયો યે નથી દેખાતો.'

'તો પછી તમારી અવલોકનશક્તિ કામે લગાડો' મેં કહ્યું.

'મેં તો લગાડી જ છે, અને એનું કારણે શોધી કાઢયું છે'.

દીક્ષિતના કહેવાથી હું થોડાં ડગલાં ચાલી તેમની પાસે પહોંચતાં તેમણે ઘાસવાળી ભોંય તરફ આંગળી ચીંધી. ત્યાં થોડીક ફ્રીડીઓ વળેલી અને ચાના કૂચા વેરાએલા પડયા હતા.

'આ તો એ લોકો ચા પીધા વિના જ નાસી છૂટયાનું સૂચવે છે. પેલાં શકોરાં વગર વપરાએલાં જ પડયાં રહ્યાં છે ને?'

'એ તો કોઇ પણ કહી શકે. પરંતુ એ લોકો શા માટે ઉજાણી એકાએક પડતી મૂકી રવાના થયા તેનું કારણ એમાંથી મળી રહે છે.'

અને ઇન્સ્પેક્ટર દીક્ષિતે મને જે કારણ દર્શાવ્યું તે તરત મારે ગળે ઊતરી ગયું. મને એ પહેલાં કેમ ન સમજાયું એનું જ મને આશ્ચર્ય થયું. તમને પણ કદાચ અમારી વાતચીત પરથી અને ઉજાણીના દૃશ્યના વર્ણન પરથી એ કારણ સમજાઇ ગયું હશે. કહો જોઇએ, કયા કારણે એ ઉજાણી પડતી મૂકવામાં આવેલી? (ઉત્તર નીચે છાપ્યો છે.)

ઉજાણી માટે આવેલાં પાંચ જણમાં એક બાળક હતું અને તેના દાઝી જવાથી તે પડતી મૂકવામાં આવેલી. ચાર ભાણાંની વાનીઓ કરતાં પાંચમા ભાણામાં થોડી થોડી વાનીઓ પીરસાએલી, ઉપરાંત પાંચમા ભાણા પાસે દૂધનું શકોરું મૂકવામાં આવેલું. એ દર્શાવે છે કે પાંચમી વ્યક્તિ એક બાળક હતું અને એના માટે દૂધ જુદું કાઢી બાકીના દૂધની ચા બનાવવામાં આવેલી. ચા પીધા વિના જ ઢોળી દેવામાં આવેલી એ પરથી ચા બનતી વખતે કંઇક અકસ્માત નડયો હોવાથી અનુમાની શકાય. ચા બનતી વખતે બાળકે સળેકડાથી કે બીજી કોઈ રીતે સ્ટવ સાથે અડપલું કર્યું હોય અને એથી કપડું સળગતાં દાઝી ગયું હોય. દાઝવાના આ અનુમાનને માખણનું પડીકું પુષ્ટિ આપતું હતું. એમાંનું માખણ, બ્રેડ એમ ને એમ રહેવા દઈ, હાથ વડે લચકા ને લચકા લઈ બાળકના દાઝેલા ભાગ પર તાત્કાલિક રાહત માટે ચોપડવામાં આવ્યું હશે અને પછી ભાણાને હાથ પણ અડાડયા વિના તરત એ બધાં બાળકની દાકતરી સારવાર માટે રવાના થઈ ગયાં હશે એમ સમજી શકાય.

રગસરગસે થતી (Protracted) બીજી ઘોંચની વેદના.

જ્યાં સ્પર્શજ્ઞાનની તીવ્રતા અધિક છે, ત્યાં વેદનાગ્રાહકોનું કદ નાનું પણ જ્ઞાનતંતુઓની સંખ્યા વધારે હોય છે. વળી જાણવામાં આવ્યું છે કે વેદનાગ્રાહકો એકબીજા સાથે જોડાએલાં હોવાથી એકીસાથે બબ્બે જ્ઞાનતંતુઓ કામે લાગી પડે છે.

વેદનાના તો ઘણા પ્રકાર છે: જેવા કે ભોંકાવું, કાપવું, લાહ્યબળવું, કોરવું, સણકા મારવું, સારવું, ખેંચવું વગેરે વગેરે. આના કારણમાં એકીસાથે થતી બીજી સંવેદનાઓનું પણ મિશ્રણ હોય છે.

ચામડી દ્વારા થતી વેદનાનો હેતુ સકારણ છે. એના વતી ઇજાની ઝડપી અને તાત્કાલિક જાણ થાય છે. જો આ જ્ઞાન ના હોત તો કઠણ અને ખૂણાપડતા પદાર્થોથી ભરપૂર એવી દુનિયામાં માનવી આસાની અને સહીસલામતીથી ફરી ન શકત. જુઓને, ટેબીસ ડૉર્સાલિસ રોગમાં દરદીનું આ જ્ઞાન નાશ પામવાને પરિણામે એના સાંધા ઉપર ઉપરાઉપરી ઇજાઓ થવાથી અધિક વેદનાભરી દુર્દશા આવી પડે છે. (Charcot Joint).

શરીરના અંદરના ભાગોની વેદના મોટાભાગે રોગને લીધે હોય છે. આનો હેતુ શો હશે? જોકે આ હજી સુધી પૂરેપૂરું સમજાયું નથી, પણ રોગવાળા ભાગને આરામ મળે એ વેદનાનો હેતુ હોવાનું હિલ્ટન (૧૮૬૫) માને છે. જ્યારે ટ્રૉટર કહે છે કે શરીરના અવયવો અને રોગ અંગેની વેદનાની ઘટના જડ, ઢંગધડા વગરની અને નિષ્ક્રિય (Crude ill-adapted and functionless) છે. આ શું ખરું હશે? જુઓને ભયંકર અને પ્રાણહર કેન્સર રોગની શરૂઆતમાં નથી હોતી જરા પણ વેદના કે નથી હોતી કશી બેચેની. આથી તો આ રોગ થવાથી આપણને જરાપણ જાણ થતી નથી. જ્યારે રોગ વધીને ઉગ્ર અને અસાધ્ય રૂપ પકડે છે ત્યાર પછી જ અસહ્ય વેદના ઉપડે છે. જે ફક્ત દરદીની રિબામણીમાં વધારો કરનારી નિવડે છે.

જરા વિચાર કરતાં સ્પષ્ટ થશે કે આપણું દરેક વિશિષ્ટ જ્ઞાન એ સ્પર્શનું જ અતિ સૂક્ષ્મ રૂપ છે. આંખના કોષો ઉપર પ્રકાશનાં કિરણોનો, કાનમાં હવાનાં મોજાંના તરંગોનો અને નાકના કોષોમાં સુગંધિત પદાર્થના અદૃશ્ય કણોનો વિશિષ્ટ પ્રકારનો સ્પર્શ થતો હોય છે, અને ચામડી દ્વારા થતા દરેક જ્ઞાનમાં તો સ્પર્શ જ મૂળમાં હોય છે.

'સ્પર્શજ્ઞાન' અને 'વેદના' વચ્ચે ફેર માત્ર એટલો જ છે કે વેદનાતંતુઓ ચિત્તક્ષોભ(Emotion-ભાવના)ના તંતુઓ સાથે ગાઢરીતે જોડાઇને સ્પર્શ કરતાં જુદા જ માર્ગે મગજમાં જાય છે. આ અસરને લીધે વેદનાના ઇન્દ્રિયજ્ઞાનની માત્રા અધિક રહેતી હશે?

વેદના સાથે શરીરના અવયવોની અસ્પષ્ટ ને મોઘમ સંવેદનાઓ પણ સંકળાએલી છે. જેવી કે ભૂખ ને તરસ. પહેલીનું કારણ હોજરીનું સંકોચન છે; જ્યારે ઓછા થૂંકને લીધે ગળું જીભ ને મોં સૂકાવાથી તરસ લાગે છે. આ ઉપરાંત બીજી અનેક અવ્યક્ત સંવેદનાઓ આપણી જાણ બહાર શરીરના જુદાજુદા (અનુ. પૃ. ૧૪૩મે)



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

પણ કોઇ પૂછશે, મંડળના સેવગાંઠિયા ક્યાંથી નીકળતા હતા? સેવગાંઠિયા શું, અમ તો સારાં વર્ષોમાં મહિને સરેરાશ એક જમણ તો અમે જમ્યા જ છીએ. તે કદી વિલિંગડન કે સી. સી. આઇ. યા રેડિયો ક્લબમાં હોય; યા ફેલોશિપ નિશાળ કે ગૅાર્ડન સ્કૂલના હૉલ ચોગાનમાં પાકી રસોઈમાં હોય, પણ દસ વર્ષે સો જમણ તો રાશ તો જરૂર આવે વળી એ પ્રસંગે તો લગભગ બધા જ હાજર હોય, અને ખાસ્સા બેત્રણ કલાક કેમ નીકળી જાય એની ખબર પણ ન પડે.

ગોલ્ડ સ્ટાન્ડર્ડ કે ઑફ માર્કુસ, ડીવૅલ્યુએશન કે ઇવૅલ્યુએશન, ઈન્ફ્લેશન કે આઉટફ્લેશન, કોઈ પણ કાળે મંડળે નાણાંકીય તંગી અનુભવી નથી. તબક્કે તબક્કે જોઈતું નાણું મોટે ભાગે તો દંડ ફંડમાંથી જ મેળવવાનું રહેતું. એકાદ સદ્ધર આસામી ત્રણ કે ચાર વખત લાગ-લાગટ ગેરહાજર રહે કે બધા જ એની પાસેથી જમણનો દંડ લેવા ટાંપી રહે. એ નિર્ણયો ઘડીના છઠ્ઠા ભાગમાં—અરે એ પણ ઘડીના અઢી કલાક ગણીએ તો તો બહુ થઈ ગયા; એટલે ઘડીના છઠ્ઠા નહિ પણ પલકના પાંચમા ભાગમાં—લેવાતા, અનુમોદાતા, પસાર થતા અને તારીખ પણ નક્કી કરી નાખવામાં આવતી.

નક્કી તારીખ એટલે છઠ્ઠીનો લેખ. જમાડનાર હાજર હોય યા નહિ; જમણની ગોઠવણ તો થઇ જ જતી. પરંતુ કોઇ પણ કાળે ફાળો ત્રણ આંકડાથી વધારે ન જાય એવી સપાટી જાળવવાના બધા પ્રયાસો થતા; અને નહિ તો એકાદ સભામાં પાંચ-પચ્ચીસ ફગાવી લેતા. મંડળના બધા નિયમોનું અપમાન કરી, દુરાગ્રહપૂર્વક એટલાનો યે પૂરો હિસાબ રાખ્યો હોય તો તે રમણિક સુખડિયાએ. પણ હજી કોઈએ એ માગ્યો નથી, કોઈએ તપાસ્યો નથી; ક્યારે પણ કોઇએ કશી શંકા કરી નથી.

પણ પૈસાની વાત કરીએ છીએ ત્યારે એક નાણાંકીય જવાબદારી પણ સમજી લઇએ. વડોદરા પાસે ચાંદોદ નજીક માંડવા ગામમાં અમારા એક જૂના દોસ્ત મોતીસિંહજી મહિડા રહે. લખે થોડું પણ સાહિત્યનો શૅાખ બહુ. પણ એથી યે વધારે તો એને સાહિત્યકારો એકઠા કરવાનો શૅાખ. કોઈ દરબાર રેસના ઘોડા એકઠા કરે, તો કોઈ જૉકી; કોઇ ક્રિકેટ ઝૂડનારા, તો કોઈ કુશ્તીબાજો અથડાવનારા; કોઈ પિંજરે વાઘ પૂરે તો કોઇ જાતજાતના કૂતરાઓને લાડ લડાવે; એવા જમાના-માં આ જુવાનને સાહિત્યરસિકો પોતાને આંગણે નોતરી એમને સન્માનવાનો શૅાખ હતો. તે માટે કોઇને પણ માન થવું જોઈએ.

નાનાલાલથી માંડી ઉમાશંકર સુધીનાને એણે પોતાને આંગણે નિમંત્ર્યા હતા. અમે તો એમના પરિચયમાં લાડીમાં આવ્યા અને સારી દોસ્તી જામી; પણ અકાળે એમનું અવસાન થયું. એટલે એના

ભાઈ નરેન્દ્રસિંહ મહિડાએ અમારો સાથ સાધ્યો. છ ટકા લેખે છસો રૂપિયા વ્યાજના વર્ષના સૌથી ઉત્તમ પુસ્તક પ્રગટ કરનારને ભાઈના નામે પારિતોષિક આપવાની યોજના એણે અમારી આગળ રજૂ કરી ને અમે એ જવાબદારી ઉઠાવી લીધી. મંડળ નક્કી કરે તે મુનાસિબ, એ પસંદ કરે તે પુસ્તક, અને નરેન્દ્રસિંહ ભાઈ પ્રત્યેની લાગણીથી પ્રેરાઇ, બે પૈસા ઘસાઈ, શાનદાર મેળાવડો કરી એ ઈનામનો અર્પણ વિધિ સફળ બનાવવા જહેમત કરે.

સભા ગમે તે શહેરમાં ભરવી અને મંડળના નિર્ણયને માન આપવું. એમ થતાં નરેન્દ્રસિંહ પણ મંડળના આપોઆપ સભ્ય થઇ ગયા. દાખલ થવાના દંડ તરીકે બેત્રણ જમણો ઝાપટી લીધાં તે જુદાં.

વગર અરકચામતોના આ મંડળની પાસે આ ઈનામ એક જવાબ-દારી છે. મંડળની હોંશ એ ઇનામ હજારનું કરવાની છે. જોઈએ હવે એનો જોગ ક્યારેક ખાય છે તે.

એવામાં એક પ્રસંગે—૧૯૩૪-'૩૫ની આસપાસ, ત્રણ દાયકા પહેલાંના બાચર, રૂખી, ચેલભાઈ, લલ્લુશંગ, જીવી, દયાળજી વગેરે રેલવઈના કલીમેનોથી માંડી મુસાફરો એકાએક સળકવા માંડ્યા. મુનશી કહે છે ને કે હૈહયો અને ઓર્વો સાગર અને ભૃગુઓ એકાએક એમનાં બારણાં ખખડવતા? મુનશીને દેવલોક પજવે, મને તો આ કારખાનાના કાળા મનુઓ—કલીમેનો કરગરવા લાગ્યા.

'આગગાડી' નાટક તો લખાઈને પ્રગટ થઈ ચૂક્યું હતું; અમદા-વાદમાં ભજવાઈ પણ ગયું હતું. હવે અમને કલગમંડળને થયું કે આપણે પણ ભુકાવીએ. રૂખી માટે ઈન્દીરા મહેતા તૈયાર થઈ; એ પછી ચન્દ્રા વીણુ અને સરલા બૅનરજી મળ્યાં. બાકી તો સુન્દરજી, ઝીણુભાઈ, ઉમાશંકર, યશવંત વગેરેએ આસાનીથી બબ્બે લીટીનો પાઠ પસંદ કરી લીધો. પ્લૅટફૉર્મના સીનમાં યશવંત 'પરદા પાછળ' જ વેચવા નીકળી પડે! ને નહિ તો હાથમાં ચન્દ્રવદનની 'મૂગી સ્ત્રી' રાખીને પણ બૂમ પાડે. જ્યોતીન્દ્ર પણ એમ જ એ સીનમાં દેખા દે.

સ્ટેશન માસ્તરો બે: એક સારો, બીજો નઠારો. એમાં બચુભાઈ ખુબ સારા સાલસ માસ્તરના પાઠમાં અને જમુ દાણી કાઠ ઘાસલેટ સ્વભાવના માસ્તરના પાઠમાં ઊતર્યા. મઝા તો એ કે પ્રામાણિકતા સચ્ચાઈ અને ભલમનસાઇ ધરાવતા મોટા અને થીયૉસૉફી દિલના દાણીએ ચીડિયા લાંચખાઉ માસ્તરનો પાઠ સરસરીતે તૈયાર કર્યો હતો. એમાં જ્યારે ઘોળાતા ઘોળાતા ઝીણુભાઈ દસ રીઝર્વ માગવા આવ્યા ત્યારે દાણીએ ઝીણુભાઇને જે ઝાટકી કાઢ્યા છે તે તો સૌને યાદ રહે એવો પ્રસંગ હતો. યજ્ઞેશ શુક્લને દયાળજી એટલે કે અમારા પરાગજીનો પાઠ બરાબર બેસી ગયો હતો. જે મીઠાશથી એ રંગ જમાવતા એ ઘણો અસરકારક નીવડતો.

નારણ તરીકે મેઘાણીના ચિરંજીવી મહેન્દ્રને લઈ આવેલો, અને કદાવર ગુલામ મહમદમાં ભાનુશંકર તખ્તો ભરીને ઊભા રહેતા! જીતુભાઈ બેત્રણ ભજન ગાઇ જતા, અને મારે માથે વાવટીવાળા કૅબિનમૅન રામશરણનો પાઠ આવ્યો હતો.

કલમમંડળમાં અમે સૌથી બુઝર્ગ તરીકે, સિંધિયા કંપનીમાં 'નવાબ' તરીકે ઓળખાતા અમારા ધત્તુભાઇને ગણતા. અને સર અવસરે એને અમે પ્રમુખ તરીકે પણ માન આપતા. આગગાડી વિષે ખાસ જાણકારમાં અમે બે. એ સાહેબે પણ સિગ્નલિંગનો તાર લેવા-મોકલવાનો અભ્યાસ કર્યો હતો, અને ટેલીગ્રાફ ઈન્સ્પેકટર તરીકે



કલમ-મંડળે 'આગગાડી' ભજવ્યું ત્યારે: પાછળ ઊભેલા ડાબેથી: બચુભાઈ (વિલોચન) ધ્રુવ, દિલીપ કોઠારી, ..., યજ્ઞેશ શુકલ, યશવંત પંડયા, ચન્દ્રવદન મહેતા; વચ્ચે ખુરસીમાં સરલા બૅનરજી અને તેમને પડખે ઊભેલા મહેન્દ્ર મેઘાણી; આગળ જમીન પર બેઠેલા: જમુ દાણી, ધ. સુખલાલ મહેતા, જિતુભાઇ મહેતા, ધીરુભાઇ ઠાકર.

રેલવેમાં અઢી વર્ષ નોકરી પણ કરી આવ્યા હતા. છગનલાલ ડી. અને માણેકલાલ એસ. એમ જે આગગાડીમાં ઓળખવાની પ્રથા છે તે એ સારી રીતે જાણતા, અને મુતશીને ત્યાં ભટકાતાં એકાએક ઓળખાણ થઇ ગએલી, તે સારી રીતે ગાઢ થવા પામી હતી.

એ મુલાયમ અને નાજુક બદનના ધનુભાઇને અમે બાધરજી બનાવ્યા. બરાબર ગોખે, અને કહીએ તેમ બોલે. ન આવડે તો ચાર વાર પૂછે અને ખંત લઇ ફરીફરી પાઠ કરે. સૌથી વહેલા આવી પાઠ કેમ બોલવો એ માટે પૂછે અને સુધારવા બધા પ્રયત્નો કરે. ખરેખર, એટલી ઘરડીઉંમરે પણ એ દુલ્લાએ જુવાનને શરમાવે એટલા ઉત્સાહથી અને સહૃદયતાથી બાધરનો પાઠ ભજવ્યો હતો.

હું વળી ભૈયા ઉપરાંત પ્લૅટફૉર્મ પરનો હોરાજી પણ થતો. ત્યાં તો મારે શંભુમેળો જામતો. જેટલીવાર નાટક કર્યું તેટલીવાર એ સીન નવો જ થતો! કંઈક ઉમેરાતું અને કંઈક કપાતું. એ નાટકના પહેલા અખતરામાં થોડાક રૂપિયા આવ્યા તે મંડળમાં કામ લાગ્યા. બે-ત્રણ વર્ષ રહી ભાંગવાડીમાં ફરી 'આગગાડી' કરવા ગયા ત્યારે ભારે મહેનતને પરિણામે ૪૭ રૂપિયા હાથમાં વધેલા તે લઈ ઘેર બેઠા.

અમારી ટિકિટ કોણ લે? કારણ, અમે સારા સારા કોકા પહેરાવી ઘર ઘર છોકરીઓ ફેરવી ટિકિટો વેચતા નહોતા. ઘણા બૂમ પાડતા કે અમને ટિકિટો કેમ ના મોકલાવી? પણ શું થાય? અને હવે તો કટેવ એટલી જડ ઘાલીને બેઠી છે કે અમારા જેવા વેદિયા સિદ્ધાંતવાદીઓથી તો હવે નાટક ભજવવા ઊતરાય જ નહિ.

લેખકો નાટકકાર કવિ નવલિકા તેમજ હાસ્યરસના લેખકો એકસામટા એક નાટકમાં ઊતરે, ઊતરે તો ઊતરે પણ તકરાર ન કરે, એટલું જ નહિ, પણ હોય તેના કરતાં વધારે ગાઢ દોસ્તી અને ઊંડી સમજથી સંબંધ રાખતા થાય, એવો આ દાખલો હિન્દુસ્તાનમાં ફક્ત ગુજરાતીઓએ જ નોંધાવ્યો હોય એમ અમને લાગે છે. કદાચ દુનિયામાં કોઇ પણ દેશમાં ચાલુ જમાનામાં પણ વિરલ જ હશે!

આ કમાઈના પૈસા પહોંચ્યા ત્યાં સુધી દંડ ફંડ તરફ અમારું કોઈનું ધ્યાન ગયું નહોતું. મંડળમાં ધનુભાઇ બધાના લાડકા થઇ પડ્યા, અને એમનો વનપ્રવેશ ઊજવવાનું સહસા જ ઠરાવ્યું. સૌકોઇને ચન્દ્રશંકરનો વનપ્રવેશ યાદ આવશે. પણ અમે આમાં તો નથી ભરી સભા, નથી આપ્યાં માનપત્ર, નથી એકઠો કર્યો ફાળો, નથી લખ્યા વિનંતિપત્રો, નથી કર્યાં ભાષણ, નથી યોજ્યા સમારંભો, નથી લખ્યા લેખો કે નથી ગાયાં ગીતો. અમે તો જરા હળવે મને 'ચાલો, અમારા મયખાનાનો એક મુરશિદ અરધી સદીએ પહોંચ્યો, તો એની ખુશાલી કરીએ' એમ સમજી 'રંગલીલા' યોજી!

આ રંગલીલા વળી શું? 'આગગાડી' નાટકમાં આટલા લેખકોએ સાથે મળી નાટક કર્યો તે જેમ એક અનોખો પ્રસંગ હતો, એમ જ મંડળના લેખકોએ સાથે મળી આ 'રંગલીલા' લખી એ પણ એક સંપને અજબ પ્રસંગ ગણાવો જોઇએ. પણ અમારાં એ ગીત કોણ ગાય? અમારી ઢોલકી કોણ બજાવે? પછી તો બધાને એમ પણ થતું કે એમ બ્યૂગલ ફુંકાયાં તો યે શું ને ન ફુંકાયાં તો યે શું? કંઇકનાં ફુંકાયાં સંભળાયાં, ને 'ફુંકાઈ' પણ ગયાં! કાળના વિશાળ ખપ્પરમાંથી કોણ બચ્યું છે? છતાં એ જ ખપ્પરને ભૂલી જઇ ઠાલા અમરત્વ મેળવવા



'આગગાડી' નાટકમાં કૅાલિનમન રામશરણ તરીકે ચન્દ્રવદન

આમતેમ ફાંફાં માર્યાં જ કરીએ છીએ. ક્યાંક પથરો, ક્યાંક તકતી, કોક શિલાલેખ, કોઇ હૉલ ઊભા કરવા વલખીયે છીએ. કાળના વજ્ર-ખપ્પર સાથે સ્વભાવની નિબળતા પણ કુદરતે કેવી ખૂબીથી ઘડી છે!

અમે તો રંગલીલા ભજવીને બે ઘડી આનંદ માણવા માગતા હતા, અને બીજાને પણ બને તો ગમ્મત કરાવવા માગતા હતા. એથી અમે સુરતના હારેયરસના લેખકો નવલરામ, રમણભાઈ, જાગીરદાર, જ્યોતીન્દ્ર અને ધનસુખલાલ–અને સાંધણમાં ચન્દ્રવદનને પણ મારી મચડી બેસાડી, લઈ બેઠા.

વિચાર તો કરો કે ઘરડે ઘડપણ શંકરપ્રસાદ રાવળ ભટના ભોપળામાંના ગાંયજાનો પાઠ હોંસભેર અમદાવાદી જબાનમાં ગોખવા બેસી ગયા અને ટાલકીવાળા જ્યોતીન્દ્રના માથામાંના ધોળામાંથી કાળા કાઢવા મંડી પડચા. એ જુગતે જોડી સારી જામી હતી. સાથે ચન્દ્રા વીણ ભરાણી હતી. ધનસુખલાલને રીહર્સલોની ખબર પડી કે તરત દોડચા. આવીને કહે ગાંયજાનો પાઠ મને–એટલે કે એમને આપો! પણ અમે કહ્યું કે આ વખત તો તમે વરરાજા, એટલે નિરાંતે બહાર બેસીને અમને નાટક કરતા જોજો.

ભટના ભોપાળાના શરૂના ભાગમાંથી જાગીરદારનો કરણ ઘેલો બાગલાણમાં સંતાયો છે, એ પ્રવેશમાં એવા તો દાખલ થઈ જઈએ કે લખાણ ગમે તે હોય પણ એ સળંગ કડી સાધનારા અમારા રંગીલા અને બુલંદી સૂત્રધાર યજ્ઞેશ શુક્લ વાહવા કરાવી દેતા. એમાં અમે સત્રેતનના તખ્તા પરથી અનંત વીણ અને ચંપક લાલાજીને લઈ આવ્યા હતા. ત્યાર બાદ જ્યોતીન્દ્રના લખાણ ઉપરથી 'અશોક પારસી હતો' એ સીન વણી લીધેલો. પેલામાંથી આમાં કેમ ગયા એ તો નાટક વાંચો તો જ સમજાય. 'તારીનાંધરિયાં' (તાડીનાંધડિયાં)માં રાચતો અશોક એની સ્થાનિક રાણી સાથે પ્રવેશે છે, એ જોતાં જ ભલભલા હસવામાં બેશુદ્ધ થઈ જતા! જૂનો જોગી, અને અમૃત કેશવ નાયક તથા વલ્લભ નાયકની સાથે–એમના હાથ નીચે જ તાલીમ પામીને કસાએલો જેફ ઍકટર પિરોજશાહ મિસ્ત્રી એના ગોઠિયાઓ સાથે એમાં ઊતરેલો. ત્યાર બાદ રમણભાઈના નવાબનો સીન આવતો હતો. ગગનવિહારી કહેતા કે એમાં અસલનું શું હતું?–આખા દિદાર જ ફેરવી દીધા હતા! પણ હજુરિયા ખરા હતા: એક જીતુભાઈ અને બીજા બચુભાઈ શુક્લ અફીણ ખાઈને બાબા ગાડીમાં ઊંઘાએલા નવાબને આ બે જણા ખેંચી લાવે, અને નવાબ વાજાં વાગતાં જાગે. પછી પગમાં કાંકરાં લાગતાં બંને હજુરિયા પાસે જોડા સાફ કરાવે, ત્યારે માળા બંને હજુરિયા કામ તો બરાબર કરતા, પણ ડાબે હાથે પાછળથી ટેકો આપી પકડી રાખેલા નવાબને ગુસ્સાની ચૂંટી બી એવી ખણતા, કે આજ દિન સુધી હજી મને એ ચૂંટી યાદ છે!

પછી નવાબ આગળ 'ક્રિકેટ ડાન્સ' થાય છે, અને નવાબ અરધી રિયાસત ભેટ ધરે છે, ત્યાં પહેલો અંક પૂરો થાય છે.

પછી ધનસુખલાલ મહેતાનો ચાર ચિતા વચ્ચે વિવાહનો પ્રસંગ ભજવેલો. એમાં સરોજ દલાલ (હમણાં જ સ્વર્ગસ્થ થએલા ધીરૂ દલાલની વહુ)ને મધુરી ભૂખણવાળા કેવાં તો ચગે! આખરમાં કવિ નર્મદાશંકરમાંથી પેલો ઐતિહાસિક અંબાશેઠાણીને તાપીદાસ શેઠનો કિસ્સો સાંધી લઇ, ખરેખર લોકો પાસે વાહવાહ પોકરાવેલી અને એમાં હોંસે હોંસે છાજિયાં લઈ નાટક પૂરો કીધેલો. ધનસુખલાલ કહે છે કે છ વરસ પહેલાં જેવા તાપીદાસ શેઠ ખીલ્યા હતા એવો હું આ વખત જાગ્યો નહોતો. અંબા શેઠાણીમાં તો પેલાં પુરાણાં સરલા બૅનરજી જ હતાં એણે તો જગદંબા બનીને ધણીને બરાબર ઉધડો જ લીધો હતો.

ત્યાં તખ્તા પર કૂદી લીધું એટલે વનમાં પ્રવેશ કરવાવાળા જરૂર વનમાંથી તો સીધા પસાર થઈ જ જવાના એ નક્કી થઇ ગયું.

આવી હતી અમારી 'રંગલીલા'; ગનમોજીલા સુરતીલાલા સહેલાણીની શોખની કલા. હલકે મને, હળવે દિલે, જીવ બહેલાવી અમે ઉત્સવ માણ્યો, લોકોને આનંદ આપ્યો.

ચન્દ્રકાન્ત અને રમણ વકીલ બંને આમ તો ઠીક બાં
તખ્તા ઉપર આવવા માટે કુદરતીરીતે જ સ્વભાવમાં ક્ષો
પાડીને છેવટની ઘડીએ ફસકી જાય! અલબત્ત, પરદા પાછળનું કાંઇ પણ કામ કરે,—પરદા ખેંચવાથી માંડી ફર્નિચર ગોઠવવું હોય તો તે મજૂરી મહેનતમાં બી જરાય પાછા ન પડે. પણ એ બેને તખ્તા ઉપર લાવવાના કામમાં તો ગંડળને આજ સુધી હાર જ સાંપડી છે, એટલું તો કબૂલ કરવું જ પડશે.

'આગગાડી' નાટક જ્યારે પહેલું ભજવ્યું ત્યારે અમને બહુ હોંસ હતી. ન્યૂ ઈરા નિશાળ ત્યારે નવી બંધાએલી, અને એના ખંડમાં એક નાની નાટકશાળા જેવું બાંધી નાનાવિધ નાટ્યપ્રયોગો કરતા

રહેવા એવું મનમાં ધાર્યું હતું. નિશાળના છોકરાઓ આગળ તદ્દન સરતા અને એક જ દરે પહેલે દિવસે જે નાટક ભજવ્યું તે પ્રયોગ સૌથી સરસ ભજવાયો હતો એવું વિવેચકોનું કહેવું છે. ત્યાં ખાલી હૉલમાં અમે હોંસભેર સ્ટેજ બંધાવી, ઉપર તથા વિંગ માટેની આડી-અવળી કરામતો પણ રાતોરાત સુથાર-લુહાર રોકી કરી, અને સારો જેવો ખર્ચ કર્યો. માનમરતબા ને તકતી-ફકતીમાં જરા માનતા હોત તો એ માટે અમે અમારું અમરત્વ સાચવવા ત્યાં કંઈક સ્મારક મૂકત. પણ અમે આ ઉમેરેલી બાંધણીને આગળ ઉપર પ્રયોગો કરી હજી સારી બનાવીશું, સારાંસારાં નાટકો ભજવીશું, એવાંએવાં સપનાં ઘડવામાં જ વખત કાઢ્યા કર્યો. પણ જ્યારે ફરી વાર ત્યાં બીજો પ્રયોગ કરવા દેવા વિનતિ કરી ત્યારે નિશાળનો એ હૉલ એમ બહાર-નાને ન અપાય એવો ઠરાવ અમારી સામે અથડાવવામાં આવ્યો, ત્યારે જ અમે,—અને ખાસ કરીને સ્ટેજ બાંધવામાં મોટો ખર્ચ કરી હું—મુરખ બન્યા છીએ એવું અમને લાગ્યું. મુંબાઈ જેવા શહેરમાં નાટ્યપ્રયોગો માટે એક નવો અખતરો કરવા એક નાની પણ અલાયદી જગ્યા મળતી હતી. તે અમને ન મળવાને લઈને અમને બહુ દુઃખ થયું, નાટકની કલાને વિકસાવવાની અમારી હોંસ ઉપર એક કારી ઘા લાગ્યો અને આગળથી બધું લખાણમાં ન કરાવવા માટે અમને સદાનો પસ્તાવો થયો. પણ સારા કામમાં હમેશાં એમ જ થાય એમ માની સંતોષ લીધો. આ અમારી બીજી અને મોટી હાર; અને અમે વ્યવહારકુશળ નથી એમ પુરવાર થયું તે જુદું.

એમ તો મંડળે એકાદ બે સભા પણ ભરી હતી. અનોખી એવી એક સભા બ્લાવાટ્સ્કી લૉજમાં વિક્રમની સાલને બે હજાર વર્ષ પૂરાં થતાં કાલિદાસ જયંતી ઊજવવા માટે ભરી હતી, અને ત્યારે કવિવર નાનાલાલે મહાકવિ કાલિદાસ ઉપર એક અતિ સુંદર ભાષણ આપ્યું હતું. એક તો આવી સભા યોજવી, એમાં વળી નાનાલાલ જેવાને લાવવા, અને પછી સભા સાંગોપાંગ પૂરી કરવી, એ મજાક-મશ્કરીનું કામ નહોતું. પણ મંડળને નાનાલાલે બિરદાવ્યું ને એમની મમતાથી બધું નિર્વિઘ્ને પાર પડ્યું. આવી મંડળની નાનાવિધ પ્રવૃત્તિ ખરી, પણ એનો અનાયાસ, અકસ્માત, કદી નિરધારેલી નહિ એવી. કેટલીકવાર તો જાણીતા સાહિત્યકારોનાં અવસાન પરત્વે મંડળે શોકસભાઓ યોજી નથી એ માટે છાપાંમાં ટીકાઓ પણ થઈ છે, પણ મંડળનાં હેતુ-ધ્યેય જ નિશ્ચિત નહિ ત્યાં એવું એ શું કરે? એટલું જ કે મંડળનો એકેક સભ્ય ખરતો જશે તેમ એમાં નવો કોઈ દાખલ નહિ થાય, એટલે આપોઆપ મંડળ પણ મરી જશે. છેલ્લો જે રહેશે એણે એકલ એ ઊઠમણાનું પાથરણું પાથરીને જાતે જ ઉપાડવું રહેશે. એ દુઃખદ કામ વિલોચન ધ્રુવને માથે આવે કે યજ્ઞેશ શુક્લને માથે આવે, પણ એમના જવા કેડે કોઈ મંડળ માટે આંસુ નહિ સારે, શોકસભા નહિ ભરે એ સધ્ધારો જ આજે તો મંડળને આશ્વાસન રૂપ છે.



કવિ નાનાલાલ સાથે

એટલે મંડળનો દિમાગ આમ સમજવો કઠિન છે. એમ તો રમણલાલ દેસાઇ આવ્યા ત્યારે અમારે એમના સૌજન્યને લઇને જરા



'આગગાડી' નાટકમાં વોરાજીના પાત્રમાં ચન્દ્રવદન

ઠાવકાઇથી વર્તવું પડ્યું હતું; પંડિત ઓમકારનાથ આવ્યા ત્યારે જાણવા-નહિ જાણવા છતાં કેવળ સંગીતના જ વિષયો છેડવા પડ્યા હતા; પ્રદીપજી આવ્યા ત્યારે એમણે ગીતો લલકાર્યાં; અને દેશી-નાટક કંપનીની અભિનેત્રી મોતીબાઇ આવ્યાં, ત્યારે કંઈ ખાસ વાતચિત જ ન થઇ,—ફક્ત પરમસુખ પરમાનંદમાં હતા. એકવાર એક જાણીતા આંખના ડૉક્ટર ડી. જી. વ્યાસ આવ્યા ત્યારે હજી તો એ બેઠા નથી તે પહેલાં તો મંડળે એમને બેચાર તદ્દન નફ્ફટ અને નાગા સવાલો જ પૂછી કાઢ્યા! જેવો તે ઘડીનો મંડળનો મૂડ! પરંતુ ગમે તેવો ઘુમરાયલો યા ઘાસલેટિયો મંડળનો મૂડ હોય તો તે પણ ફિલ્મી દુનિયાના નબી તરીકે પંકાએલા હીરાલાલ ડૉક્ટર જો આવી ચડે તો પીગળી જઇને હવામાં ગરમી આવી જાય;—ગરમી તો આવે, પણ કોઈની મજાલ નથી કે એની નિશ્ચલ તૈલધારાવત વહેતી લૂલીબાઇ આગળ કોઈ આંગળી ઊંચકવા પણ જિકર કરે! વાતરસ એ કલા છે, અને હીરાભાઇ એમાં એક્કા છે. કહેવાની મતલબ એ કે એકબે વાર આવવાથી મંડળના દિમાગનો તાગ કોઈ કાઢી શકે નહિ. એમ તો મંડળે મુંબાઇ બહાર પરાંઓમાં ક્રિકેટ મૅચ રમવાનાં પણ બીડાં ઝડપ્યાં છે; અને રાજ્યધાની દિલ્હીમાં જઈ, યશવંત પંડ્યાને ત્યાં પડ્યાપાથર્યા રહી નાટક કરવાની પણ યોજનાઓ ઘડી છે. આવતી કાલે કઈ નવી પ્રવૃત્તિ નહિ આદરે, એ કહેવું મુશ્કેલ છે.

ખુશીની વાત એટલી જ કે મંડળને કોઈ સાથે હરીફાઈ નથી, કોઈ ભંડોળ પર તરાપ મારવાની વૃત્તિ નથી. કોઈ ચૂંટણી-પેટાચૂંટણીમાં ઊતરવું નથી. ફક્ત આઠ દિવસનો એકઠો થએલો મેલ એકઠેકાણે એકઠા થઈ ધોવો છે, થોડા ચોખ્ખા થઈ બહાર નીકળવું છે.

હું એ મંડળમાં બહુ બેઠો છું. ધન સિવાયની મળતી દોલતમાંની ઘણી સમૃદ્ધિ ત્યાં કમાયો છું. (ચાલુ)

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

શ્રીમતી રાણીચંદના બંગાળી રૂપરથી અનુવાદક રમણિક મેઘાણી

૧૫

આસ કામકાજ જેવું કંઇ છે નહિ, મારે. તદ્દન નવરો માણસ છું હું. છતાં કોઈ કંઈ કામે વળગાડી કામ લે તો કરી શકું ખરો, અને એવું જ થયું છે. સૌ મારી પાસેથી કામ લઈ જતા. ઘેર કંઇ કામકાજ હોય ત્યારે પણ હું સહજરીતે એમાં સાથ આપતો નહિ, છતાં જો કંઇ કામનો ભાર મારા પર આવી પડતો તો પૂરી કાળજીથી એ પૂરું કરી દેતો.

હૅવેલ સાહેબે આર્ટ સ્કૂલમાં બેસાડ્યો. સામે વિદ્યાર્થીઓને બેસાડ્યા અને કહ્યું કે 'ચીતર અને ચીતરાવ'. એમાં એમનો એક બીજો પણ હેતુ હતો. ઘણી વાર એ કહેતા કે સારા કુટુંબનાં છોકરાં જો આ તરફ વળશે તો લોકોનું ધ્યાન પણ આ તરફ ખેંચાશે અને દેશની જનતા તમારા શબ્દો પર વધુ આસ્થા રાખશે. અને એ વાત તદ્દન ખોટી પણ નહોતી. એમ ન થાત તો ત્યારની આર્ટ સ્કૂલ વિષેના લોકોના વિચાર બદલાત નહિ. એ જ રીતે આર્ટ સોસાએટી ઉઘાડીને વૂડરૉફ ને બ્લાન્ટ સાહેબે પણ મારી પાસેથી કામ લીધું.

ભારતમાં સમ્રાટની પધરામણી થઈ. મેદાનમાં વિશાળ મંડપ શણગારાયો. વૂડરૉફે મને કહ્યું કે મંચની ચારે બાજુ તારે સુશોભિત કરવાની છે. પબ્લિક વર્ક્સ ખાતાના માણસો ફ્રેમમાં કાપડ લગાવી કરીને મૂકી ગયા. મેં વિદ્યાર્થીઓને અને મારી જાતને પણ સાથોસાથ એ કામે લગાડી દીધી. કામ ઘણું સરસ થએલું. હજાર-બારસો રૂપિયા પણ મળેલા. સમ્રાટના ગયા પછી એ ચિત્રો વર્ધમાનના રાજવીએ ખરીદેલાં,–માત્ર ૬૦૦ રૂપિયામાં. એણે એ દ્વારા પોતાનો એકાદ ખંડ સજાવેલો. અમારે તો સારું જ થયું. જમણા હાથમાં પણ રૂપિયા મળ્યા ને ડાબા હાથમાં યે રૂપિયા મળ્યા! બધા રૂપિયા ભેગા કરી, ભાગ પાડી વિદ્યાર્થીઓને વહેંચી દીધા

આમ, મને કોઈ કામે વળગાડી દેતું ત્યારે કમર કસીને કામ કરતો; અને કામ પણ સારું થતું. કારણ અંદરની ઉઘરાણી પણ કંઇક એવી હતી જ. પણ જો કોઈ કામ લેનાર ન હોત તો કદાચ ચિત્રો પણ મારાથી ન ચીતરાયાં હોત. બાળપણથી જ મારો સ્વભાવ બહુ આળસુ રહ્યો છે. ક્યાંય જવા-આવવાનું પણ ખાસ રૂચતું નહિ. અને નજર સામે જ જોતો રવિકાકાને. એ પણ એક કળાકાર જ હતા ને? અને છતાં પૃથ્વીને આ છેડેથી બીજે છેડે ઘૂમી વળતા! એ કહેતા, 'અવન તું તે કેવો છે? જરા, હર ફર. ચારે બાજુ જો તો ખરો. કેટકેટલું જોવા જેવું છે! બાળપણમાં કલ્પના કરતો કે મોટો થઇને દેશ-પરદેશ જઇશ, સ્વેચ્છાપૂર્વક અહીંતહીં ફરીશ. પણ મોટા થયા પછી જ્યારે બહાર નીકળવા ને ફરવાનો સમય આવ્યો ત્યારે ઘેર જ બેઠો રહ્યો, ઘરઘૂશ થઇને; ને તમારે માટે ઘરઘરાઉ વાતોનો સંભાર ભેગો કરતો. છતાં ઘેર બેઠાંબેઠાં પણ દુનિયા આખીના લોકોની કળા વિષે તો ચર્ચાવિચાર કર્યા છે એટલું નક્કી જાણજો.

આર્ટ સ્કૂલની ખુરશી ઉપર બેઠો રહેતો. કેટકેટલા ય દેશપરદેશથી વિવિધ વ્યાપારીઓ નાનાવિધ ચીજો લઇને આવતા. હું સરકારી ખર્ચે આર્ટ ગૅલેરી માટે ચીજો ભેગી કરતો હતો. અને એમ કરવાની સાથોસાથ દેશદેશની કળાઓનો પરિચય પણ સધાતો જતો. આ રીતે જ મેં આપણા દેશની કળાલક્ષ્મીને ઓળખી હતી. તદુપરાંત મારા ગુરુ હૅવેલ હતા. આ દેશની કળાને સમજનાર એમના જેવો બીજો કોઈ નહોતો. રોજ બે કલાક એકાન્તમાં પાસે બેસાડી ચિત્ર, મૂર્તિ-સૌંદર્ય, રૂપમૂલ્ય અને એનો ઈતિહાસ સમજાવતા. ઑફિસના પટાવાળાઓને હુકમ હતો કે એ બે કલાક દરમિયાન અમને કોઇ ખલેલ ન પાડે એનું ધ્યાન રાખવું.

> સદ્‌ગુરુ પાવે, ભેદ બતાવે, જ્ઞાન કરે ઉપદેશ,
> તબ કોયલા કિ મયલા છૂટે, (જબ) આગ કરે પરવેશ.

વિચારું છું કે મારા એ પરદેશી ગુરુએ મને જો ભારત-શિલ્પના ગુણાવગુણ આ રીતે બતાવ્યા ન હોત તો હું કોયલો હતો તે કોયલો જ રહી જાત. મનનો મેલ તો દૂર ન થાત પણ સાથેસાથે દેશનું શિલ્પ-સૌંદર્ય માણવાની દૃષ્ટિ યે ન મળી હોત.

ભારતની ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ ચારે દિશામાં અમારા ખાતમીદારો હતા. એમાં એક તિબેટિયન લામા પણ હતો. વચ્ચેવચ્ચે એ આવે; તિબેટનાં દશ્યો તેમજ મૂલ્યવાન પત્થરની, ચિનાઈ જેડની અને વિવિધ પ્રકારની ધાતુમૂર્તિઓ લાવે. એ આવતાં જ અમે અધીર થઇ ઊઠતા કે આ વખતે શું નવીન છે?

એક વાર એ આવ્યો. કહે, શરીર બરાબર નથી રહેતું થોડા વખત માટે દેશમાં જવું છે. મુંબાઇ જાઉં છું. ત્યાં થોડીક ઉઘરાણી બાકી છે. મળે તો પતાવી આવું. એથી જ આ વખતે ખાસ બહુ નથી લાવ્યો. માત્ર થોડીક 'કાંજુર'ની પોથીઓ લાવ્યો છું. જુઓ. જોયું તો બહુ જૂની હસ્તપ્રત હતી. વસ્તુ અપ્રાપ્ય હતી, પણ મારે એ કંઇ કામની નહોતી. એને લઇને હું કરું શું? ઇમ્પીરિયલ લાયબ્રેરીમાં હરિનાદ દે કરીને એક મસ્ત ભાષાવિદ્ હતા. ચીની સિવાયની બધી ભાષા એ જાણતા. એ કહેતા કે 'હવે મારે ચીની ભાષા શીખવી પડશે'. તેની પાસે એ પોથી લઇને જવા મેં કહ્યું: 'સારી રકમ આપીને ખરીદી લેશે. એમને કામની ચીજ છે. અને બીજું શું છે તે બતાવો તો?' એણે પ્રવાલની એક 'ગણેશ'ની નાની મૂર્તિ બતાવી સરસ હતી એ, એ મૂર્તિ મને ગમી ગઈ. એણે તેના પાંચ કે સાત રૂપિયા માગ્યા. તે આપી ગણેશને મેં ગજવે ઘાલ્યા. મેં કહ્યું, 'હવે બીજું કંઈ છે?' અને એણે એક ડબ્બી કાઢી મારા હાથમાં મૂકતાં કહ્યું કે આ સિવાય બીજું તો કંઈ જ નથી. એ એક તપખીરની ડબ્બી હતી. કોતરકામવાળી પોલાદની એ ડબ્બી ઉપર સુવર્ણની કારીગરી હતી. એક ચીની ડ્રૅગાનનું ચિત્ર હતું તેના ઉપર. તે અતિશય સુંદર હતું. એ લેવાનું મન થઈ ગયું પૂછ્યું, શી કિંમત છે? તો કહે પચ્ચાસ રૂપિયા! મેં કહ્યું, 'એ તો બહુ વધુ કહેવાય.' એણે કહ્યું 'હમણાં એ તમારી પાસે જ રાખો, કોઈ લેનારું મળે તો વેચી નાખજો. પાછો વળતાં આવીશ ત્યારે પૈસા લઈ જઈશ.' ને આટલું કહી એ ઉતાવળે ઉતાવળે પોતાની વસ્તુઓ સમેટી ચાલ્યો ગયો. એના જવાની સાથોસાથ મને થયું કે આ ચીજ તો રાખી અને પૈસા ન આપ્યા. એની તબિયત ઠીક નથી એમ કહેતો'તો. પાછો નહિ આવે તો? આ બરાબર ન કહેવાય. ખેર, પણ હવે શું થાય? ઘેર પહોંચીને અલકની બાને પ્રવાળના ગણેશ આપતાં કહ્યું કે આની એક વીંટી મારા માટે કરાવી દેજો. (એ વીંટી ઘણા દિવસ સુધી મારી આંગળીમાં રહી પછી ક્યાંક ખોવાઈ ગઇ.) અને તપખીરની ડબ્બી તેના હાથમાં આપીને કહેલું કે આને 'પરાયા ધન'ની જેમ સાચવીને રાખજો. એના પૈસા હજુ અપાયા નથી.

એ પછી વરસ વીત્યું, બીજું વરસ પણ વીત્યું. પણ પેલો દેખાયો નહિ. ઓચિંતાનો એક દિવસ એ લામાનો એક ભાઈ આવીને ઊભો



ભારતીય કલાના પ્રથમ પુરસ્કર્તા અને અવનીન્દ્રનાથને એ કલાનાં રહસ્યરહસ્ય સમજાવનાર ઈ. બી. હૅવેલ

રહ્યા. કહે કે તે વખતે એ મુંબાઈ પહોંચ્યા પછી બેચાર દિવસે જ અવસાન પામ્યો હતો. તમારી પાસે એનું જે કંઈ બાકી હોય તે બધું મને આપી દો.' હું જાણતો હતો કે એની સાથે લામાને બોલવા-ચાલવાનો યે સંબંધ નહોતો. ઘરનાં સુખદુઃખની વાતો લામા દર વખતે મને કરતો. હવે એના મૃત્યુ પછી એ જ ભાઇ એનાં કાગળિયાં મેળવીને એની સંપત્તિ પણ હજમ કરી જવાની તૈયારીમાં હતો. મેં તો તેને તુરત હાંકી કાઢયો, એમ કહીને કે 'તું કોણ છો? હું તને ઓળખતો નથી, સાંભળવા યે માંગતો નથી; પછી પૈસા તો આપું જ કેમ? જો તારા ભાઈનાં બાળકો યા તેની સ્ત્રી આવે તો વિચારી શકું.' અને એ ચાલ્યો ગયો.

એ પછી થોડા દિવસે પેલા લામાની વૃદ્ધ સ્ત્રી આવી: પહાડી સ્ત્રી. અગાઉ પણ એક વાર લામા સાથે એ આવી હતી. એણે આવતાં જ પોતાના પતિને માટે બહુ કલ્પાંત કર્યું. છેલ્લે એનું મોં પણ જોવા એને મળ્યું નહિ. એ પણ સાજીમાંદી રહેતી હતી એટલે આજ સુધી આવી શકી નહોતી. ધણી વિધવિધ દેશે વિધવિધ ચીજવસ્તુ વેચતો ફરતો. ઘણે સ્થળે એની ઉઘરાણી બાકી રહી હતી. મેં કહ્યું: 'થોડા દિવસ પહેલાં એનો ભાઈ આવ્યો હતો બાકીની ઉઘરાણી વસૂલ લેવા. પણ મેં ના પાડી.' એણે કહ્યું, 'એ સારું કર્યું. હું આવી છું તમારા ને બીજા કોનીકોની પાસે એનું શું બાકી છે એની તપાસમાં. તમારી પાસે તો એ ખૂબ આવતા. છેલ્લે આવેલા ત્યારે કયાં કયાં શું આપી ગયા તેની તમને ખબર હશે.'

મેં ઉત્તર આપ્યો: 'છેલ્લે એ કલકત્તા આવેલો ત્યારે ઠાકુરની કેટલીક જૂની હસ્તપ્રત લાવ્યો હતો. મેં એને હરિનાથ દે પાસે મોકલ્યો હતો. પછીથી ખબર કાઢતાં જાણવા મળેલું કે તેમણે તે પોથીઓ બહુ સારી રકમ આપીશું કહીને રાખી લીધેલી, અને લામા પણ પાછો વળતાં કિંમત લઈ જઇશ કહી તે પોથીઓનો સંગ્રહ એમને આપી ગએલો. તમે ત્યાં જઇને તપાસ કરો'.

વૃદ્ધાએ ઉત્તર આપતાં કહ્યું કે 'હું ત્યાં જઈ આવી, પણ ત્યાં કોઈ આ હસ્તપ્રતો વિષે કંઈ ભાળ આપી શકયું નથી. હરિનાથ દે અવસાન પામ્યા છે. પોથીઓનું શું થયું તેની કોઈને કંઈ જ ખબર નથી.'

એ પછી કેટલોયે સમય વીત્યા પછી એ પ્રતો મેં સાહિત્ય પરિષદ-માં જોએલી. જોતાં જ ઓળખી ગયો,–મારા હાથમાંથી જ એ ગએલી એટલે ઓળખું નહિ એ તે કેમ બને? ખેર, જવા દો એ વાત. લામા-ની વૃદ્ધાને એની કંઈ જ કિંમત મળી નહિ. મેં પેલી વીંટીની વાત કરી ને કહ્યું કે છેલ્લે એ બે ચીજો મને આપી ગયો હતો. વીંટીમાંના પ્રવાળનાં ગણેશની કિંમત તો મેં એને આપી દીધી હતી. બીજી ચીજ–તપખીરની ડબ્બીની કિંમત મુંબાઈથી પાછા ફરતાં એ લઈ લેશે તેવી વાત થએલી, પણ પછી એનું તો આવવાનું જ થયું નહિ. તું હવે એ લઈ જા.' મારી વાત સાંભળી વૃદ્ધા લાંબી વાર સુધી આંખો મીચી ચૂપચાપ ઊભી રહી અને પછી બોલી 'હું તો એ બધું જ જાણું છું. એ તપખીરની ડબ્બી મારે એકવાર જોવી છે. દેખાડશો એ જરા?' મેં કહ્યું, 'એ તો અહીં નથી, સાંજે ઘેર આવજે.' ઘર એણે જોયું હતું.

સાંજે એ આવી. હું પણ મારું કામ પતાવી ઘેર પાછો ફર્યો હતો. અલકની બાએ ટ્રંકને તળિયે એ મૂકી હતી. તેને બોલાવીને કહ્યું કે હવે પેલી ડબ્બી કાઢી દે. આટલા દિ' પછી એની ખરી હક્કદાર આવી છે. ડબ્બી વૃદ્ધાના હાથમાં મૂકી મેં કહ્યું આના એણે પચાસ રૂપિયા માગ્યા હતા, પણ ત્યારે એટલી કિંમત આપવા મન નહોતું. પણ હવે તો તારે અભાવના દિવસો આવ્યા, એટલે તું કહે તે આપી દઈશ. અથવા તો તું તારી ચીજ પાછી લઈ જા. એમાં યે મને દુઃખ નહિ લાગે.

વૃદ્ધા બોલી, 'હા. આ ચીજ મેં એની પાસે જોઈ હતી. બે હાથમાં એને ફેરવી ફેરવીને એ જોતી જાય ને એની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય. બિચારીને કદાચ પતિની વાત તાજી થતી હશે. કેવી કેવી સ્મૃતિ જાગતી હશે એ તો એ જ જાણે. થોડીવાર આમ જોયા પછી ડબ્બી મને પાછી આપતાં એણે કહ્યું, 'લામા આ ચીજ તમને આપી ગયા છે. ભલે એ તમારી પાસે જ રહેતી. એનું મારે કંઈ જ લેવું નથી.'

'આ શું કહો છો? તમારા પતિ અવસાન પામ્યા છે. પૈસાની તમારે જરૂર છે ને તમે પૈસા ન લો એ તે કેવી વાત? એ ન બને.'

વૃદ્ધાની આંખો સજળ બની. આંસુ ઊભરાયાં. એ બોલી: 'બાબુ, એ વાત કરશો જ મા. હું જાણું છું કે મારા પતિ અનેક સ્થળે વિવિધ વસ્તુઓ વેચતા ફરતા. ઘણે સ્થળે એમનું લેણું બાકી રહેતું. હું કલ-કત્તા આવી ત્યારથી જેનીજેની પાસે ગઈ છું તેમણે લેણું આપવા-ની વાત તો દૂર રહી, પણ એ કબૂલ પણ નથી કર્યું કે તેઓ મારા ધણીને ઓળખતા. એક તમે જ કહ્યું કે મારા ધણીની આ ચીજો તમારી પાસે છે અને તેની કિંમત આપવી બાકી છે. તમારી પાસેથી મારે કંઈ જ ન ખપે. આ ડબ્બી તમારી પાસે જ રહેવા દેજો, અને આ ચાદર મારા વતી તમારાં વહુને આપજો.' એમ કહેતાં એણે એના થેલામાંથી એક જાડી ચાદર–પહાડી સ્ત્રીઓ જે ઓઢીને ફરે છે તેવી–મારા હાથમાં મૂકી. જીવનના–કર્મજીવનના પ્રારંભ કાળે જ આવું સરસ–મહામોલું ઈનામ અમે બંને એક ગરીબ પહાડી વૃદ્ધા પાસેથી પામ્યાં: એક સરસ ધાબળી ને એક સુવર્ણકામવાળી તપખીરની ડબ્બી.

બીજી એકવાર એક અજાણ વ્યક્તિ એકાએક મારી પાસે આવીને

ઊભી રહી. જાપાની જેવી; શ્યામ વદન; રુક્ષ; લઘરવઘર ને મેલો કોટ-પાયજામો એણે પહેર્યાં હતાં. કંઈક નિરાળો જ માનવી એ લાગતો હતો. હું આર્ટ સ્કૂલની મારી ઑફિસમાં બેઠો હતો. પટાવાળાએ આવીને કહ્યું કે હજુર, એક જાપાની કુછ લે આયા. મેં કહ્યું એને અહીં લઇ આવો. એ અંદર આવ્યો. મેં પૂછ્યું, 'મારી પાસે આવ્યા છો? કહો શું કામ છે?' એણે આજુબાજુ નજર કરી, કોટના અંદરના ગજવામાંથી કાળા રંગના ચામડાનું એક પાકીટ કાઢી એમાંથી બે મોટાંમોટાં મોતી મારી સામે ધર્યાં. મેં જોયું તો નાનાં આમળાં જેવાં બે મોટાં મોતી! એવાં મોટાં મોતી મેં ક્યારેય જોયાં નહોતાં. 'આ ક્યાંથી મળ્યાં?' મેં પૂછ્યું. એ આ મોતીને 'શંખમણિ' યા મણિ કહેતો અને મારી સામે જોઈ રહેતો. મેં પૂછ્યું, 'વેચવાં છે?' એ બેની કિંમત એણે સો રૂપિયા કહી. મોતી લેવાં તો હતાં, પણ એ અસલી છે કે નકલી તે હું તો જાણું નહિ. ઘેર ફોન કરી દીધો કે 'બડાબઝારમાં ઝવેરી કિસનચંદને કહેવડાવી દો કે ઘેર આવે—હું હમણાં આવું છું. ગાડી મોકલવાની વાત સાવ ભૂલી જ ગયો. એ ગાડી તો સ્કૂલ છૂટવાને સમયે જ આવતી. પણ મારામાં સબૂરી નહોતી. ભાડૂતી ગાડી કરીને પેલા મોતીવાળા જાપાની જેવા સજ્જનને સાથે લઇને ઘેર પહોંચ્યો. જઈને જોયું તો અમારો ઝવેરી પણ આવી પહોંચેલો. પેલાં બે મોતી બતાવી કહ્યું કે 'જુઓ તો, એક સો રૂપિયા માગે છે; શંખમણિ કહે છે. અસલ કે નકલ તે પારખી આપો જેથી ઠગાઉં નહિ.' યાદ આવી ગયું કે મોટા ભાઈ એક વાર પહાડ બાજુથી આવાં મોટાં મોટાં મોતી લાવેલા ને સારી પેઠે ઠગાયા હતા. મોતી ખરીદ્યા પછી કોકના કહેવાથી લીંબુના રસથી ધોતાં ઉપરનું એનામલ ચાલ્યું જઇ અંદરથી સામાન્ય કાચ નજરે પડેલો. મેં એ વાત કિસનચંદને કરી ને કહ્યું કે જોજો ભાઈ, મારું યે એવું ન થાય!

ઘણીવાર સુધી મોતીને ધારી ધારીને જોયા પછી કિસનચંદે કહ્યું કે બરાબર કંઇ સમજાતું નથી. મને પણ મનમાં શંકા થયા કરતી હતી. કિસનચંદે કહ્યું કે મન બરાબર હા ન કહેતું હોય તો એ ચીજની આપણે જરૂર નથી. અને મોતી મૂળ ધણીને પાછાં આપ્યાં. તે પછી થોડા દિવસે છાપાંમાં વાંચેલું કે વિલાયતના કોઈ મોટા ડ્યૂકની પત્નીનો નેકલેસ ચોરાયો છે. મોટાં મોટાં મોતીઓ એમાં હતાં. ઘરનાં નાનાંમોટાં બાળકોને બોલાવી મેં કહ્યું કે જુઓ, પેલાં મોતી આપણે ન રાખ્યાં એ ઠીક થયું; નહિ તો નાહક ચોરીનો માલ રાખવાના ગુનામાં સંડોવાવું પડત. એ માણસ ચોર જેવો જ દેખાતો હતો.

કળાકાર એટલે સંગ્રહકર્તા. એ સતત અહીંતહીંથી કંઇ ને કંઇ સંઘર્યા જ કરે છે. અને એમાં જ આનંદે છે. રવિકાકા કહેતા, 'જ્યારે હું ચૂપચાપ બેઠો રહું છું ત્યારે જ હું વધુ કામ કરતો હોઉં છું.' અર્થાત્ ત્યારે પણ સંગ્રાહકવૃત્તિનું કામ તો ચાલુ જ હોય છે,—બલ્કે વધુ પ્રમાણમાં ચાલતુ હોય છે. જોઈ રહ્યો છું કે પેલી હરિયાળી મેંદીની વાડ પર તડકો પડે છે ને મન એને નોંધી રાખે છે, માનસ પટ પર. કદાચ ક્યારેક એ ક્યાંક કોઈક સ્વરૂપે પ્રગટશે. લાકડાનો આ ટુકડો રસ્તે જતાં નજરે પડયો. ઉપાડીને ખિસામાં મૂક્યો. કહું તો એવા ટોપલે ટોપલા ટુકડા રથીભાઇ હમણાં જ અહીં ઉતરાવી આપે. પણ એમાં સંગ્રહનો આનંદ નહિ સાંપડે. કળાકારના મનના ભંડારમાં આ રીતે ઘણુંઘણું ભેગું થતું હોય છે. મારી આ સંગ્રહવૃત્તિ કાયમી છે.

ખેર; એ વખતે તો મોતી હાથમાંથી છટકી ગયાં. પણ કેમ કરતાં ચીજ હાથમાં આવી જાય છે એ જુઓ. એક વાર એક ઇંચ જેવડો એક પન્નાનો ચોરસ પત્થર—જોતાં જ આંખમાં વસી જાય તેવો, ઉપર મુઘલ જમાનાની યાદ આપતી કારીગરીવાળો—આવી ગયો. આજકાલ એવી ચીજ ક્યાંય નહિ મળે. વૃદ્ધને માંદલા અનંતશીલ ઝવેરી આવા જૂના પથ્થર વેચતા. કંઈક સારી ચીજ હાથમાં આવતાં જ એ મારી પાસે આવતા. એકવાર એ થોડાક જરીપુરાણા પતરાના ડબ્બા ભરીને નાનામોટા પથ્થર લઈ આવ્યા. તેમાં જ રૂપલો પત્થર જોયો ને મને એ લેવા મન થઇ ગયું. ઝટપટ હાથમાં ઉપાડયો. કહ્યું, 'આ કેટલામાં આપવો છે? પચાસ રૂપિયામાં ચાલશે ને?' બુઢ્ઢો બહુ પાકો હતો. મારી મનઃસ્થિતિ પારખીને એનો લાભ લેવા એને મન થએલું. કહે કે એ હું અત્યારે ન કહી શકું. પછી વિચાર કરીને કહેવડાવીશ: આટલું કહીને તે લઇને એ ચાલ્યો ગયો. મારું મન ઉદાસ થઇ ગયું. બહુ સરસ પન્નો હતો. એ રાખી લેવા ખૂબ જ ઇચ્છા હતી, પણ નજર સામેથી ચાલ્યો ગયો પછી શું થાય? ગયો તે ગયો જ. બુઢ્ઢો ફરી દેખાયો જ નહિ.

સુભાષિત

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकमानाय नमः शान्ताय तेजसे ॥

અનુવાદ

અનંત, જ્ઞાનની મૂર્તિ, દિશા ને કાલથી પર,
માત્ર સ્વાનુભવે માપો, નમું એ શાંત તેજને.

[વિવરણ: રાજર્ષિ ભર્તૃહરિના પ્રસિદ્ધ શતકનો આ પહેલો પ્રાર્થનાનો શ્લોક આપણા સાહિત્યમાં ખૂબ પ્રસિદ્ધ છે. ગતાંકના શ્લોકમાં 'ધર્મ' કોને કહેવો એ માટે જેવી ઉદાર અ-સાંપ્રદાયિક વ્યાખ્યા કહી, તેવી જ આ અ-સાંપ્રદાયિક ઉદાર પ્રાર્થના છે ટૂંકી પ્રાર્થનાઓમાં કદાચ આ પ્રાર્થનાને સર્વશ્રેષ્ઠ કહી શકાય. જગતના કોઇ પણ ધર્મ પાળનારને આ પ્રાર્થના રુચે એવી છે. જેને દેશકાળ નડતો નથી, જે પરમ શુદ્ધ જ્ઞાનમય મૂર્તિ છે, જે અનંત છે, જે માત્ર પોતાના જ અનુભવથી જાણી શકાય છે, એવા શાંત તેજને નમસ્કાર છે, એવો આ પ્રાર્થનાનો ભાવાર્થ છે. અનંત, શાંત, શુદ્ધ જ્ઞાનમય તેજ, એમાં સર્વવ્યાપી પરમેશ્વરનું સ્વરૂપ સરસ રીતે કહ્યું છે. પરંતુ માણસનું અંતઃકરણ એને શી રીતે જાણી શકે? એ માટે તો પોતાની જાતનો જ અનુભવ જોઈએ. બીજાનું માર્ગદર્શન કામનું તો ખરું, પણ પોતાની બુદ્ધિ ન વાપરીને જાતના અનુભવ વગરનું બીજાનું માર્ગદર્શન મેળવ્યું કામનું નથી; કારણ કે પોતાની બુદ્ધિના અધિકાર પ્રમાણે જ દરેકને અનુભવો થાય છે. એટલે જ શિવમહિમ્નસ્તોત્રમાં કહે છે કે स्वमतिपरिणामावधिगृणन्. આવી અસાંપ્રદાયિક પ્રાર્થનાઓ આપણામાં સર્વસામાન્ય થવી જોઈએ.

'ચિન્માત્રમૂર્તિ' એ શબ્દનો અર્થ શુદ્ધ જ્ઞાનમય મૂર્તિ એવો થાય છે. 'સ્વાનુભૂત્યેક માનાય' એ શબ્દોમાં 'માન' શબ્દ એ સંસ્કૃત मा=માપવું એ પરથી થયો હોઈ તેનો અર્થ માપ થાય છે. માપવાના ગજને 'માનદંડ' કહે છે. ગુજરાતી ભાષામાં આ અર્થ પરિમાણ ઉપરથી 'પરમાણું' એ શબ્દમાં આજે રહેલો છે, અને તે મોચી લોકો વાપરે છે એ વાત રસપદ છે. —ર. ભો.]

છએક મહિના પછી એનો દીકરો આવ્યો. એણે મુંડન કરાવ્યું હતું. પૂછ્યું, આમ કેમ? તો કહે કે બાપા ગયા. કહ્યું : 'શું કહે છે? હજુ તો થોડા મહિના પહેલાં જ જૂના પથ્થર વેચવા અહીં આવ્યા હતા. તે હવે તું શું કરે છે?' એણે કહ્યું, 'હું હવે એ જ કરું છું. બાપિકી દુકાન સંભાળું છું. તમે મારી પાસેથી કંઇ પથ્થર મણિ મોતી નહિ ખરીદો? અગાઉ તો નિયમિતપણે બાપા જ તમને જોઇએ તે આપી જતા. મારી ઉપર પણ એવી જ કૃપા રાખજો.' એને કહ્યું કે છેલ્લી વાર તારા બાપા એક પન્નો લાવ્યા હતા. મને એ ખૂબ ગમી ગએલો તેથી મેં એના પચાસ રૂપિયા આપવા પણ કહેલું. થોડા દિ' પછી આવીશ કહીને તારા બાપા ગએલા, પણ પછી ડોકાયા જ નહિ. હવે એ જ પન્નો મને લાવી આપી શકીશ?' જૂના ગ્રાહકને જાળવવાની ઈચ્છાએ વળતે દિવસે શોધી એ જ પન્નો લઈને એ આવ્યો. મેં પૂછ્યું, 'શું આપું?' એ કહે 'બાપુજી સાથે જે વાત થએલી તે જ આપજો.' પૈસા લઇને એ દિવસે તો એ ચાલ્યો ગયો, પણ થોડા દિવસ પછી આવ્યો: કહે કે 'એક ભૂલ થઈ ગઈ છે.'

મેં કહ્યું, 'વળી ભૂલ? રીતસર મેં તારી પાસેથી રસીદ લઈને એ ખરીદ્યો છે. હવે તું એને ભૂલ કહે તો હું શા માટે એ સાંભળું? આ પન્નો તારા બાપુ પાસે માગેલો, પણ નહોતો મળ્યો. હાથમાંથી છટકી ગયો માન્યું એની તો આશા જ નહોતી રાખી. હવે તારી પાસેથી એ ખરીદ્યો છે, પછી એને હાથમાંથી કેમ જવા દઉં?'ને એ ચાલ્યો ગયો. તે પછી મુંબઇના ઠાકોરદાસ ઝવેરીને એ બતાવતાં તે તો અવાક જ થઈ ગયા! મને કહે કે, 'આ ચીજ તમને ક્યાંથી મળી? આ તો અતિ દુર્લભ પન્નો છે. બહુ કિંમતી છે. આ જાતનાં ફૂલના કાતરકામવાળા પન્નાનું ચલણ મુગલોનાં કાળમાં જ હતું. આનો રતિનો ભાવ ૫૦૦ રૂપિયાનો છે!' એનું વજન ઠીકઠીક કેટલીક રતિ જેટલું હતું. ઠાકોરદાસ કહે કે તમે આ પચાસમાં ખરીદ કરેલો છે પણ હું અત્યારે જ આના ૬૦૦ રૂપિયા આપવા તૈયાર છું.

એ પન્ના ઉપરાંત એક દુર્લભ મહોર હતી મારી પાસે. એની એક બાજુએ જહાંગીર અને બીજી બાજુએ નૂરજહાંનું ચિત્ર હતું. સો રૂપિયામાં રાખાલબાબુ પાસેથી મેં એ ખરીદી હતી. એ મહોર અને પન્નો આપીને અમારા ખાસ ઝવેરી પાસે એક પિન તૈયાર કરાવેલી પન્નાની ચારે બાજુ ઝીણાં ઝીણાં મોતી અને પન્નાની નીચે મહોર ઝૂલતી. એ પિન અલકની બાને આપેલી. એ એનો ઉપયોગ બરાબર કરતી. એના ખભા ઉપર લગભગ એ હોય જ. એને એ શોભતી પણ ખરી.

મનમાં થતું હતું કે આમ શોધતાં શોધતાં ક્યારેક કોહિનૂર પણ હાથ આવી જશે! પરંતુ એના કરતાં યે આજે મને આ લાકડાના ટુકડાટુકડી વધુ કિંમતી લાગે છે. મારી આ પૂતળીઓ કોહિનૂરથી તૈયાર નથી થતી. ભાંગી પડેલા વૃક્ષની એક સૂકી ડાળ નમિતા આપી ગઇ. ને કોલન વૉટરનું ખાલી બાકસ. એના આગળના ભાગમાં કાચ છે. તેમાં પેલી ડાળખી મૂકી દીધી ને કહ્યું કે આ લે: મારી ફટિક-રાણી લાગે છે. સંભાળીને મૂકજે. ઈચ્છા હતી કે બીજી કોઈ લીલી ડાળખી મળી આવે તો બાજુબાજુમાં સુવાડી દઉં. તો બેઉ શોભત.

એ પન્નાનો વા ચાલતો હતો ત્યારે એક દિવસ એક માણસ આવ્યો. જબલપુરમાં વિવિધ પ્રકારના પત્થરો મળે છે. બહુ પુરાતનકાળનાં જીવાત-જીવડાં અને લીલાં છોડવાં પથ્થર બની ગયાં હતાં. તેમાં એ બહુ સરસ લાગતાં હતાં. તેમાં એક બરાબર ગોળ તો નહિ પણ બદામ જેવો બહુ સરસ રંગનો જણાતો હતો. મનમાં એ ગમી ગયો. પણ કિંમત વધુ સાંભળતાં એ લીધો નહિ. એ માણસ પોતા પાસે હતા તે બધા જ પથ્થર બતાવી ચાલ્યો ગયો. હું ચુપચાપ વરંડામાં બેઠો હતો. સમર દા'ની નાની પૌત્રી આવી ત્યાં રમવા લાગી. હું જોતો હતો કે એ રમે છે અને સતત મોં હલાવ્યા કરે છે. જઇને જોયું તો મોમાં જીભ ઉપર પેલો જ પત્થર! કહ્યું, 'આ પથ્થર તું ક્યાંથી લાવી? જલદી થૂંકી નાખ. ગળી જઈશ તો હેરાન થઈ જઈશું!' પેલો માણસ જતાજતાં એ ભૂલી ગએલો!

સમર દા'ની પૌત્રી એ પથ્થરને લોઝેન્જિસની જેમ ચગળતી હતી. મેં ઝટપટ એના મોંમાંથી પથ્થર કાઢી ખિસામાં મૂક્યો. વળતે દિવસે એને વીંટીમાં બેસાડાવી વીંટી પહેરવા લાગ્યો. સુંદર હતો એ પથ્થર. એના ઉપર એક મધમાખી બેઉ પાંખ પસારીને બેઠી હોય તેવું દૃશ્ય અંકાઈ ગયું હતું. છોકરીઓ દોડતી જોવા આવી. કહ્યું, 'આ જુઓ; તાજમહાલ આની પાસે કેવો લાગે?' તાજમહાલ? જે જીવ મર્યો હતો એ તો ધૂળ થઈ ગયો હતો ક્યારનો, છતાં કુદરતે આ મધમાખીને કેવી આબાદ એવી ને એવી જ સાચવી રાખી છે? એનો રંગ પણ જરાયે બદલાયો નથી. કંઈ કેટલાંયે લાખ લાખ વર્ષો પૂર્વે આ ધરતીને હૈયે વસંત આવી હશે, મધમાખી પાંખ પસારીને ત્યારે વસુંધરા પર ફૂલછોડે ફરી રસપાન કરતી હશે, એ જ રસમાં આજે કબરમાં પણ એ એવી ને એવી જ સચવાઈ રહી છે!

આર્ટ સ્કૂલમાં વચ્ચેવચ્ચે એક સંન્યાસી આવતો. પટાવાળાઓ એને 'મોડેલ' (પાત્ર) તરીકે ઉપાડી લાવતા. કોક વૃક્ષ નીચેથી એ આવતો ને મોડેલ તરીકે બેસતો. વિદ્યાર્થીઓ એનું ચિત્ર ચીતરતા. વર્ગ પૂરો થતાં નક્કી કરેલા પૈસા લઈ એ ચાલ્યો જતો. હું ક્યારેક ક્યારેક સવારસાંજ એને હૅવેલના ફ્લૅટમાંથી બહાર નીકળતો જોતો. મનમાં થયું 'શું હશે?' હૅવેલનાં પત્નીએ કહ્યું કે 'હવે સહેવાતું નથી અવનબાબુ. કોક એક સાધુ આવે છે. સાહેબ એની પાસે ધ્યાનયોગ શીખે છે. આખો દિવસ એમાં જ ગાળે છે.'

મેં કહ્યું, 'એ તો ઠીક નથી. કોક ગમે તેવા સંન્યાસીને ફંદે ફસાઈ છેવટે છેતરાવાનું ન થાય તો સારું એક બપોરે એ જ સાધુ. મારી ઑફિસમાં આવીને ઊભો મને કહે કે 'આ લે આ હરડે. આ ખાવાથી નિત્યયુવાન રહીશ, ઉમર વધશે જ નહિ, વાળ ધોળા થશે નહિ વગેરે.' આમ કહી એણે લાલ બકુલના બી જેવું કંઈક મારા હાથમાં આપ્યું. તેના ચાલ્યા ગયા બાદ મેં એ ગજવામાં મૂક્યું મનમાં થયું, ખાઉં ને કંઈક થઈ જાય તો? થોડીવારે મારા રૂમમાં હૅવેલ આવ્યા. મને પૂછ્યું કે તારી પાસે પેલો સંન્યાસી આવ્યો હતો એ તને શું આપી ગયો? મેં ખિસામાંથી એ કાઢીને બતાવતાં કહ્યું 'આ.' સાહેબ કહે, 'મને પણ થોડુંક આપી ગએલો. હું તો ખાઈ ગયો.' મેં કહ્યું, 'એ તમે શું કર્યું? ઓળખ્યા પારખ્યા વિનાની વસ્તુ ખવાય જ કેમ?' ખાઈ ગયા તે હવે શું થશે? મનમાં અનેક વિચારો ઘોળાવા લાગ્યા. ઘેર પાછા વળતાં પેલી પાકી હરડે રસ્તામાં ફેંકી દીધી. કોણ જાણે નિત્યયુવાન રહેવાનો મોહ મને પણ સાહેબની જેમ થઈ આવે તો?

આવા ભાતભાતના લોકો ત્યારે નજરે પડતા હતા. (ચાલુ)

સ્પર્શ અને વેદના (અનુ. પૃ. ૧૩૫થી) ભાગોમાંથી મગજમાં જાય છે, જે ત્યાં સુપ્ત પડી રહે છે; પણ માનસિક વ્યાધિવાળાઓ (Neurotics)માં તે જાગ્રત થાય છે. આ દરદીઓમાં દરદ સહન કરવાનું બળ પણ તૂટેલું હોય છે. એમનામાં આ સુપ્ત સંવેદનાઓ એવાં તો ત્રાસ અને વેદના ઉપજાવતાં હોય છે કે અન્યને એનો ખયાલ આવવો—અરે દરદની જગ્યા બતાવે તો તે પણ કળવી મુશ્કેલ થઇ પડે છે. આ સંબંધમાં કેનેથ વૉકર શિખામણ આપતાં કહે છે કે શરીરની આપમેળે ચાલતી આ બધી ક્રિયાઓ પરત્વે તો જેટલું ઓછું ધ્યાન અપાય એટલું આપણા માટે ઉપકારક છે!

માસમાસનાં વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

‘આપણી વનસ્પતિ’ [૪૩] બાવળ



હળ બનાવવું હોય, ગાડાનાં પૈડાં બનાવવાં હોય કે બીજાં કોઇ ઓજાર બનાવવાં હોય, પણ તેને માટે બાવળ જેવું મજબૂત, ચીકણું ને ટકાઉ લાકડું બીજું નહિ મળે. આ માટે તો ખેડૂત પોતાને શેઢે ફૂગેલા બાવળને આંબા કરતાં વધારે કાળજીથી સાચવે છે. ગામડાનો સુતાર પણ ખેડૂતોના ઉપયોગ માટેનાં મજબૂત ઓજારો બાવળમાંથી જ તૈયાર કરીને વેચે છે, એટલે તો ‘સુતારનું મન બાવળિયે’ એ કહેવત ચાલતી આવી છે.

ઝાઝું પાણી પીને નભનારાં ઝાડનાં પાન મોટાં હોય છે અને થોડાં પાણી પર નભનારાં ઝાડનાં પાન નાનાં હોય છે. બાવળની દેહરચના જ એવી સૂકી હોય છે કે તેને ઓછામાં ઓછું પાણી જોઇએ. કાંટાવાળી અંગરચના આવાં ઝાડો માટે બહુ ખપવાળી છે. એ ઠંડી સહન કરવાનો કાયર છે. ત્યારે એના કાંટા પોતાના કઠણ અંગોમાં જીવનરસ જાળવી રાખે છે.

એ વાવવાની તકલીફ ભાગ્યે જ કોઇ લે છે. ઘેટાં કે બકરાં બાવળના પૈડીઆં ખાય અને પછી ઓગાળે એ ઓગાળમાંથી બહાર પડેલાં પૈડિયાં ‘ઓગાળીઆં બી’ કહેવાય છે. બીજા પ્રકારનાં-ઘેટાં-બકરાંની લીંડીમાં આવેલાં બી ‘હંગારિયાં બી’ કહેવાય છે તે જ ઊગે છે. એ સિવાયનાં બી વાવવાં હોય તો તેને છાણના રેડમાં બે ત્રણ દિવસ પલાળવાં પડે છે. અને છતાં તે બે ત્રણ વરસે ઊગે છે! આથી ખેડૂતો બાવળ વાવવા કરતાં કુદરતીરીતે ઊગેલા બાવળને વધારે સાચવે છે.

બાવળ ખારસ-લુણવાળી જમીનને સુધારે છે ને મીઠી બનાવે છે. તેનાં મૂળ ઊંડાં જઇને કઠણ જમીનને પણ પોચી કરે છે, એથી જમીનમાં પાણી વધારે સંઘરાય છે. બાવળનાં મૂળ બીજાં ઝાડ કરતાં વિશેષ ઊંડાં જાય છે એટલે ધરતીનું પાણી બાવળ વિશેષ શોષે છે તેથી બાવળના કાંટવાળા વિસ્તારમાં ટૂંકાં મૂળવાળાં વૃક્ષો ખીલી શકતાં નથી. માત્ર બાવળ જેવાં ઊંડાં મૂળવાળાં જ વૃક્ષો તેની સાથે ઊગી શકે છે. રેતાળ પ્રદેશને બાંધવામાં એ ઉપયોગી થઈ શકે છે, પણ દરિયાની ખારી હવા ખમી શકતા નથી. બાવળને નાળીએરીનો ઓથ આપવામાં આવે તો ત્યાં ઊગી શકે ખરા.

શહેરના મોટા ઉદ્યોગોમાં બાવળનો ઉપયોગ બહુ નજરે નહિ ચડે. પરંતુ ગામડામાં તો એનો ડગલે ને પગલે ઉપયોગ છે. ઘાણી બનાવવી હોય તો સારી લાઠ બાવળના લાકડામાંથી જ થઈ શકે. કપાસ લોઢવા માટે હાથચરખાની લાઠ પણ બાવળની જ થાય. પીંજવા માટે ચરખા સંઘે જે પગમશીન બનાવ્યું છે તેમાં દાંતા કે કાકર ભરાવવાનું સારું લાકડું બાવળનું જ ગણાય છે.

આટલી વાત બાવળના લાકડાની થઈ. એની છાલમાંથી તેમજ એની શીંગો-પૈડીઆમાંથી ૨૫ થી ૪૫ ટકા જેટલું ટેનીન મળે છે. છાલમાંથી રાતું ટેનીન અને શીંગોમાંથી કાળું. તે બંને લાલ અને કાળાં ચામડાં રંગવા માટે અત્યંત ઉપયોગી છે. ઉપરાંત ખત્રીઓ એનો રંગ બનાવે છે. શીંગોનો ઉકાળો કરીને તેના પાણીનું ઘન બનાવે છે તે ‘અકાકીઆ’ કહેવાય છે. બજારમાં તેની સોગઠી મળે છે, તે રંગના કામમાં વપરાય છે, કાથા જેવો જ એનો ઉપયોગ છે.

બાવળનાં કુમળાં મૂળ કૂટીને લોકો એનાં દોરડાં બનાવે છે, એ દોરડાં બહુ મજબૂત થાય છે. એના ઝાડ પર લાખ બાઝે છે એ રંગ કામમાં ઉપયોગી છે. એનાં કૂણાં પૈડીઆંનું ગામડાંમાં કેટલાક માણસો અથાણું કરી તેને ઉપયોગમાં લે છે. કાગળો ચોંટાડવા વગેરે કામમાં બાવળિયા ગુંદરનો ઉપયોગ તો જાણીતો છે અને દવાઓમાં તથા જુદાજુદા ખાવાના પાકમાં તે સારા પ્રમાણમાં કામમાં લેવાય છે.

બાવળના વૈદકીય ઉપયોગો એટલા જાણીતા છે કે સામાન્ય માણસ પણ બતાવી શકશે કે મોઢું આવી ગયું હોય ત્યારે મોઢામાં બાવળની પાની—કૂળાં પાન—રાખવી. ઉપદંશ મટાડવા માટે, પારાથી મોઢું આવ્યું હોય ત્યારે પણ એનું શમન આ ‘પાની’થી જ થાય છે. કોઈ વ્રણ કે ગૂમડું ધોવા માટે એકલું ચોખ્ખું પાણી વાપરવાને બદલે બાવળની છાલનો ઉકાળો વાપરવો વધારે સારો. જખમ રૂઝવી તે વેળાસર ભોંય લાવી દે છે. બાવળનાં પૈડીઆંનું દંતમંજન બનાવાય છે તે દાંતમાંથી નીકળતું લોહી, પરૂ વગેરે મટાડે છે ને પેઢાં ચડયાં હોય તે મટે છે. બાવળનું દાતણ એ કારણે જ શ્રેષ્ઠ મનાયું છે.

જેટલા આવળના ગુણ છે તેટલા જ બાવળના ગુણ છે. બાવળનાં ફૂલનો ગુલકંદ સ્ત્રીઓને પ્રદર મટાડે છે. પૈડીઆં ધાતુપુષ્ટિ કરે છે, પ્રમેહ મટાડે છે અને આંખોની ગરમી પણ મટાડે છે. બાવળનો ગુંદર ઘીમાં શેકીને ખાવાથી સુવાવડ પછીની અશક્તિ દૂર થાય છે, કમરની નબળાઈ મટે છે અને ધાતુપુષ્ટિ થાય છે.

બાવળનો એક વિશેષ ગુણ છે. કોઈ કારણે હાડકું ભાંગી ગયું હોય અને તે જલદી સંધાતું ન હોય ત્યારે તે કામ આપે છે. બાવળની આંતરછાલના ઉકાળામાં પકાવેલો ગૂગળ—‘આભા ગૂગળ’ હાડકાં સાંધવાનું ખાસ ઔષધ છે.

આપણે ત્યાં બાવળની અનેક જાતો છે, જેમકે તલ બાવળ, લીસો બાવળ, દેશી બાવળ, પરદેશી બાવળ વગેરે. ઉપરાંત હરમો, ગોરડ વગેરે પણ બાવળની જાતમાં જ ગણાય છે, પરંતુ આપણે તો અહીં દેશી બાવળની જ ચર્ચા કરી છે. આ બાવળ જંગલી સ્વરૂપમાં બહુ કાંટાવાળો, વાંકચૂંકવાળો હોય છે, (અનુ. પૃ. ૧૫૧મે)

આ તમે જાણતા હતા?

ખાંડનો ઉપયોગ ન કરતો હોય એવો કોઈ દેશ આજે ભાગ્યે જ હશે. એનો વધુમાં વધુ ઉપયોગ અમેરિકનો કરે છે: વરસે માથાદીઠ ૧૧૦ રતલ, જ્યારે ઓછામાં ઓછો ચીન: વરસે માથાદીઠ માત્ર ૩ રતલ જ.

ખાંડ શેરડીના રસમાંથી જ બને છે એમ આપણે આપણા અનુભવથી માનીએ છીએ. પરંતુ બ્રાઝિલ અને ઈટલી એમને ત્યાં થતા એક પ્રકારના ઘાસમાંથી, સિસિલી 'ઍશ' નામના વૃક્ષની એક જાતમાંથી અને જર્મની તથા બીજા કેટલાક દેશો 'બીટ' નામના કંદમાંથી તે બનાવે છે. આમ જોવા જઇએ તો શીલથી માંડી કાગળ સુધીની અનેક ચીજોમાંથી ખાંડ મેળવી શકાય, પણ એ મોંઘી બહુ પડે. અમેરિકાના જંગલખાતાના જણાવ્યા મુજબ તો લાકડાના એક ટન વેરમાંથી પણ અર્ધો ટન ખાંડ મેળવી શકાય!

તમને જાણીને નવાઈ લાગશે, પણ મીઠું સુદ્ધાં ખાંડમાં ફેરવી નાખી શકાય! 'બીટ' નામના જે કંદમાંથી એ બને છે એ મૂળ તો ખારા દરિયાની વનસ્પતિ જ છે, ને અત્યારે પણ જમીનમાં વાવવામાં આવ્યા છતાં તે પોતાનું પોષણ તો જમીનમાંના ક્ષારો દ્વારા જ કરે છે. યુદ્ધ દરમિયાન ખાતરની ખેંચ પડેલી ત્યારે વિજ્ઞાનીઓએ બીટના ખાતર તરીકે મીઠાનો ઉપયોગ સૂચવેલો, જે સફળતાને વરેલો.

પૂર્વના દેશોમાં ખાંડ મુખ્યત્વે શેરડીમાંથી બને છે. શેરડીનો મૂળ દેશ તો હિંદુસ્તાન જ. ત્યાંથી એ એક બાજુ હિંદી મહાસાગર અને પાસિફિકમાંના ટાપુઓ સુધી, અને બીજી બાજુ ઈરાન થઇ અરબસ્તાન સુધી પહોંચી. ઇસ્લામના ઉદય પછી મૂર લોકોએ સ્પેન જીતી ત્યાં પણ શેરડીની ખેતી દાખલ કરી.

યુરોપમાં પંદરમી સદી સુધી તો ખાંડ દવા તરીકે જ વપરાતી! ૧૬મી સદીમાં પૂર્વના દેશો સાથેનો વ્યાપારમાર્ગ ખુલતાં તેનો ભોજનમાં ઉપયોગ શરૂ થયો. જોકે શરૂઆતમાં તો એ ઉપયોગ રાજાઓ ને અમીર ઉમરાવો પૂરતો જ મર્યાદિત રહેલો, કારણ તેની કિંમત બહુ ભારે રહેતી. સત્તરમી સદીમાં એનો અધિક પ્રચાર થયો. એ સમયે મિજબાનીમાં ખાંડનાં બનાવેલાં રમકડાં મેજ પર પીરસવામાં આવતાં, અને એવું ખાણું ઉમદા ગણાતું.

બીટમાંથી ખાંડ બનાવવાનું યુરોપમાં ઓગણીસમી સદીમાં શરૂ થયું. નેપોલિયનનાં યુદ્ધો સમયે દરિયાઈ ઘેરાને કારણે ફ્રાન્સને બહારની ખાંડ ન મળતાં બેન્જામિન ડલેસે બીટમાંથી ખાંડ નિપજાવવાનું શોધી કાઢ્યું, જે સેવા બદલ નેપોલિયને એને 'લેજિયન ઑવ ઑનર'ના ક્રૉસથી સંમાનિત કરેલો.

ખાંડની આપણા શરીરને જરૂર છે, ને તે જુદાજુદા રૂપે શરીરને મળતી રહે છે. પરંતુ ફળ વગેરેમાંથી મળતી ખાંડને બદલે કારખાનામાં બનેલી ખાંડનો ઉપયોગ આજે અનેકગણો વધી ગયો છે. ખાંડનો વધુ પડતો ઉપયોગ જેમ હાનિકારક છે, તેમ તેનો અભાવ પણ હાનિકારક છે. ન્યૂ ઝીલૅન્ડના એક સંશોધકે તો એવું જાહેર કર્યું છે કે શરીરમાં ખાંડની ઊણપ માણસમાં ગુનાખોરી વિકસાવે છે!

મીઠાશમાં ખાંડ કરતાં સેકેરીન અનેકગણી મીઠી હોવા છતાં તેની બનાવટને ખાંડ સાથે કશો સંબંધ નથી. સેકેરીન કોઈ વનસ્પતિમાંથી નહિ પણ ડામરમાંથી નિપજાવાય છે.

શીખતાં શીખતાં કમાઓ

* * * પ્રો. સ. અ. રાનડેની આ

આ જાતના કોર્સિઝમાં સામાન્યરીતે ડિગ્રી કે ડિપ્લોમા ન મળે પણ વિદ્યાર્થી કાબેલ કારીગર બની શકે. જુદાંજુદાં કારખાનાઓમાં પૂછપરછ કરવાથી એની માહિતી મળી શકે. ખરું જોતાં મહત્ત્વના ઉદ્યોગોના જે સંઘો (associations) હોય છે તેઓ જો આ જાતની યોજના કરે તો ઉદ્યોગોને પણ લાભ થાય. નીચેના સરનામેથી આ વિશે વધારે માહિતી મળી શકે. સામાન્યરીતે આવા અભ્યાસક્રમોમાં અંગ્રેજી પાંચમી અથવા એસ.એસ.સી. પાસ થએલાઓને લેવાય છે.

(૧) ડાયરેક્ટર, ટેકનિકલ એજ્યુ. મુંબાઈ ૧. એમના તરફથી મિકે. એન્જિ., કાંતવું, વણાટકામ, ઈલેક્ટ્રિકલ એન્જિ. વગેરેમાં એવી ગોઠવણ થઈ શકે છે; (૨) મૅચ ફૅક્ટરી, અંબરનાથ; (૩) હિંદી સરકારની ટેકનિકલ ટ્રેનિંગ સ્કીમ; (૪) નૌકાખાતું; (૫) મુંબાઈ પોર્ટ ટ્રસ્ટ; (૬) સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કશૉપ, ટાપોસી (પૂના); (૭) ખડકી (પૂના)માં છે તેવા સૈન્ય માટેનાં કારખાનાંઓ (ordnance factory); (૮) રેલવેનાં કારખાનાંઓ. આવા પ્રકારનાં જુદાંજુદાં કારખાનાંઓમાં તપાસ કરવાથી પણ એવી તક મળી શકે.

સ્ત્રીઓ માટે ધનાર્જનના માર્ગો

હિંદ જેવા પછાત દેશમાં પુરુષો જ બેકાર હોય છે એટલે સ્ત્રીઓ માટે ધંધાઓ બહુ નથી. અહીં આ વિશે ફક્ત દ્રવ્યાર્જનની દૃષ્ટિથી જ માહિતી આપી છે. એ બધા જ ધંધા વિશે હું સંમત છું એમ નથી.

(૧) સેક્રેટરી: એ માટે ટાઇપિંગ અને શૉર્ટહૅંડ આવડવું જોઇએ. (૨) પ્રાથમિક શિક્ષિકા: પ્રાથમિક શાળાની પરીક્ષા પછી આ કોર્સ લઈ શકાય અથવા સરકાર-ખર્ચે પણ જવાય; (૩) ડૉક્ટર, નર્સ, મિડવાઈફ, હેલ્થ વિઝિટર: આ વ્યવસાયની તો આજે બહુ જ જરૂર છે; (૪) નૃત્ય અને સંગીત: સિનેમામાં આ બંનેની મહત્તા વિશેષ છે; (૫) પાકો માલ ઘેર બનાવીને વેચવો: સ્નો, પાવડર, હેર ઑઈલ ચૉકલેટ્સ, બિસ્કિટસ, દંતમંજન એવી વસ્તુઓ બી.એસ.સી. જેવો અભ્યાસક્રમ ભણેલી સ્ત્રીઓ બનાવે અને બીજી સ્ત્રીઓ ઘેરઘેર ફરીને વેચે; (૬) વિમા-એજંટ; (૭) ટાઈપરાઇટિંગ; (૮) વીશી કે લૉજ ચલાવવી; (૯) સીવણ; (૧૦) ભરત ગૂંથણ ઈત્યાદિ ઘેર બેઠાં થઇ શકે એવાં કામો. ઉપરાંત, સામૂહિક કે સાંઘિક રીતે પણ ઘણાં કાર્યો કરી શકાય. દા. ત. મશીનથી કપડાં ધોવાનું વગેરે.

કેટલીક ખાસ સંસ્થાઓ અને શિક્ષણક્રમો

(૧) ઍગ્રિકલ્ચર ઇન્સ્ટિટ્યૂટ, અલાહાબાદ: બી.એસ સી. (કૃષિ)ના અભ્યાસક્રમ સાથે આ જ સંસ્થામાં 'ઇંડિયન ડેઅરી ડિપ્લોમા'ની પણ સગવડ છે; (૨) કલાભુવન, વડોદરા: અહીં એન્જિનીઅરિંગ, રંગાટકામ, વણાટકામ, સાબુની બનાવટ અને આર્કિટેક્ચર વગેરેના અભ્યાસક્રમો છે; (૩) વિક્ટોરિયા જ્યુબિલી ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ, માટુંગા, મુંબઈ: એમાં અનેક સારાસારા એન્જિ. અને ટેક. અભ્યાસક્રમો છે; (૪) પોલીસ ટ્રેનિંગ સ્કૂલ, નાશિક: ૧૯થી ૨૨ વરસના ઈન્ટર પાસ થએલાઓને પ્રવેશ મળી શકે છે. નોકરી ચોક્કસ મળે છે. (૫) ઇંડિયન મર્ચંટ્સ ચેંબર, મુંબઈ: આ સંસ્થાના વિમો, હિસાબ, સેક્રેટરી વગેરેના અભ્યાસક્રમો છે. આ પ્રમાણે જ R. A., Cert. A.I.B., A.C.I.I. વગેરે બીજા પણ ડિપ્લોમા હોય છે; (૬) દિલ્હી પૉલિટેક્નિક, દિલ્હી; (૭) લોકલ સેલ્ફગવર્નમેંટ ઇન્સ્ટિટ્યૂટ,

અંકમાં પૂરી થતી વિદ્યાર્થીઓને દિશાસૂચક લેખમાળા

મૅટ્રિક પછીનું માર્ગદર્શ

મુંબઇ : આ સંસ્થા સુધરાઇઓ ને પ્રાંતપંચાયતો માટે કામેલ માણસો તૈયાર કરે છે. એવા પાસ થએલાઓને L.S.G.D. આ ડિપ્લોમા મળે છે; (૮) ઢોરના ડૉક્ટરોની કૉલેજ, મુંબઇ; (૯) દંતવૈદ્યો માટે નાયર ડૅન્ટલ કૉલેજ, મુંબઈ સારી સંસ્થા છે; (૧૦) જય ચામરાજેન્દ્ર ઑક્યુપેશનલ ઈન્સ્ટિટ્યૂટ, બૅંગલોરમાં વિદ્યાર્થીઓ તેમજ ધંધાદારીઓને પણ લે છે અને દરેક જણ પોતે પણ નાના પાયા પર ધંધો કરી શકે એ રીતે શિક્ષણ અપાય છે. મુંબઈ ઈલાકામાં આવી એક પણ સંસ્થા નથી; (૧૧) અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ, વર્ધા : આ સંસ્થા ગામડાના ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે; (૧૨) ઈમ્પીરિયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ શુગર ટેક્નોલોજી, કાનપુર : આ સંસ્થામાં ખાંડના ઉદ્યોગને માટે અગત્યના એવા ઘણા અભ્યાસક્રમોની સગવડ છે; (૧૩) જિંદગીના વિમા માટેની દેશી પરીક્ષાઓ : ઇન્ડિયન ઈન્સ્યુરન્સ એસોસિએશન, મુંબઈમાંથી માહિતી મળી શકશે; (૧૪) સ્કૂલ ઑવ માઈન્સ, ધનબાદ; (૧૫) સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સ, મુંબઇ : ચિત્રકળાના અભ્યાસ માટે આ ઉત્કૃષ્ટ સંસ્થા છે.

હિંદમાંના દ્રવ્યાર્જનના કેટલાક માર્ગો

(૧) આર્કિટેક્ચર (Architecture): હવે મુંબઈ યુનિવર્સિટી પણ આ વિષયમાં ડિગ્રી આપે છે. જે. જે સ્કૂલ ઑવ આર્ટ્સ, મુંબઈ અને કલાભવન વડોદરામાં તેના અભ્યાસની સારી સગવડ છે; (૨) જાહેરખબરોના તજજ્ઞ : જેમજેમ જીવનધોરણ વધશે તેમતેમ આવા લોકોની માંગ વધશે જ; (૩) ચિત્રપટો : આ વ્યવસાયમાં કથાલેખક, સિનારીઓ લેખક, કાવ્યલેખક, ધ્વનિલેખક, પ્રકાશલેખક, ફિલ્મ જોડનારાઓ (editor) અને આર્ટ ડિરેક્ટરો હોય છે. આ સિવાય દરજી, ચિતારા, વેશભૂષા તજજ્ઞ વગેરેની પણ એટલી જ જરૂર પડે છે. આમાં કોઈ પણ એક ખાસ વિષયનું આકર્ષણ હોય અને ગમે તે દુઃખ વેઠવાની તૈયારી હોય તો જ માણસ એમાં આગળ આવી શકે છે એમ સારાસારા નટોનું કહેવું છે. તૈયાર ફિલ્મો લઇને ભાડે આપનારાઓ ડિસ્ટ્રિબ્યૂટર્સ પણ હોય છે જ. આની સાથે નાનાં ગામોમાં ફરી ફિલ્મો બતાવવાનો પણ વ્યવસાય કરી શકાય તેવો છે. જેમજેમ સુશિક્ષિત લોકો એમાં પડશે તેમતેમ કલા અને આ લોકો બંનેને લાભ થશે જ; (૪) લેખન અને પ્રકાશન : આમાં કોઇ પણ સામયિક પ્રકાશિત કરવા સાથે પુસ્તકપ્રકાશન કરવું લાભદાયક છે. શાળોપયોગી લેખન કરતાં પ્રકાશન જ લાભદાયી નીવડે છે. ગુજરાતી ભાષાની વધતી જતી મહત્તા ધ્યાનમાં લઇએ તો આજથી દશ વર્ષ પછી ગુજરાતી લેખકોની ચોક્કસ કદર થશે જ. (૫) વીજળી electricity) : એનો પણ આવતા દશ વરસમાં ઘણો જ પ્રચાર થશે અને એ ઉપર ચાલતા ગૃહઉદ્યોગોનો પણ ખૂબ વિકાસ થશે. એટલે આ વ્યવસાયમાં પડનારાઓનું ભવિષ્ય પણ ઊજળું છે; (૬) દલાલી (broking) જુદાજુદા બજારોમાં દલાલોની જરૂર પડે છે. હાજર અને વાયદા આ બંને બજારોમાં એવા દલાલો હોય છે. પણ પાન, બીડી, સિગારેટસ, ફળો અને પુષ્પો ઈત્યાદિ જેવા કેટલાક સામાન્ય ધંધાઓમાં સુશિક્ષિત લોકો હજુ પડ્યા નથી. જોકે રૂ, શેર, સોના-ચાંદી વગેરેમાં તો દલાલો હોય છે જ; (૭) પથદર્શન અને પ્રવાસ (travelling agencies): આપણે ત્યાં હજી સુધી અતિશય ઉપેક્ષિત રહી ગએલો એવો આ વ્યવસાય છે. હિંદમાં એવી સારી પ્રવાસી સંસ્થાઓ હોય તો શ્રીમંત પરદેશીઓ અહીં આવવા જરૂર પ્રેરાય; (૮) વિશી-લૉજ : અમેરિકામાં ૬૦ ટકા લોકો આ સાથ પર જ નભે છે. હિંદમાં શહેરોમાં આ ધંધો લાભકાર (૯) દુકાનો : આ વ્યવસાયમાં હજુ પણ પ્રમાણિકતા અને નવી કલ્પનાઓને અવકાશ છે. (૧૦) વિક્રેતા (salesmansh ગામેગામ ફરીને માલ વેચનારાઓની પણ આ દેશમાં હજી : છે જ; (૧૧) પોસ્ટ મારફતે વેપાર (Mail order busine આ પદ્ધતિથી મજતર ઓછું હોય પણ માલ સારો હોય તો ધીમે ધંધો સારી પેઠે ખીલે છે; (૧૨) ચેઇન સ્ટોર્સ (chain stor એક જ દુકાનમાં બધું જ મળે એવી દુકાનો સહકારી પદ્ધતિથી સારી ચલાવી શકાય (૧૩) ગૃહઉદ્યોગ: જાપાની પદ્ધતિનું અનુકરણ ઓછા ખર્ચે ઘણીવસ્તુઓ બનાવી શકાય; (૧૪) સામાન્ય દવા

આ બધા જ ધંધાઓ માટે સમાજમાં સહકારની ભા જાગૃત હોવી જોઇએ અને સ્વદેશી માટેનો પ્રેમ પણ જોઇએ.

માહિતી મેળવવાનાં કેટલાંક સ્થળો

જોકે આ યાદી સંપૂર્ણ તો ન જ હોઇ શકે પરંતુ મુંબઇ સરકા પ્રકાશન ખાતા તરફથી અવારનવાર જે પ્રકાશનો પ્રસિદ્ધ થાય એ જરૂર વાંચવાં જોઇએ. ઉપરાંત, ટાઈમ્સની જાહેરખબરોમાં આવા અનેક ઉપયોગી સરનામાંઓ પ્રસિદ્ધ થાય છે. આ સાથે ન જણાવેલાં સ્થળોએથી કઈ કઈ જાતની માહિતી મળી શકશે તે સરનામું વાંચતા જ સમજી શકાશે.

૧ ડિરેક્ટર ઑવ ઍગ્રિકલ્ચર, પૂના-૧
૨ ,, ઑવ ટેક્નિકલ એજ્યુકેશન, મુંબઇ-૧
૩ ,, વૉકેશનલ ગાઈડન્સ બ્યૂરો, મુંબઇ-૧
૪ ચીફ ઑફિસર, ઍમ્પ્લોયમૅંટ એક્સ્ચેંજ, અમદાવાદ
૫ મિલઓનર્સ એસોસિએશન, મુંબઈ અને અમદાવાદ
૬ રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭ સરજન જનરલ, મુંબઈ-૧
૮ પબ્લિક સર્વિસ કમિશન, મુંબઈ-૧
૯ સેન્ટ્રલ પબ્લિક સર્વિસ કમિશન, દિલ્હી
૧૦ સેન્ટ્રલ ગવર્નમૅંટ પ્રેસ, દિલ્હી
૧૧ ગવર્નમેન્ટ પ્રેસ, મુંબઇ
૧૨ ધી બૉર્ડ ઑવ ઇન્ડિયન મૅડિસિન, મુંબઈ
૧૩ રીક્રૂટિંગ ઑફિસર, ઇન્ડિયન આર્મી, મુંબઈ ૧
૧૪ ઇન્ડિયન મર્ચંટ્સ ચૅંબર, મુંબઈ-૧
૧૫ ગુજરાત યુનિ. એમ્પ્લોયમૅંટ બ્યૂરો, અમદાવાદ
૧૬ એકાઉન્ટન્સી બૉર્ડ, અમદાવાદ

આ સિવાય એસ.એસ.સી. થયા બાદ શું કરવું તે વિષે માર્ગદર્શન આપતી પુસ્તિકાઓની એક યાદી આ નીચે આપી છે, પ્રત્યેક શાળાએ પોતાના વિદ્યાર્થીઓ માટે તે વસાવવી જોઇએ.

(૧) એસ.એસ.સી. વૉટ નેક્સ્ટ? (અંગ્રેજી), ૦-૬-૦; (૨) હૅંડ બુક ઑવ ટેક્નિકલ ઍન્ડ વૉકેશનલ ટ્રેનિંગ (અંગ્રેજી), ૧-૦-૦; (૩) ફેસિલિટિઝ ફોર કૉમર્શિયલ ઍજ્યુકેશન (અંગ્રેજી), ૦-૫-૦; (૪) ફેસિલિટિઝ ફોર ટેક્નિકલ ઍજ્યુકેશન (પૅમ્ફ્લેટ નં. ૫૨, અંગ્રેજી), ૧-૦-૦, આ ચારેનું પ્રાપ્તિસ્થાન : ગવર્નમેન્ટ બુક ડીપો, મુંબઈ-૧; (૫) રોટરી ક્લબની ધંધાવિષયક પુસ્તિકાઓ (અંગ્રેજી), ઑક્સ્ફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઈ-૧, દરેકના ૦-૮-૦; (૬) બુક ઑવ કૅરીઅર્સ

(અંગ્રેજી), પારસી પંચાયત બ્યૂરો, ૨૦૯ હૉર્નબી રોડ, મુંબઈ-૧, ૨-૦-૦; (૭) કુમાર ઉત્કર્ષ મંડળની પુસ્તિકાઓ (મરાઠી), બૉમ્બે બુક ડીપો, મુંબઈ-૪, દરેકના ૦-૮-૦; (૮) સમ કેરીઅર્સ ફૉર વુમન (અંગ્રેજી), ઠાકર ઍન્ડ કં., મુંબઇ-૧, ૦-૮-૦.

સરકારી નોકરી વિષે માહિતી

હાલ તો જુદાજુદા ઉદ્યોગો પણ સરકાર પોતાના હસ્તક લઇ રહી છે. એટલે સરકારી નોકરોની સંખ્યા વધતી જ જવાની. એટલે તેમાં પડયા પહેલાં તેના વિષે પણ થોડી માહિતી હોવી જરૂરી છે. સરકારી નોકરીમાં તો વધારે લાંબી નોકરીવાળાઓને જ ઉપરની જગ્યાઓ મળે એ દેખીતું છે. છતાં સૌજન્ય, કાર્યદક્ષતા, ચીવટ, પ્રમાણિકતા ને ખંત જેવા મહત્ત્વના ગુણો સરકારી કે ખાનગી નોકરીમાં નોકરી ખાતર નહિ તો યે ચારિત્ર્યની દૃષ્ટિએ પણ માણસે ખીલવવા જ જોઈએ. લાંબે ગાળે એક ધારા કામને લીધે કયારેક કંટાળો પણ આવે, પણ તેનો તો કંઇ ઉપાય નથી. સરકારી નોકરી માટે તો પોસ્ટ, રેલવે, ઈન્કમટૅક્સ, સેલ્સટૅક્સ, એક્સાઈઝ, ટ્રાન્સપોર્ટ, લશ્કર, રેવન્યૂ વગેરે અનેક ખાતાંઓ છે. હવે લગભગ દરેક ખાતામાં દાખલ થવા માટે એક લેખિત પરીક્ષા લેવાશે એમ લાગે છે. આવી પરીક્ષામાં ટૂંકમાં વિગતસર જવાબ આપવો, લેખન ભૂલો વિનાનું ને ઉત્તર બુદ્ધિજન્ય હોવો જોઇએ. તે માટે સ્મરણશક્તિ પણ સારી હોવી જોઇએ. વિદ્યાર્થીઓના સારા ભાવિ માટે નિશાળો અને કૉલેજોમાં જ આ ગુણો કેળવવા જોઇએ. વિદ્યાર્થીએ 'અભ્યાસ કઈ રીતે કરવો?' એ સારી પેઠે સમજી શકે તો જ એ બને. આ લેખકની આ નામની એક મરાઠી પુસ્તિકા પણ છે.

મૅટ્રિક થએલાઓને ૫૦થી ૧૩૦ અને બી.એ. થએલાઓને ૮૦થી ૨૨૦ એવી સામાન્ય ગ્રેડો હોય છે, પણ ઉપલી કક્ષામાં મૅટ્રિકવાળા ૨૦૦ સુધી અને બી.એ. વાળા ૩૫૦ સુધી પણ પહોંચી શકે. એ માટે ભાવિમાં વિકસી શકે તેવાં નવાં ખાતાંઓમાં પ્રવેશ મેળવવો સારો.

જૂની આઈ. સી. એસ.ની જગાએ હવે ઇંડિયન ઍડમિ. સર્વિસની પરીક્ષા શરૂ થઇ છે. આ પરીક્ષાની માહિતી સેક્રેટરી, પબ્લિક સર્વિસ કમિશન, દિલ્હી પાસેથી મળી શકે છે. તેના જૂના પરિક્ષાપત્રો મેળવી બાહોશ વિદ્યાર્થીઓએ મૅટ્રિક પછી બી.એ. સુધીનાં ચાર વર્ષોમાં દરરોજ એક કલાક આ પરીક્ષાની દૃષ્ટિએ જ અભ્યાસ કરવો જોઈએ. આવો વિદ્યાર્થી તેનો બીજા કરતાં ૧૫૦૦ કલાક વધારે અભ્યાસ થએલો હોઈ જરૂર યશસ્વી થઇ શકે. આમાં મૌખિક પરીક્ષા અઘરી હોય છે ને તેને માટે સામાન્ય જ્ઞાન સંગીન હોવું જોઇએ. દુનિયાના ને હિંદના ઈતિહાસ-ભૂગોળનું વિશેષ જ્ઞાન, વિજ્ઞાનનું સામાન્ય વ્યાવહારિક જ્ઞાન, દેશવિદેશના વર્તમાન પ્રશ્નોનો સૂક્ષ્મ અભ્યાસ, જીવન જીવવા વિષયક દૃષ્ટિ. દા. ત. વાચન, નાટકસિનેમા, રમતગમતો વગેરેનું જીવનમાં મહત્ત્વ તથા તેના લાભાલાભની પરખ અને સામાન્ય માણસની નીતિરીતિની સમજ હોવી જોઇએ.

ગરીબ વિદ્યાર્થીઓનો પ્રશ્ન

દિવસે દિવસે આ પ્રશ્ન વિકટ બનતો જાય છે. આ વર્ષે એસ. એસ. સી.માં પ્રાથમિક શાળાના ઘણા શિક્ષકો દીપી ઊઠયા તે પરથી લાગે છે કે જો તેઓ પહેલેથી ભણી શકયા હોત તો ઘણો ફેર પડત! પણ અભ્યાસની સગવડ નહિ મેળવી શકતા વિદ્યાર્થીઓએ શું કરવું જોઇએ એ હવેની શાળા મહાશાળાઓએ વિચારવું જ જોઇએ. પરંતુ તે પહેલાં યે વિદ્યાર્થીમાંથી શારીરિક શ્રમ પ્રત્યેની નફરત જવી જોઈએ. અને બીજું સમાજને પણ ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવાની પોતાની ફરજ છે એવું ભાન હોવું જોઇએ. આ માટે અમેરિકન વિદ્યાર્થીઓનો ધડો લેવા જેવો છે. લોકોએ પણ સ્વાવલંબી વિદ્યાર્થીઓની કદર કરી તેમને શકય એટલા મદદરૂપ થવું જોઈએ.

આ રીતે વિચારીએ તો સર્વ પ્રથમ કેન્ટિન અથવા હૉટેલનો ધંધો તરી આવે છે. વિદ્યાર્થીઓની સંસ્થા જ જગ્યા અને જરૂરી ફર્નિચર વગેરે આપે અને ગરીબ વિદ્યાર્થીઓ એવી હૉટેલ ચલાવે. વિદ્યાર્થીઓ સવારથી સાંજ સુધી ચાર ચાર કલાક બેસે અને એકીસાથે છથી આઠ વિદ્યાર્થીઓ હોય તો લગભગ ૩૦ વિદ્યાર્થીઓનો માસિક અરધો ખરચ તો ચોક્કસ નીકળી રહે એમ લાગે છે.

આ પ્રમાણે જ ઘેરઘેર ફરીને માલ વેચવાનો વ્યવસાય પણ છે. બજારમાંથી જથ્થાબંધ માલ ખરીદી તે લોકોને ઘેર પહોંચાડી શકાય. જો કે તે માટે પહેલેથી જ ઘરાકો નોંધી લેવા જોઈએ. મોટા શહેરમાં એવા અનેક એકલદોકલ માણસો હોય છે જેઓ આવું કામ કરી આપતા વિદ્યાર્થીઓ પાછળ થોડી એવી રકમ ખરચી શકે. સિનેમા સિગારેટોમાં પૈસાનો ખોટો વ્યય કરનાર જ્ઞાતિબંધુ વિદ્યાર્થીઓને મદદ આપવા કરતાં આવા સ્વાવલંબી વિદ્યાર્થીઓને મદદ આપવી સારી.

આ રીતે પોતાની લાયકાત અનુસાર બીજા અનેક વ્યવસાયો કરી શકાય. કલાક બે કલાક કોઈનું નામું લખીને પણ કંઈક મેળવી શકાય. જુદાજુદા વાયદાનાં બજારોમાં ફરકિયા દલાલ તરીકે પણ કામ કરી શકાય, કેટલીક દુકાનોમાં પણ હંગામી નોકરોની જરૂર હોય છે જ. આવી તકોનો લાભ લેવા સારુ વિદ્યાર્થી સંઘટનોએ રીતસરના પ્રયત્નો કરવા જોઇએ. ખરેખર કામ કરવાની તૈયારીવાળા વિદ્યાર્થીઓની યાદી રાખી પ્રસંગોપાત્ત તેમને તેમની યોગ્યતાનુસાર કામ આપવું જોઈએ. આથી અનેક લાભ આપતી સહકારી પદ્ધતિએ કામ કરવાનો પણ મહાવરો પડશે. નિશાળો, વિદ્યાપીઠો અને કારખાનાં તથા ઑફિસો પણ એવા સ્વાવલંબી વિદ્યાર્થીઓ માટે થોડીક એવી ખાસ જગ્યાઓ રાખી આમાં મદદ કરી શકે. વૃત્તપત્રો અને છાપખાનાંઓ પણ આમાં સાથ આપી શકે. આ ગરીબ દેશના મોંઘા ભણતરમાં આવી આવક પૂરતી થઇ રહે એમ તો ન કહી શકાય, પણ થોડુંઘણું ખરચ તો ફડી જ રહે. પણ સહકાર અને શ્રમની તૈયારી વિના આ પ્રશ્નનો ઉકેલ અશકય છે.

એસ. એસ. સી.ની પરીક્ષા પત્યા પછી તુરત જ વિદ્યાર્થીઓએ પોતાના ભાવિ અભ્યાસક્રમો વિષેની માહિતીઓ મેળવવા પાછળ લાગી જવું જોઇએ. નિશાળોએ પણ તે માટે સાહિત્ય એકઠું કરીને ને શકય હોય તો આ વિષે સલાહ-સૂચનો આપતી તજજ્ઞોની એકાદ વ્યાખ્યાનમાળા ગોઠવીને વિદ્યાર્થીઓને સહાયભૂત થવું જોઇએ.

માહિતી મેળવવા માટે ઘણી વખત પત્રવહેવાર કરવો પડે છે. એવે વખતે પત્ર સાથે જવાબ મેળવવા જરૂરી પોસ્ટેજ અવશ્ય બીડવું જોઇએ. પત્રોમાંનું લખાણ પણ મુદ્દાસર ને ટૂંકું હોવું જોઈએ. આ રીતે માહિતી મેળવીને કોર્સ નક્કી કર્યા પછી ખંત ને ચીવટથી કામ કરતા વિદ્યાર્થીઓને પોતાની લાયકાત અનુસાર યશ મળે જ છે.

ઉપસંહાર

આ લેખમાળા 'કુમાર'ના તંત્રીશ્રીની પ્રેરણા અને પ્રોત્સાહનથી જ લખાએલી છે. એક તાલુકાના ગામમાં રહીને આ કામ હું કરું છું એટલે દેખીતી રીતે એમાં થોડીક ક્ષતિઓ રહેવાની જ. પણ આથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પાલકો જો આ વિષે સચેત અને વિચારશીલ બને તો યોગ્ય ધંધાની પસંદગી તેઓ કરી શકશે. અને આથી તેમનું જીવન ધનવાન નહિ તો પ્રાણવાન અને પ્રફુલ્લ તો અવશ્ય બને એટલું ચોક્કસ છે. આ લેખમાળાને ગુજરાતી વાચકોએ જે આવકાર આપ્યો છે તે બદલ તેમનો આભાર માની હું વિરમું છું.

પચ્ચીસ વર્ષ પહેલાં



ચૈત્ર ૧૯૮૪ અંક પરમાંથી

આ અંકને ઊઘડતે પાને કાકાસાહેબ કાલેલકરનો 'નાસ્તિકતા ઉપરનો એક નાનો પણ વિચારવા યોગ્ય લેખ આપેલો જે આજ પચ્ચીસ વર્ષે પછી પણ એટલો જ લાગુ પડતો હોઈ સામેના કૉલમમાં જુદા ચોકઠામાં ઉતાર્યો છે. 'કુમાર'-ની પ્રવૃત્તિ પ્રશંસા કે બદલાની આશાથી જન્મ પામી ન હતી. પરંતુ એણે પાંચ વર્ષથી કરેલા કાર્યની ગણના અને કદર એ કાળે પણ શ્રીમાન અને વિદ્વાન વર્ગમાં અચૂકરીતે વસી હતી તેની પ્રતીતિ આ માસે 'કુમાર'ને મળેલા રૂ. ૫૦૦)ના 'ગળિયારા સાહિત્ય પારિતોષિક' પરથી થશે. એ અંગે 'મિજલસ'ની તંત્રીનોંધમાં તંત્રીએ લખેલું: 'કુમારે' કદી ઈનામ કે દાનની રકમ ઉપર નિર્ભર થવાની ઇચ્છા કરી નથી. 'કુમાર'ના સંકલ્પો સિદ્ધ કરવ યથામતિ યથાશક્તિ કામ કર્યે જવું અને તેનો લાભ લેનારા જ તેનો ભાર ઉઠાવે એ અમારી માન્યતા છે. ગ્રાહકોના લવાજમથી પૂરું ન થઇ શકે તોપણ દાનની રકમથી પકવેલો ખોરાક તે ગ્રાહકોને ન જ પીરસવો એવો અમારો દુરાગ્રહ છે. એટલે આ પારિતોષિકનો ઉપયોગ હું સચિત્ર જ્ઞાન પ્રસારના નવા પ્રયોગો પાછળ કરવા ચાહું છું.'

નાસ્તિકતા

અહો, માયાવી નાસ્તિકતા કેટકેટલાં રૂપ ધારણ કરે છે! માંદો માણસ અપથ્યને ઓળખતો છતાં તે સેવીને 'આટલાથી કશું નથી થવાનું' એમ મનને મનાવી એ નાસ્તિકતા કેળવે છે.

છાનું કરેલું પાપ પોતાને કે બીજાને નડવાનું નથી, એમ માનનાર પ્રતિષ્ઠિત માણસ નાસ્તિકતાને સેવે છે.

સદ્‌ગુણ ને લાયકાતનો કોઇ કદરદાન ન મળે તો એ એળે જવાનાં છે એમ માનનારાઓ યે નાસ્તિકતાને જ વરેલા છે.

અને આજે દુનિયામાં જે નાસ્તિકતા સર્વત્ર ફેલાએલી છે તે એ કે લોકોની એવી માન્યતા થઇ ગઈ છે કે 'જગતમાં ધૂર્તતા, લુચ્ચાઇ, કપટ અને દુષ્ટતાનો જ વિજય છે.'

ઈશ્વરના અવતાર થઈ ગયા તે થઇ ગયા, હવે ઈશ્વર મરી નહિ ગયો હોય તો કુંભકર્ણની નિદ્રામાં તો પડયો જ છે, હવે એનાથી ડરવાનું કારણ નથી, એવી જે વ્યવહારુ માન્યતા સત્તાધારીઓમાં ઘર કરી બેઠી છે એ પણ નાસ્તિકતાનો તાજો અવતાર છે.

સત્યયુગ એની મેળે આવવાનો છે, એને માટે આપણે કશો પ્રયત્ન કરવાની જરૂર નથી, એવી આશા બાંધવી એ પણ જુદી જાતની છતાં નાસ્તિકતા જ છે એ ન ભૂલવું જોઈએ.

નાસ્તિકતા બળતણના ઢગલા જેવી છે, અને આસ્તિકતા એ દેવતાની ચિનગારી સમાન છે. બળતણ ભીનું છે ત્યાં સુધી એ ટકવાનું. માણસજાતની બેદરકારી એ નાસ્તિકતાની ભીનાશ છે.


દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

માળા એ કંઈ પક્ષીઓનાં ઘર નથી. બારે માસ પક્ષી ત્યાં જ વાસ કરીને રહેતાં નથી. માત્ર ઇંડાં મૂકવા તથા બચ્ચાં ઉછેરવા પુરતા જ પક્ષીઓ માળા બાંધે છે અને તે કામ થઈ રહ્યે માળા છોડી દે છે. આ કામ તેઓ પ્રેરણાશક્તિથી જ કરતાં હોવાથી તેમાં બુદ્ધિને બહુ જ ઓછો અવકાશ છે. માળા બાંધવા માટે જગ્યા પસંદ કરવી, ઇંડાં મૂકવાં, તેને સેવવાં, બચ્ચાં મોટાં કરવાં–આ બધાં કાર્ય પાછળ પોતાનું અને બચ્ચાં અથવા ઇંડાનું સંરક્ષણ કેમ કરવું તે જ વૃત્તિ પૂર્ણ જોશથી કામ કરતી હોવી જોઇએ. જે પક્ષીઓની ચાંચ, પાંખ અને પંજા જોગાવર છે તેમને પોતાનાં ઈંડાં તથા બચ્ચાંના રક્ષણ માટે માળાની ખૂબી કરવાની જરૂર રહેતી નથી. જેઓમાં આ શક્તિ ઓછી છે તેઓ માળાની રચનાની ખૂબી કરી પોતાનાં ઇંડાંનું રક્ષણ કરવા યત્ન કરે છે. આ ખૂબી વગરનાં ને શરીરસંપત્તિ વિનાનાં નિર્બળ પક્ષીઓ બીજાં શિકારી પક્ષીઓના ભોગ થઇ પડે છે.


સમળી, કાગડા, કાળાકોશી અને સફેદ લટોરા તદ્દન ઉઘાડા માળા બાંધે છે. તેમાં કિલ્લેબંધી જેવી કાંઇ જ ખૂબી હોતી નથી. કોઈ પણ મોટા ઝાડની ઊંચી ડાળી ઉપર તમે સાંઠી, રાડાં અને ઝરડાંનો ખડકેલો એક ઢગલો જુઓ તો માની લેવું કે તે સમળી કે કાગડાનો માળો છે. સમળી અને કાગડા બંનેની ઈંડાં મૂકવાની ઋતુમાં ફેર હોઇ કાગડાના માળા સમળી અને સમળીના માળા કાગડા વાપરે છે. છતાં પણ કાગડાએ ઇંડાં મૂક્યાં હોય ત્યારે સમળીની તાકાત નથી કે તે ઝાડ ઉપર જઇ શકે. જો જાય તો કાગડા એવો તો હલ્લો લાવે કે તેને જીવ લઈ નાઠે છૂટકો. માણસ પણ જો તે ઝાડ ઉપર ચડવા યત્ન કરે તો ચંચુપ્રહારથી કાગડા તેનું માથું જ ફોડી નાખે.

પણ શેરને માથે સવાશેર હોય જ. એક વાર એક થાકચોપાકચો કાગડો એક ઝાડ ઉપર બેસવા ગયો. તેને ખબર નહિ કે કાળાકોશીએ તેમાં માળો બાંધ્યો છે. નરમાદા તેના ઉપર તૂટી પડયા. કાગડો ગભરાઇ અને મહામહેનતે જીવ લઇને નાઠો.

સફેદ લટોરો પણ પોતાની શક્તિથી જ બચ્ચાંનું રક્ષણ કરે છે. તે કદમાં તો કાબરથી પણ નાનું હોય છે, છતાં શિકારી પક્ષી ગણાય છે. તે પણ બાવળોમાં ઉઘાડા માળા બાંધે છે અને પછી દૂર ડાળે બેસી ઇંડાં અને



સુગરીના માળાના બંધાતી વખતની જુદીજુદી સ્થિતિ



પોતાના છાપખાનામાં કામ કરતો બેન્જામિન ફ્રાંકલિન (જમણી બાજુ) તેનું વિખ્યાત 'પૂઅર રિચડ પંચાંગ'

બચ્ચાનું રક્ષણ કરે છે. નાનાં પક્ષીઓનાં ઈંડાંનો નાશ મોટે ભાગે કાકીડા અને ઘરોળાં કરે છે. સફેદ લટોરાની ચાંચ એટલી મજબૂત નથી કે તે ચંચુપ્રહારથી કાકીડા કે ઘરોળાંને મારી શકે; પણ તે તેમને પકડી બાવળની શૂળમાં પરોવી દે છે અને પછી ધીમેધીમે તેમનો નાસ્તો કરે છે. ગરુડ અને બાજ જેવાં બહુ જ જોરાવર શિકારી પક્ષીઓ તો ઊંચે પર્વત કે ખડકોની બખોલોમાં ઇંડાં મૂકે છે. તેઓને તો બિલકુલ ડર ન હોઇ કાંઇ કિલ્લેબંધી કરવા જેવું જણાતું જ નથી.

સુગરી અને ફુલચકલી ઘણા જ સુંદર અને અદ્ભુત ગુંથણીવાળા માળા બાંધે છે. ફુલચકલી તો બહુ જ નાનું પક્ષી છે. તેના માળા જમીનથી પાંચ છ ફીટ જ ઊંચે છતાં એવે સ્થળે હોય છે કે કોઈનું ધ્યાન ન જાય ને નાજુક ડાળેથી લટકતા હોઈ કાકીડા કે ઘરોળાં યે ત્યાં જઇ ન શકે.

ફુલચકલીના માળા એ સુગરીના માળાનું નાનું સ્વરૂપ જ હોય છે. લંબગોળ માળો અને પેટે એક બારી. બારી ઉપર છજું અને ઊંડાણમાં ઈંડાંને રાખવાનું એક ખીસું. એટલે કાગડા પણ કોઈ રીતે તેનાં ઈંડાંનો નાશ ન કરી શકે. સુગરી તો માળા ઘણે જ ઊંચે, તાડ નાળિયેરી જેવાં વૃક્ષની છેક છેલ્લી ડાળે લટકતા બાંધે છે, તેમાં પ્રવેશવા માટે નીચે બાંકોરું હોય છે અને માળો અંદરથી બેવડો એટલે બચ્ચાં ને ઇંડાં તદ્દન સલામત.

આ સિવાય કેટલાંક નિર્બળ પક્ષી દરમાં ઈંડાં મૂકે છે. કલકલીઓ, કાબર, નાનો નીલકંઠ વગેરે તો નદીની ભેખડોમાં અથવા દીવાલોમાં ઊંડાં દર બનાવી તેમાં ઇંડાં મૂકે છે. લક્કડખોદ જેવાં કેટલાંક પક્ષીઓ ઝાડની ડાળોમાં ગોળ દર કોરી કાઢે છે. સુતાર પણ પોતાનાં હથિયારથી ન બનાવી શકે તેવું સફાઈદાર ગોળ કાણું એ ચકલી જેટલું નાનું પક્ષી પોતાની ચાંચ વતી ખોદી કાઢે છે ને તેમાં ઈંડાં મૂકે છે. આ ઋતુમાં ધ્યાન આપીને સાંભળો તો ટોન્ક, ટોન્ક એવો સતત અવાજ કોઈ દૂરના ઝાડ ઉપરથી સંભળાતો માલૂમ પડશે. તે અવાજ પાછળ જો તમે જાઓ તો નાનું લીલા રંગનું અને કપાળ તથા ડોકે લાલ ટીલાંવાળું પક્ષી ઘણે ભાગે પીપરના ઝાડ ઉપર જોશો-પીપરના પાન સાથે તે એવું તો મળી જાય છે કે શોધવું ભારે કઠણ પડે; અને વળી દર વખતે પોતાનું મોં જુદીજુદી દિશામાં ફેરવી અવાજ કરે છે એટલે અવાજ ક્યાંથી આવે છે તે નક્કી કરવું પણ તેટલું જ મુશ્કેલ થઇ પડે છે. આ પક્ષી માળા ખાલી કરે છે ત્યારે બબ્બઇ (બ્રહ્માની મેના) તેનો ઉપયોગ કરે છે. આ જાતના માળા બહુ જ સહીસલામત છે. તેને ભય માત્ર એક સાપનો જ છે. જો સાપ તે દરે પહોંચે તો તેઓ કોઈપણ રીતે બચ્ચાં તેમજ ઈંડાંનો બચાવ કરી શકે નહિ.

આજુબાજુની વસ્તુની સાથે મળી જાય તેવા માળા બાંધી ઘણાં પક્ષીઓ પોતાના ઈંડાંનું રક્ષણ કરે છે. ચંડુલ જમીન ઉપર ખડના ડૂચાનો એવો તો માળો બાંધે છે કે તેના ઉપર કોઈનું લક્ષ જ ન જાય. ટીટોડી નાના ગોળ પથ્થરોમાં એવી તો સુંદર રીતે ઇંડાં ગોઠવી દે છે કે તે કોઇની નજરે જ ન ચડે. રાજાલાલ નામનું પક્ષી વળી ઝાડની ડાળ ઉપર કુદરતી લાકડાની નાની ગાંઠ હોય તેવો માળો બાંધે છે. તે રૂપરંગમાં ઝાડમાં એવો તો મળી જાય છે કે ધ્યાન આપી જોનારને પણ ન જડે. આ પ્રમાણે કુદરતી પ્રેરણા શક્તિથી પક્ષીઓ પોતાનાં ઈંડાં અને બચ્ચાંના સંરક્ષણ માટે પૂરતું કરે છે. છતાં સૈકડે ૭૫ ટકા બચ્ચાં ન જીવ્યાના જ દાખલા છે. એક અમેરિકન પક્ષીવિશારદે કાઢેલા આંકડા પ્રમાણે, દુનિયામાં દર ૧૦૦ એકરે ૨૨૪ પક્ષીઓ છે અને દુનિયાની માણસની વસતિ કરતાં પક્ષીની વસ્તી ૪૦ગણી વધુ છે. તો આ મરણમાં પણ શું પ્રભુનો કોઈ સંકેત હશે?

સ્કાઉટિંગ ને પક્ષીનિરીક્ષણની શ્રી ગજાનન ભટ્ટની રસમય લેખમાળાના આ હપતા જેટલું જ રસિક હતું એ અંકમાંનું બેન્જામિન ફ્રાંકલિનનું જીવનચરિત્ર. એ આખું પ્રેરક ચરિત્ર તો અહીં ઉતારી શકાય તેમ નથી એટલે 'આકાશમાંથી વીજળી ઉતારનાર ને રાજાઓના હાથમાંથી રાજદંડ ઝૂંટવનાર' અમેરિકાના એ વૈજ્ઞાનિક રાષ્ટ્રપ્રમુખની અનેકમુખી પ્રતિભામાંથી એકની વાનગીરૂપ તેના છાપખાનાના એક ચિત્ર સાથે તેના પ્રખ્યાત 'પૂઅર રિચર્ડ પંચાંગ'નું ચિત્ર આપણે અહીં ઉપર જોઈએ. અને હવે જુઓ એવો જ આ રસિક વ્યક્તિ પરિચય:

પેલો ફકીર જેવો બેપરવા દેખાવનો માણસ કોણ છે? એ સહજમાં હસ્યા કરે છે; માનપાનની તેને દરકાર નથી; શોભા શણગારની ચિંતા નથી; પણ બોલે છે ત્યારે દાઢ પીસી, તીણી આંખ કરી, તાતાં તીર જેવાં વેણ છોડે છે. એનો કરકરો અવાજ સૌને સ્તબ્ધ કરે છે. થોડા વાક્યોથી એ સામી દલીલોને જમીનદોસ્ત કરી નાખે છે. એ—એ જ આચાર્ય જીવતરામ ભગવાનદાસ કૃપાલાની. વિદ્યાર્થીઓ તેની પાછળ દીવાના સરખા છે. તે કોઇના અભિપ્રાયથી દબાય એમ નથી. ખુદ ગાંધીજીને પણ બે સખત શબ્દો સંભળાવવા હોય તો સંભળાવી દેવાની તેનામાં હામ છે; છતાં તેમના સત્યાચારને એ ઝૂકીને નમન કરે છે. પ્રચંડ જ્વાળામુખી ભર્યો હોય એવું એનું હૃદય દેશના પ્રશ્નો વિષે ધીકી રહ્યું છે. સરકાર સામે તો એની સદા યે કરડી આંખ છે. અને ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ ન મંડાયો હોત તો એના જેવા માણસને સરકાર એક દિવસ પણ હિંદની ભૂમિ પર છુટો ન રહેવા દે એમ જરૂર લાગે.

હિંદમાં અંગ્રેજ અમલની પહેલી મેખ મારનાર પલાશીની યુદ્ધભૂમિ

પલાશી(પ્લાસી)ના જે મેદાનમાં ઇ. સ. ૧૮૫૭માં બંગાળનાનવાબસિરાજુદૌલાને હરાવીને લૉર્ડ ક્લાઇવે હિંદમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાખેલો. એ દસ ચોરસ માઈલના મેદાનને ખેડી નાખી-ને ખેતીના કામમાં લેવાનો પશ્ચિમ બંગાળની સરકારે નિર્ણય કર્યો છે. ૨૦૦ વર્ષ સુધી હિંદ પર રહેલા વિદેશી અમલના પ્રારંભની સૂચક માત્ર એક ચોરસ માઈલની જમીન વણખેડી રહેવાની છે, જ્યાં ક્લાઈવનાં દળો પર પાછળથી હુમલો કરવા સેનાપતિ મીર જાફરને મૂકવામાં આવેલો, અને હુમલો ન કરતાં તેણે ક્લાઈવને વિજય મેળવવાની અનુકૂળતા કરી આપેલી. પલાશીનું યુદ્ધ હિંદની તવારીખમાં અવિસ્મરણીય હોઈ એ વિષે અહીં આપેલી માહિતી રસપ્રદ નીવડશે.

ક્લાઈવે પોતાના લશ્કરનો પડાવ એ મેદાનમાં આવેલા લખાબાગ નામના આંબાવાડિયામાં નાખેલો. આ આંબાવાડિયું ૮૦૦ વાર લાંબું અને ૩૦૦ વાર પહોળું હતું. ક્લાઈવે એની ચારે બાજુ માટીની દીવાલ ચણાવી લીધેલી. આ દીવાલ અંગ્રેજ સૈનિકોને છાતી સુધી રક્ષણ આપતી, જ્યારે ઉપરના ભાગમાં આંબાની ઘટાનું રક્ષણ હતું. આ પડાવની વાયવ્યે દોઢસો વાર પર ગંગા નદી વહેતી હોઈ ક્લાઇવના સૈન્યની ડાબી પાંખને તે રક્ષણ આપતી હતી, જ્યારે ૧૧૦૦ વાર પર આવેલું પલાશીનું ગામડું સૈન્યની પીઠને રક્ષતું.


નવાબના સૈન્યે મેદાનમાં આવેલા એક ટેકરાની ને ગંગા નદીથી ૪૦૦ વાર પૂર્વમાં પડાવ નાખેલો. એનું સૈન્ય ૫,૦૦૦ ચુનંદા મુઘલ ઘોડેસવારો અને ૭૦૦૦ રાજપુત તથા પઠાણ પાયદળનું બનેલું હતું. આ મુખ્ય પડાવના થોડાથોડા અંતરે એણે લતીફખાન, રાય દુર્લભજી ને મીર જાફરની સરદારી નીચે વિશાળ અર્ધચન્દ્રાકારે સૈનિક ટુકડીઓ ગોઠવેલી. પરંતુ યુદ્ધમાં તો ઉપર કહેલા ખુદ એની સરદારી નીચેના સૈન્યે જ ભાગ લીધેલો, જેમાં મીર મદન અને મોહનલાલ કાશ્મીરી જેવા વફાદાર રાજ્યસેવકો પણ હતા. નવાબે સઘળી તોપોનું એક જ મજબૂત તોપદળ બનાવવાને બદલે થોડીક તોપો પોતાની સાથે રાખી, બાકીની તોપો યુદ્ધથી અલિપ્ત ઉપર્યુક્ત ત્રણે ટુકડીઓને એમની બંને પાંખો સાચવવા સોંપેલી. મુખ્ય પડાવના થોડા અંતરે ચાર તોપો સાથે એણે પોતાના ૪૫ ફ્રેન્ચ સહાયકો ગોઠવેલા.

નવાબના સૈન્યે અંગ્રેજ સૈન્ય પર ઉત્સાહભેર ધસારો શરૂ કર્યો. લગભગ બે માઇલ લાંબી રેખામાં એ એવી રીતે આગળ વધ્યું કે અંગ્રેજ સૈન્ય લગભગ ઘેરાઈ જઇને એની ડાબી પાંખે વહેતી ગંગા નદીનું શરણું શોધે એવી સ્થિતિ ઊભી થએલી. નવાબનું કુલ સૈન્ય તો ૫૦,૦૦૦નું હતું, પરંતુ માત્ર ૧૨,૦૦૦ના સૈન્યે ૧૨ તોપો સાથે એ આક્રમણમાં ભાગ લીધેલો.

એમની સામેના અંગ્રેજ સૈન્યમાં વચ્ચેના ભાગમાં ૯૫૦ ગોરા અને બંને પાંખો પર ૨૧૦૦ દેશી સૈનિકો હતા. એને મોખરે છ ઘણી હલકી તોપો રાખવામાં આવેલી. દેશી સૈનિકો બધા પાયદળમાં જ હતા, જે મુખ્યત્વે મદ્રાસ બાજુના હતા અને 'તેલંગા'ના નામે ઓળખાતા. એમની સાથે બંગાળના દેશીઓની એક પલટન રાખવામાં આવેલી જે 'લાલ પલટન'ના નામે ઓળખાતી. ક્લાઇવે પોતાના સૈન્યની ગોરી ટુકડીના ચાર ભાગ પાડી તે મેજર એલિપેટ્રિક, આર્કિબાલ્ડ ગ્રાન્ટ, આયર કૂટ અને કૅપ્ટન ગૉપની સરદારી નીચે મૂકેલી.

નવાબ સિરાજુદ્દૌલાએ કલકત્તા લીધું તેના એક વરસ ને બે દિવસ બાદ, ઈ.સ. ૧૭૫૭ના જૂનની ૨૩મીએ, માત્ર હિંદનું જ નહિ પણ એશિયાના લગભગ અરધા ભાગનું ભાગ્યપરિવર્તન કરી નાખનારું પલાશીનું યુદ્ધ થએલું. પહેલા દિવસના ધસારામાં તો હાથોહાથની લડાઈ થવા ન પામી, પરંતુ બીજા દિવસની સવારે અંગ્રેજ સૈન્યના પડાવથી ૨૦૦ વાર પર આવેલા નવાબના ફ્રેન્ચ સહાયકોએ તોપમારો શરૂ કરી દીધો. આ તોપમારામાં અંગ્રેજ સૈન્યના બે ગોરા સૈનિકો માર્યા ગયા. પછી તો આ બાજુ નવાબના અને સામી બાજુ ક્લાઈવના સૈન્યની તોપો ગરજી ઊઠી અને સામસામો ધસારો શરૂ થયો. નવાબનું સૈન્ય મોટું હતું અને જથ્થાબંધ રીતે આગળ વધતું હતું. અરધા કલાકમાં તો અંગ્રેજ સૈન્યના ૩૦ સૈનિકોની ખુવારી થતાં ક્લાઈવે સૈન્યને મેદાનને બદલે માટીના કોટની પાછળ ખેંચી લીધું.

ત્રણેક કલાક સામસામો તોપમારો ચાલ્યા પછી લગભગ અગિયારેક વાગ્યે વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડચો અને પલાશીના મેદાનમાં બધે કીચડ થઈ ગયો. અંગ્રેજોને આંબાવાડિયાની ઓથ



ઇ. ૧૭૫૭ની ૨૩મી જૂનના પલાશીના યુદ્ધની વ્યૂહરચના : अ સવારના ૯ વાગ્યે અંગ્રેજ લશ્કરની સ્થિતિ; ब ફ્રેંચ તોપો સામે આગળ વધેલી ચાર અંગ્રેજ તોપો. क મીર જાફરના હાથ નીચેનું નવાબનું લશ્કર. ड અહીંથી બપોરના ત્રણ વાગ્યા સુધી ફ્રેંચ તોપચીઓએ ગોલંદાજી કરી. इ સાંજે સાડા ચારે ટેકરી फ પાસેની આ જગ્યા સર કરી અંગ્રેજોએ પોતાનો વિજય નિશ્ચિત કર્યો.

હોવાને કારણે એમનો દારૂગોળો કોરો રહ્યો જ્યારે નવાબનો સઘળો દારૂગોળો વરસાદથી ભીંજાઇને નકામો બની ગયો. મીર મદને ધાર્યું કે અંગ્રેજોનો દારૂગોળો પણ વરસાદથી નકામો બની ગયો હશે, એટલે વરસાદ રહી જતાં જ એણે આક્રમણ શરૂ કરી દીધું. પણ તેઓ અંગ્રેજ હરોળની નજીક પહોંચતાં જ સામેથી શરૂ થએલા તોપમારાએ નવાબના સૈન્યનો કચ્ચરઘાણ કાઢવા માંડયો. જેમાં મીર મદન, બહાદુર અલીખાન (મોહનલાલનો જમાઈ), નૌત્રસિંગ હઝારી અને બીજા ઊંચી પાયરીના અફસરો ખપી ગયા!

ક્લાઇવે સામી બાજુની તોપોને તદ્દન ખામોશ જોઈ, એટલે બપોરે લગભગ બે વાગ્યે એ આંબાવાડિયાની બહાર નીકળ્યો. મીર મદનના મૃત્યુના સમાચાર સાંભળી નવાબે મીર જાફરને પોતાના તંબૂમાં બોલાવ્યો અને એને પગે પડી કહ્યું, 'મારી ઇજ્જત સાચવવી આપના હાથમાં છે.' મીર જાફરે કુરાનના સોગન ખાઇ અંગ્રેજો સામે જીવ પર આવી લડવાનું વચન આપ્યું ને નવાબને એ દિવસે સૈન્ય પાછું ખેંચી લઈ વળતી સવારે નવા જોશપૂર્વક તે સામે લડવા જણાવ્યું. ત્યાંથી પોતાના પડાવમાં પહોંચતાં વેંત તેણે ક્લાઈવ પર ચિઠ્ઠી લખીને નવાબની નિઃસહાયતાની તેને જાણ કરી.

મીર જાફરની આ કાવતરાખોરીએ બરાબર ભાગ ભજવ્યો. મીર મદન યુદ્ધમાં ખપી જતાં સૈન્યનો ઉત્સાહ મોળો તો પડયો જ હતો, તે યુદ્ધમેદાનમાંથી પાછા વળવાનું કહેણ આવતાં વધુ મંદ પડયો. નવાબનું સૈન્ય જેમ પાછળ હઠતું ગયું તેમ ક્લાઇવનું સૈન્ય આગળ વધતું ગયું. સૌપ્રથમ એણે ફ્રેન્ચ તોપચીઓને કબજે કર્યા ને પછી નવાબના સૈન્યને કઇ રીતે ફેજે પહોંચાડવું તે એ વિચારવા લાગ્યો. અંગ્રેજ સૈન્યે આક્રમણ ચાલુ રાખેલું જોઇને નવાબના સૈન્યમાં નવો જુસ્સો આવ્યો, કારણકે બધા સૈનિકો કંઈ મીર જાફર કે રાય દુર્લભ જેવા નહોતા. પરંતુ જમીન એવી કીચડવાળી હતી કે ઘોડા પણ લપસી જતા. સૈનિકોને હજુ આશા હતી કે આવી ઘડીએ મીર જાફર, રાય દુર્લભ અને યાર લતીફ પોતાની કુમકે આવશે, પણ એ તો પોતાની ટુકડીઓને રણમેદાનથી વધુ ને વધુ દૂર હઠાવતા જતા હતા. આ જોઈ એમનો ઉત્સાહ સાવ ભાંગી ગયો એમનો મોરચો અવ્યવસ્થિત બની ગયો જેને જેમ ફાવે તેમ તેણે નાસવા માંડયું. નવાબ તો સાંજે લગભગ ચાર વાગતામાં જ નાસી છૂટયો હતો, એટલે સૈન્યને એકત્રિત કરનાર કે દોરનાર જ કોઈ રહ્યું ન હતું. ક્લાઇવે આ તકનો લાભ લીધો અને એકસામટો ધસારો કર્યો. પાંચ વાગતાં સુધીમાં તો પલાશીમાં એણે સંપૂર્ણ વિજય મેળવ્યો. પરંતુ સૈન્ય ત્યાં જ ન થોભાવતાં રાત્રે ને રાત્રે તે પલાશીથી છ માઈલ પર આવેલા દાઉદપુર સુધી પહોંચી ગયો અને એનો પણ કબજો લઈ લીધો, કારણ નવાબ ત્યાં નવું સૈન્ય જમાવે એવો સંભવ હતો. આ યુદ્ધમાં અંગ્રેજોની ખુવારી તદ્દન નજીવી જ હતી. ૭ યુરોપિયનો તથા ૧૬ દેશીઓ હણાએલા અને ૧૩ યુરોપિયનો તથા ૩૬ દેશીઓ ઘાયલ થએલા. હિંદ પર અંગ્રેજી અમલનો જ્યાંથી પ્રારંભ થએલો એ પલાશીના યુદ્ધનો આ છે ટૂંક ઇતિહાસ.

કોટેશ્વર (અનુસંધાન પૃષ્ઠ ૧૨૯થી)



સમુદ્ર વચ્ચે નીલકંઠ મહાદેવનું મંદિર

ઘોર ધર્માંધતામાં જ્યારે પરધર્મીઓ દ્વારા હિંદુ મંદિરોનો ધ્વંસ થઈ રહ્યો ત્યારે કોટેશ્વરનાં મંદિરો પણ તેમાંથી બકાત ન રહ્યાં. અલાઉદ્દીન ખિલજી (૧૨૯૫-૧૩૧૫)ના સમયમાં કોટેશ્વરના લિંગમાં ખીલા ઠોકાયા હોવાની લોકોક્તિ છે. તે પછીનો કોટેશ્વરનો ઇતિહાસ તો ગઇ કાલની વાત જેવો છે.

રાઓશ્રી દેશળજી મોટાએ (૧૭૧૮-૧૭૪૧) કોટેશ્વર મહાદેવને મોટા મઝેનો પિત્તળનો પોઠિયો ધરાવ્યો ત્યારે તેમની રાણી મહાકુંવરે નીલકંઠ મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ઉપરાંત ત્યાંનાં અન્ય સમારકામ સુંદરજી શેઠે અને જેઠા શિવજીએ પણ કરાવેલાં છે.

આ સ્થાનની પુરાણી ભવ્યતા સાચવતું કોટેશ્વરનું ઊંચું શિવાલય દરિયામાંથી દૂરથી દેખાઈ સાગરખેડુઓનાં હૈયાને હામ આપે છે. જમાનાનું ઝેર ગળે ઉતારી મહાકાલ નીલકંઠ, કોટેશ્વરના ધર્મસાગરના ઓટ પછી આવવાની ભરતીની પ્રતીક્ષા કરતા, સમુદ્રનાં નીલ વારિથી વીંટળાતા જે ખખડધજ શિવાલયમાં ધ્યાનરત છે એ કુડદા ઉપર પહોંચતાં ત્યાંની પુરાતન પવિત્રતાનો ભાવ હૃદયમાં ધબકે છે. આ નીલકંઠના કુડદે પહેલાં તપસ્વીઓ અને યાત્રીઓ ભરેલાં વહાણો ઠલવાતાં. તપસ્વીઓ ઝંખે એવી એ ભૂમિ આજે નિર્જન બની છે. પણ જ્યાં સિંધુ નદીના મીઠા મહેરામણનો મોહક સમુદ્રસંગમ થતો એ કોટેશ્વરની 'કોરી નાળ'નું કુદરતી સૌંદર્ય તો હજુ યે આજે પણ શાંતિની દીક્ષા દેતું દિવ્ય દર્શન આપી મનને પ્રસન્ન કરે છે.

આમ, વિશિષ્ટ અને મહત્ત્વનું ભૌગોલિક સ્થાન ધરાવતું આ બંદર રાજકીય દૃષ્ટિએ આજે પુનરાવલોકન અને પુનરુદ્ધારને પાત્ર છે.

બાવળ (અનુ. પૃ. ૧૪૪થી) લીસો બાવળ ઓછા કાંટાવાળો ને સીધા થડવાળો હોય છે, પરંતુ એ સારી જમીનમાં વધારે થાય છે. જંગલી બાવળ કાંટયમાં અને પડતર જમીનોમાં છૂટથી ઊગે છે ને વધે છે.

દાતણ માટે વાઘરીઓ, બકરાના ચારા માટે ભરવાડો, ખેતરને વાડ કરવા અથવા શેરડીના રસનો ગોળ પકાવવામાં બળતણ કરવા માટે ખેડૂતો અને લાકડાં અથવા તેના કોલસા કરી શહેરમાં વેચનારા ઊભડો બાવળને ગમે તેમ કાપીને તેના વિકાસને ઘણું નુકસાન કરે છે.

પણ માનવજાતને એ અનેક રીતે ઉપયોગી છે. આ વૃક્ષની માવજત કરવાથી આપણાં ગામડાની માવજત થાય છે એ હકીકત લક્ષમાં રાખીને તેના ઉછેરને આપણે બને એટલું વધારે મહત્ત્વ આપવું જોઇએ.

(વિકાસ) **—બાલુભાઈ વૈદ્ય**



આર્ધુ ઝરી

"છુટી રહ્યો ભલેને હર એક મુજ સહારો,
તૂટી રહ્યો ભલેને મુજ આશનો મિનારો,
કિસ્મતનો આજ મારો છો આથમે સિતારો,
દેખાય ના નિકટમાં યે શાંત કોઇ આરો.
તોફાન લાખ જાગે તોપણ સફર કરીશ હું!
ખુદ્દાર થઈ જીવ્યો છું, ખુદ્દાર થઈ મરીશ હું!"

(નયનધારા) —'સાલિક' પોપટિયા

લૂઈ બ્રેઈલ

ઈ. સ. ૧૮૫૨ના જાન્યુઆરીની ૨૩મી તારીખે પારીસની એક અંધશાળામાં કેટલાક અંધો એક દર્દીની પથારીની આસપાસ વીંટળાઇને ઊભેલા. એ દર્દી પણ અંધ હતો અને જુવાનીમાં લાગુ પડેલા ક્ષય સામેની લડતમાં એક વાર વિજય મેળવ્યા પછી બીજી વારના હુમલાથી એ પરાસ્ત થયો હતો. પરંતુ એ પરાજયનું દુઃખ એના ચહેરા પર નહોતું. માનવજાત પ્રત્યે પોતે બજાવેલા કર્તવ્યનો સંતોષ એના ચહેરા પર તરતો હતો. એણે પોતાનો હાથ લંબાવ્યો અને પથારી આસપાસની મંડળીમાંથી એના જોડીદારનો હાથ એના હાથમાં આવતાં જ તે પ્રેમપૂર્વક દબાવતાં સસ્મિત તેણે આ દુનિયાની વિદાય લીધી.

એ અંધ દર્દીનું નામ લૂઈ બ્રેઇલ. એના મૃત્યુ સમયે તો જગતને એના જીવનકાર્યની મહત્તા નહોતી સમજાઈ, પરંતુ ત્યાર પછી ધીમે ધીમે તે સમજાતી ગઈ અને ગઇ સાલ એના મૃત્યુને સો વર્ષ પૂરાં થતાં સ્થળેસ્થળે એ મહાપુરુષની શતાબ્દી ઊજવાઇ. નેત્રવિહીન માનવીઓને તેણે દૃષ્ટિદાન કર્યું હતું—એમને નેત્રો દ્વારા નહિ, પણ આંગળાં દ્વારા, સ્પર્શેન્દ્રિય દ્વારા તેણે દેખતા બનાવ્યા હતા. એમના ભારભૂત જીવનમાં તેણે ફૂલની હળવાશ પ્રેરી હતી. આંધળાને આંધળાની દોરવણી આપણે હાંસીપાત્ર ગણીએ છીએ, પરંતુ બ્રેઈલ એક એવો અંધ હતો જે આંધળાઓના અંધારા જગતને પ્રકાશમાન બનાવી ગયો.

પારીસથી ત્રીસ માઇલ પર આવેલા કૂપ્રે નામક ગામમાં ઇ. સ. ૧૮૦૯ના જાન્યુઆરીની ૪થી તારીખે એક જીનગરને ત્યાં લૂઇનો જન્મ થએલો. ત્રણેક વર્ષની ઉમરે પિતાની દુકાનના એક ઓજાર સાથે રમતાં અકસ્માત તેની અણી આંખમાં પેસી ગઇ. ફ્રાન્સમાં એ વખતે ગરીબોને દાક્તરી સહાય અસંભવિત હતી, પરિણામે લૂઇની આંખની દવા ન થઇ શકી. એક આંખનો ચેપ બીજી આંખને લાગ્યો અને તે પણ નકામી બની ગઇ અને એ નાની વયથી જ લૂઈ તદ્દન અંધ બની ગયો.



લૂઇ ૧૦ વર્ષનો થતાં તેને પારીસની અંધ કુમારશાળામાં મૂકવામાં આવ્યો. આ કુમારશાળામાં એ ભણ્યો, ત્યાં જ શિક્ષક તરીકે રહ્યો, ને ત્યાં રહીને જ એણે એના નામે ઓળખાતી અંધો માટેની સ્પર્શલિપિ વિકસાવી. જો કે ઉપસાવેલા અક્ષરોની આવી સ્પર્શલિપિનો એ પહેલો જ શોધક નહોતો. અંધજનો પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારી જુદી-જુદી વ્યક્તિઓ એના પહેલાં એવા પ્રયોગો કરી ચૂકેલી. પૂઠામાંથી કાપેલા, કાગળ કે કાપડ-

[માસમાસનાં પંખી–૮૭]

પંખો

આમ્રઘટામાં ટાઢે છાંયે, જાપાની પંખા જેમ પૂછડી પસારી કૂદડીઓ ફરી નાચ્યા કરતા ઘુમાડિયા જેવા લાગતા આસમાની કાળા વાનનું કોઈ પંખી જુઓ તો અચૂક માનજો કે તે 'પંખો' છે. નમાવેલી પાંખ ને પસારેલી પૂછડી સાથે સતત ચાલતું નર્તન એ તેની અચૂક ઓળખ. તેની આંખો પર ભમ્મર જેવી એક સફેદ લીટી હોય છે, તે ઉપરાંત, ગળું અને પેટાળ પણ ધોળાં ને તે બેની વચ્ચે કાળો સીનો. આંખ તપખીરી.

આનંદી સ્વભાવનું ચકલી જેવડું આ પંખી આપણે ત્યાં બારે માસ વગડામાં કે વાડી-બગીચાનાં ઘટાદાર વૃક્ષોમાં જોડું બાંધીને રહે છે. જમીન પર તો એ કામ પૂરતું જ ઊતરે. ને આવે તો યે એવી રીતે કે જાણે આપઘાત કરવા કુદયું હોય તેમ ત્વરાથી પડે ને આપણને તો દેખાય પણ નહિ એવું એકાદ જીવડું ઉપાડી પાછું તુરત મૂળ સ્થાને ચાલ્યું જઈ નાચવા લાગે. એ જીવડું પકડે ત્યારે તેની લાંબી ચપટી ને મૂળમાં વાળવાળી કાળી ચાંચની પટાકી અચૂક સંભળાવાની જ. માખી–મચ્છર જેવાં ઝીણાં જીવડાં એ જ એનો આહાર. તેનો અવાજ 'ચકચક' જેવો કંઈક કર્કશ, છતાં આરોહાવરોહવાળું મીઠાશભર્યું સંગીત પણ તે રેલે છે.

માર્ચથી ઑગસ્ટમાં એ નાનો લાગે તેવો, ઘાસ રેસા ને કરોળિયાનાં જાળાં ચીવટપૂર્વક ગૂંથીને પ્યાલાઘાટનો માળો બનાવે છે. તેમાં રંગે ગુલાબી પીળાશ પડતા તથા બદામી ચકરડીઓવાળાં ત્રણ ઇંડાં મૂકે છે.




ની ગાદીમાં ટાંકણીઓ ગોઠવીને બનાવેલા, અને દોરડાં ગૂંથીને તૈયાર કરેલા અક્ષરો સુદ્ધાંનો એ પ્રયોગોમાં સમાવેશ થતો હતો. ઉપસાવેલા અક્ષરોના પ્રયોગો પણ ૧૬મી સદીમાં સ્પેન તથા ઇટલીમાં થઇ ચુકેલા. બ્રેઇલે ઉપસાવેલાં ટપકાંની જે લિપિ વિકસાવી એનો પણ મૂળ શોધક તો શાર્લ બાર્બિયે નામનો એક ફ્રેન્ચ લશ્કરી અધિકારી હતો. એણે પોતાના સૈન્ય માટે 'રાત્રિલેખન' (night-writing)ની આ પદ્ધતિ શોધેલી અને એ પદ્ધતિ અંધોને પણ ઉપયોગી નીવડે તેવી લાગતાં તેણે પારીસની અંધ કુમારશાળા પર એ મોકલી આપેલી.

પરંતુ બાર્બિયેની પદ્ધતિ બહુ જ અટપટી હતી. આંગળાઓના સ્પર્શ માટે એ જોઇએ તેટલી સરળ નહોતી અને જગા પણ બહુ રોકતી. લૂઈ એને સંક્ષિપ્ત બનાવવા પાછળ મંડયો. બાર્બિયેનાં ૧૨ ટપકાંને બદલે એણે ૬ જ ટપકાં રાખ્યાં, કારણ એક આંગળી એકી વખતે બાર ટપકાંનો સ્પર્શ કરી શકે એ મુશ્કેલ હતું સ્પર્શક્ષમતાને સર્વથા અનુકૂળ એવી કેવળ છ જ ટપકાંની વિવિધ ગોઠવણી દ્વારા અક્ષરજ્ઞાન આપતી લિપિ બ્રેઈલ જેવી અંધ વ્યક્તિ જ વિકસાવી શકે. દેખતા માણસને માટે એ એટલું સ્વાભાવિક નહોતું.

લૂઈના મૃત્યુ પછી એણે વિકસાવેલી લિપિનો જગદ્વ્યાપી પ્રચાર થવા પામ્યો. અંધો માટે બ્રેઈલ લિપિમાં પુસ્તકો બહાર પડવા માંડયાં અને આજે તો એ લિપિમાં વર્તમાનપત્રો સુદ્ધાં બહાર પડે છે. બ્રેઇલે જો ઉપસાવેલાં ટપકાંની લિપિ સંપૂર્ણતાએ ન પહોંચાડી હોત તો આંધળાઓના જીવનમાં જ્ઞાનનો ઉજાશ અસંભવિત જ રહેત.

બ્રેઇલ લિપિ



અંધલોકો માટે લાકડામાં અને ધાતુઓમાં અક્ષરો કોરીને અને છૂટા જ અક્ષરો કોતરીને હાથની આંગળીઓ વડે ઓળખીને વાંચવાના અનેક પ્રકારના પ્રયોગો થતા રહી ૧૯મી સદીની શરૂઆતમાં આવી લગભગ ત્રેવીસ જાતની પ્રથાઓ પ્રચલિત થઇ હતી. જેમાં લ્યુકાસ, ફ્રીઅર, મૂન અને આપણે અહીં જેનો પરિચય મેળવ્યો તે બ્રેઇલની લિપિઓ મુખ્ય હતી, પરંતુ એ બધી પદ્ધતિઓમાં બ્રેઇલ લિપિ સૌથી સરસ નીવડી હોઈ અત્યારે લગભગ બધે તે જ પદ્ધતિનો ઉપયોગ થાય છે, અને તેને જ માધ્યમ બનાવી અંગ્રેજી ઉપરાંત, અન્ય બીજી ભાષાઓમાં પણ તેના ઉપયોગો યોજાયા છે. જાડા કાગળને સોય જેવા એક ઉપકરણથી કાણું પાડી એ કાણું પાછળની બાજુએ ઊપસી આવે તેને આંગળીના સ્પર્શ વડે ઓળખી લેવું, એ આ લિપિનો મુખ્ય સિદ્ધાંત છે. એકએક મૂળાક્ષર માટે ત્રણત્રણની બે ઊભી હારવાળાં એકંદર છ સ્થાનો હોય છે. એ છ સ્થાનમાંથી કયાં કયાં ઊપસેલાં છે એ આંગળાં વડે 'જોઈ' આંધળાઓ ગમે તે લખાણ વાંચી શકે છે. અલબત્ત, એ માટે આંધળાઓ સારુ આવી ચોપડીઓ છાપેલી કે યંત્ર દ્વારા ઉપસાવેલી ખાસ બનાવવી પડે છે અને એને માટે છાપખાનું અથવા કહો કે ઠસાખાનું ખાસ વસાવવું પડે છે.

અહીં આપેલી આકૃતિમાં બ્રેઈલ લિપિમાં અંગ્રેજી મૂળાક્ષરો તથા કેટલાંક સંયોજનો આપ્યાં છે. મૂળાક્ષરો ઉપરાંત આવાં ૬૩ જેટલાં સંયોજનો પ્રચલિત છે. જરા ઊંડાણથી જોતાં લાગશે કે આ સંજ્ઞાઓમાં શકય એટલો ઓછામાં ઓછો ફેરફાર કરી તેને આગવું રૂપ અપાયું છે. આકૃતિમાં પહેલી હારમાં A થી J સુધીના અક્ષરોમાં ટપકાં કરવા માટેની ત્રણ આડી હારોમાંથી ફક્ત ઉપલી બેમાં જ તે ઊપસાવાયાં છે. એ જ સંજ્ઞાઓમાં પહેલી ઊભી હારમાં નીચલે છેડે એકેક ટપકું ઉમેરી K થી T સુધીના અક્ષરો અને એ અક્ષરોમાં નીચે જમણી બાજુ એકેક વધુ ટપકું ઉમેરી U થી Z સુધીના અક્ષરો અને કેટલાક બહુ પ્રચલિત શબ્દોની સંજ્ઞાઓ રચી છે. આ ત્રીજી હારની સંજ્ઞાઓમાંથી છેક નીચેનું ડાબી તરફનું ટપકું કાઢી નાખી બીજાં કેટલાંક સંયોજનો રચ્યાં છે. પહેલી હારના ટપકાંઓને ઉપલી બે લીટીમાં લખવાને બદલે પહેલી લીટી ખાલી જવા દઈ નીચલી બે લીટીમાં લખી વિરામચિહ્નોની સંજ્ઞા રચાય છે. આ ઉપરાંત, આંકડાઓ, સંગીતના સ્વરો વગેરે દર્શાવવાની યોજના પણ આ સંજ્ઞાઓ દ્વારા યોજવામાં આવી છે.

જ્યારે આ લિપિ પ્રચલિત થઇ ત્યારે શરૂઆતમાં તો તે દરેક સંજ્ઞા હાથે કોરવી પડતી, પરંતુ ધીરે ધીરે તે કોરવાનાં સાધનોનો વિકાસ થતો જઈ આજે તો વિજ્ઞાને કેટલીયે પ્રગતિકારક શોધખોળ કરેલી છે. જેને લઈને અંધજનો માટે વિશેષ સહેલાં, સોંઘાં અને સરળ સાહિત્યોનો વિકાસ થયો છે. આજે જસતની પ્લેટો પર ઉપસાવેલા અક્ષરોની—જે પરથી જાડા કાગળ પર નકલો છાપવામાં આવે છે તે—રૂઢિગત પદ્ધતિને બદલે નૂતન પ્રક્રિયામાં વિશેષ પાતળા અને તેથી સોંઘા કાગળ પર ખાસ બનાવેલી પ્લાસ્ટિકની શાહી અને બ્રેઈલ અક્ષરમાળાનાં બીબાંનો ઉપયોગ કરવામાં આવે છે.

બ્રેઈલની આ પદ્ધતિ એટલી બધી પરિવર્તનશીલ છે કે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના શૈક્ષણિક વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક તંત્ર તરફથી સ્વર સૂચક લિપિ વડે અન્ય કોઈ પણ ભાષાને સમજવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવાનો પ્રબંધ થઈ રહ્યો છે. માત્ર શિક્ષણ અને જ્ઞાન માટે જ નહિ, પરંતુ રોજગારી તેમજ સ્વતંત્ર જીવનનિર્વાહ માટે પણ બ્રેઇલ લિપિની પદ્ધતિ અંધજનો માટે આશીર્વાદ રૂપ નીવડી છે. ને તેને લઇને આજે કચેરી તેમજ કારખાનાંમાં સમાન રીતે અંધજનો દેખતા લોકોની સ્પર્ધા કરી રહ્યા છે.

ભારત સરકારે બ્રેઈલની પદ્ધતિને જ અનુસરીને દેશી ભાષાઓ માટે એક ભારતીય બ્રેઇલ તૈયાર કરી છે. આપણે ત્યાં દહેરાદૂનમાં એ પદ્ધતિનું ઠસાકામ કરવાનું એક છાપખાનું પણ સરકારે વસાવ્યું છે.

રાષ્ટ્રપ્રસિદ્ધિ પામેલાં પઢાર લોકનૃત્યો

ગઈ તા. ૨૬-૧-૫૩ની સ્વાતંત્ર્યદિનની ઉજવણીના કાર્યક્રમો સાથે ભારતના પંતપ્રધાન પં. જવાહરલાલજીની ઇચ્છા મુજબ એક લોકનૃત્ય કાર્યક્રમ પણ રખાયો હતો. તેમાં નળકાંઠા વિસ્તારના પઢારોને ભાગ લેવા માટે સૌરાષ્ટ્ર વિધાનસભાખાતાના મંત્રી શ્રી હરકાંત શુક્લ લઈ ગયા હતા. શાંતિનિકેતનના નૃત્યાધ્યાપક સહિત જે કલાકાર સમિતિ આ નૃત્યોની પરીક્ષક તરીકે નિમાઈ હતી તે સમિતિ દ્વારા ચૌદેક રાજ્યો પૈકીનાં માત્ર બે રાજ્યોના નૃત્યકારો પ્રથમ પંક્તિનું સ્થાન પામી ગયા, જેમાં સૌરાષ્ટ્રના આ પઢાર ભાઇઓની ગણના થઈ છે. પં. જવાહરલાલની અભિનંદનવાળી મહેમાનગતી એમણે ચાખી અને શ્રી વિજયાલક્ષ્મી પંડિતે પોતાને સૌરાષ્ટ્રવાસી ગણાવી તે મંડળીને ધન્યવાદ આપ્યો. અહોરાત્રી કાળીમજૂરી કરી

માંડ પેટિયું પૂરું કરતી સાત પછાત ગણાતી પઢાર કોમની સાચવી રાખેલી વંશપરંપરાગત ચાલી આવતી પ્રણાલીએ સૌરાષ્ટ્રની કારકિર્દી અજવાળી તે સૌરાષ્ટ્રવાસીને ગૌરવ લેવા જેવું છે. આ ગૌરવને સાર્થક બનાવવા પ્રત્યેક પોતાનાં આ ભાંડુઓના ઉત્થાનકાર્યમાં સક્રિય ફાળો આપે. (વિશ્વવાત્સલ્ય)

'હિંદુ સ્ટુઅર્ટ'

હિંદુ ધર્મ પ્રત્યે આકર્ષાઇને એનો સ્વીકાર કરનાર સૌ પહેલો યુરોપિયન મેજર-જનરલ ચાર્લ્સ સ્ટુઅર્ટ હતો. ઈ. સ. ૧૮૨૦ થી ૧૮૨૮ સુધી એ કલકત્તામાં ચૌરંગી મુકામે રહ્યો હતો અને સઘળા યુરોપિયનો અને હિંદીઓમાં તે 'હિંદુ સ્ટુઅર્ટ'ના નામે ઓળખાતો.

સ્ટુઅર્ટનો જન્મ ડબ્લિન મુકામે ઈ. સ. ૧૭૫૮માં થએલો. એણે 'બેંગાલ આર્મી'ના સૈનિક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલી અને ૧૮૨૨માં મેજર-જનરલ તરીકે નિવૃત્ત થએલો. નિવૃત્તિ પછી એણે હિંદુ ધર્મ અંગીકાર કર્યો. જોકે વિધિસર ધર્માંતર તો એણે નહોતું કર્યું, કારણકે એ વખતે પરધર્મીઓને હિંદુ ધર્મમાં લેવામાં નહોતા આવતા. પરંતુ સ્વયં ધર્માંતર કરી એ ચુસ્તપણે હિંદુ ધર્મ પાળતો. દરરોજ સવારના ઊઠીને બીજા બ્રાહ્મણો સાથે પૂજાપાત્ર સાથે નદીએ જતો અને સ્નાનસંધ્યાદિક કરતો. ઘેર આવીને ઘરમાં બનાવેલા નાનાસરખા મંદિરમાંની દેવમૂર્તિનું વેદમંત્રો દ્વારા સ્તવન કરતો. એણે પોતાની યુરોપિયન ખાણીપીણી અને યુરોપિયન વેશભૂષા પણ તજી દીધેલી અને એકાદ સનાતની બ્રાહ્મણ જેવો જ જીવનવ્યવહાર રાખેલો.

'હિંદુ સ્ટુઅર્ટ' કલકત્તાનાં દેવમંદિરોમાં દેવદર્શને પણ જતો. નેપાળવિગ્રહ દરમિયાન એણે બ્રિટિશ સૈન્ય સાથે રહેવાની ખાસ પરવાનગી માગી લીધેલી અને એ રીતે રસ્તામાં બદરીનાથ અને કેદારનાથની યાત્રા કરેલી. બંગાળી અને સંસ્કૃત એ સારાં જાણતો અને સદા બ્રાહ્મણોની સાથે ધર્મચર્ચા કરતો રહેતો.


આ હિંદુ સ્ટુઅર્ટે હિંદુઓને ખ્રિસ્તી ધર્મમાં વટાળવાની મિશનરીઓની પ્રવૃત્તિનો જબરો વિરોધ કરેલો. 'ધી બેંગાલ ઑફિસર્સ પૅમ્ફલેટ' નામનાં ચોપાનિયાં એ અવારનવાર બહાર પાડતો, જેમાં હિંદુ ધર્મની તાત્ત્વિક ચર્ચા મૂકતો.

ઈ. સ. ૧૮૨૮ના માર્ચની ૩૧મીએ તેનું અવસાન થયું. એની પોતાની ઈચ્છા અગ્નિદાહની હતી અને એના બ્રાહ્મણ મિત્રો પણ એમ જ ઈચ્છતા હતા, પરંતુ એ બ્રિટિશ સૈન્યનો અફસર હોઇને બ્રિટિશ સરકારે તેને દફનાવવાનો હુકમ કરેલો.

અદ્ભુત હિસાબયંત્ર

આજની દુનિયા ઝડપની દુનિયા છે. કોઈ પણ કાર્યમાં એ વિલંબ સહી શકતી નથી. અનેક અવનવાં યંત્રો એ શોધ્યે જાય છે અને માનવશ્રમ દ્વારા થતાં કાર્યોનો આ યંત્રો દ્વારા ઝડપી નિકાલ લાવતી જાય છે. બીજાં કાર્યો તો ઠીક, પરંતુ હિસાબનું કામ કરવામાં તો માણસની બુદ્ધિશક્તિ અનિવાર્ય હોવાનું આપણે માનીએ, પરંતુ એ કામ પણ હવે યંત્રશક્તિથી થવા લાગ્યું છે. 'ઇલેક્ટ્રૉનિક્સ'ને લગતા વિજ્ઞાનના વિકાસે એ કામ સરળ બનાવ્યું છે અને છેલ્લાં દસ વર્ષમાં તો એ દિશામાં ખૂબ પ્રગતિ થવા પામી છે.

આવું એક હિસાબયંત્ર બ્રિટનમાં થોડા સમય પર પ્રદર્શિત કરવામાં આવેલું. એની ઝડપનો અંદાજ એટલા પરથી જ આવી શકશે કે એક ગણિતશાસ્ત્રીને જે હિસાબ ગણતાં એક મહિનો લાગે એ હિસાબ આ યંત્ર માત્ર એક જ મિનિટમાં ગણી આપે છે. અને ૫। કલાકમાં તો એ એવો લાંબો હિસાબ કરી આપે છે જે કાગળ



પર લખીને કરવો હોય તો ફૂલ્સકેપ કાગળના પાંચ લાખ તાવ જોઇએ!

આ યંત્રનું ટૂંકું નામ છે 'એઈસ' (Ace), જે એના લાંબા નામ 'Automatic Computing Engine'ના પ્રથમાક્ષરો પરથી યોજવામાં આવ્યું છે. વીજળિક નાડીઓ (pulses) વડે એ ચાલે છે. આ નાડીઓનો ઉપયોગ ૧નો અંક સૂચવવા માટે કરવામાં આવે છે, જ્યારે ખાલી જગા (gaps)નો ઉપયોગ ૦નો અંક સૂચવવા માટે. આ બે આંકડા વડે જ બધા હિસાબો કરવામાં આવે છે, જે ગણિતમાં 'binary scale' તરીકે ઓળખાય છે. આ પદ્ધતિ મુજબ ૨નો આંક સૂચવવો હોય તો '૧૦' દ્વારા સૂચવાય. હિસાબ ગણવા માટે સૌપ્રથમ હિસાબની રકમનું ઉપરની પદ્ધતિએ રૂપાંતર કરવામાં આવે છે, અને પછી યંત્રને હિસાબ કરવામાં પ્રવૃત્ત કરવામાં આવે છે.

બહુ મોટા અને લાંબા હિસાબોમાં ડઝનબંધ હિસાબો જુદાજુદા કરીને પછી અંતિમ જવાબ મેળવવા માટે તેમને સંયોજી લેવાના હોય છે. આ માટે જેમજેમ નાના હિસાબો થતા જાય તેમતેમ તેનાં પરિણામો યાદ રાખવાં જોઇએ. પરંતુ અજબ ઝડપથી કામ કરતું યંત્ર આગળની રકમોના જવાબ શી રીતે યાદ રાખી શકે? પરંતુ આ યંત્રમાં એવી કરામત પણ કરવામાં આવી છે જે વડે આગળના જવાબો એવી ધીમી ગતિએ થતા જાય, કે જેમજેમ નવા હિસાબો થતા જાય તેમતેમ તેની ગતિ સાથે મેળ લઇને અંતિમ સંયોજન વખતે બધા સાથે થઇ જાય. એ કરામત છે યંત્રની વીજળિક નાડીઓને પારામાંથી પસાર કરીને 'સુપરસોનિક વેઈવ્ઝ'માં ફેરવી નાખવાની. આથી એ નાડીઓની ગતિ મંદ પડી જાય છે. આ રીતે એક હજાર નાડીઓ આ યંત્રના 'સ્મૃતિકોશ'માં ધીમી ગતિએ સચવાએલી રહે છે અને જ્યારે જરૂર પડે ત્યારે છેવટનો જવાબ લાવવામાં યથાસ્થાને ઉપયોગમાં લઇ શકાય છે.

આ રીતે 'બાઈનરી સ્કેલ'માં આવેલો જવાબ પછી સામાન્ય આંકડાઓમાં લખી લેવામાં આવે છે.

માનવી જેને માટે ગર્વ લે છે તે એનું મગજ પણ જેની સરખામણીમાં 'સેકન્ડક્લાસ' ગણાય એવા આ યંત્રની શોધ પાછળ સદીઓનો પરિશ્રમ રહેલો છે. આવું સૌપ્રથમ યંત્ર ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી પાસ્કલે ઈ. ૧૬૪૨માં બનાવેલું જે માત્ર સરવાળા ગણવાનું હતું. જર્મન વિજ્ઞાની લાઈબનીટ્ઝે ગુણાકાર માટેની એક યંત્રરચના વિચારી કાઢેલી, જે પરથી ટૉમસ નામના એક ફ્રેન્ચે તેવું યંત્ર તૈયાર કરેલું. પરંતુ બધા જ ગણિત માટે કામ લાગે એવું યંત્ર તો બેબેજ નામના એક અંગ્રેજે ઈ. સ. ૧૮૮૨માં બનાવેલું.

(એપ્રિલ ૧૯૫૩) ૧૫૪

શુદ્ધ સ્વદેશી પ્રાઇમસ

[જેને કચરો સાફ કરવા પીન મારવાની જરૂર નથી રહેતી.]

સૌરાષ્ટ્રમાં ગોહિલવાડ જિલ્લાના એક ખૂણામાં પાલીતાણા પાસે પરવડી નામના ગામડાના એક મિસ્ત્રી ભગવાન પ્રાગજીએ પ્રાઈમસ બનાવવાનો સફળ અખતરો કર્યો છે. ને તેમની કારીગરી બુદ્ધિ અને સાહસને અનુકૂળતા મળે તો હજુ તેને વધુ ખીલવીને એક પણ પરદેશી ભાગ વાપર્યા વિનાનો શુદ્ધ સ્વદેશી પ્રાઇમસ બનાવવાનો એક નવો જ ઉદ્યોગ તેઓ સ્થાપી શકે. તેમણે પ્રાઇમસની સાથોસાથ તેના જેવી જ આનુષંગિક ચીજ પેટ્રોમેક્સ પણ બનાવી છે.

આ મિસ્ત્રી ભગવાન પ્રાગજી ભણ્યા છે તો માત્ર ચાર ગુજરાતી. કોઈ મિકૅનિક તરીકેની પરીક્ષા પણ પસાર કરી નથી, પરંતુ પહેલેથી જ ઉદ્યોગની બાબતમાં શોધક બુદ્ધિ ધરાવતા હોવાથી નવાનવા અખતરા કરતા આવે છે. પિતાની સાથે શરૂઆતમાં સુતારી કામ કરતા ત્યારે ગામના દરજીઓના સંચામાં ખોટ પડતી તે સુધારી આપતા. ધીમેધીમે આ જાતના યાંત્રિક કામમાં નજર વધતી ગઈ. બીજું વિશ્વયુદ્ધ આવ્યું ત્યારે તેમના એક સંબંધીએ 'મશીનસેટ સ્ક્રૂ' બનાવવાની તેમને સલાહ આપી એટલે આ નાનકડા ગામડામાં તેમણે થોડી મૂડી રોકી, મશીનરી ખરીદીને ત્રણ આનીથી આઠ આનીના મશીનસેટ સ્ક્રૂ બનાવવાનું શરૂ કર્યું. લડાઇના કારણે પરદેશી માલ બંધ પડેલો એટલે તેમની બનાવટના સ્ક્રૂ ભાવનગર, અમદાવાદ અને મુંબઈ સુધી જવા લાગ્યા. સાથોસાથ ઑઈલ એન્જિનનું સમારકામ, દરજીના સંચા, ગ્રામોફોન અને પેટ્રોમૅક્સનું દુરસ્તીકામ પણ કરતા.

યુદ્ધ પુરું થયું અને પરદેશી માલની આયાત વિશેષ થવા લાગી એટલે સ્ક્રૂનો ધંધો મંદ પડ્યો અને ઉપરાઉપરી દુષ્કાળને કારણે વાડીઓમાં પાણીના અભાવે એન્જિનને દુરસ્ત કરાવવાનું કામ પણ મોળું પડ્યું. કુટુંબ મોટું એટલે બીજા ધંધા તરફ નજર દોડાવી.

બારેક માસ પહેલાં તેમણે પેટ્રોમૅક્સ બનાવવાનો અખતરો કરેલો. તે બનાવવા માટે ગામડામાં સાધનો તો નહિ, પણ બર્નર, ઢાંકણું, પંપ વગેરે ભાગો બહારથી લાવી બાકીના બની શકે તેવા ભાગ પોતે જાતે બનાવી ચાર પેટ્રોમૅક્સ તૈયાર કરેલી. તેમણે જોયું કે પ્રાઈમસ અને પેટ્રોમૅક્સના ભાવ બજારોમાં ઊંચા રહેતા હોઈ તે ધંધામાંથી કાંઇક વળતર મળે તેમ હતું. વળી પેટ્રોમૅક્સ અને પ્રાઇમસની બનાવટની લગભગ સમાન પદ્ધતિ. એટલે તેમનું કારીગર માનસ પ્રાઇમસના નવા અખતરા અને નવા ધંધા તરફ વળ્યું.

તેમણે પ્રાઇમસનું કામ શરૂ કર્યું અને સફળ અખતરો કરી પ્રાઈમસ પણ તૈયાર કર્યો, પરંતુ જોઇતાં યંત્રો વસાવવા માટે નાણાં ન હોવાથી પ્રાઈમસની ટાંકી અને ઉપરની રીંગ અને (તાવડી) માટે જોઈતા 'હેવી પ્રેસ'ની મૂંઝવણ રહી છે. તે વિના આદિથી અંત સુધીના સઘળા ભાગો બર્નર, પંપ, કૉલર, ઢાંકણા, પાયા, વાલ્વ, ચાવી વગેરે તેમનાં કારખાનામાં બનાવી સંકલિત કરી પ્રાઈમસ તૈયાર કરે છે. પિત્તળની ટાંકી શિહોરથી મંગાવે છે. તેમના જણાવવા મુજબ પ્રાઈમસની માંગ પણ ઘણી છે, પણ મૂડીના અભાવે હેવી પ્રેસ અને ધાતુ ખરીદવાની મુશીબતને કારણે કામ બંધ પડયું છે. તેમના બનાવેલા પ્રાઈમસની વિશિષ્ટતા એ છે કે બીજા પ્રાઈમસોના પેઠે તેમાં કચરો ભરાઈ જતાં પિન મારવી પડતી નથી, પરંતુ પિન બર્નરની સાથે જોડેલી છે જેનું ચક્કર ફેરવતાં સળગતા પ્રાઈમસે કચરો નીકળી જાય છે અને પ્રાઈમસમાંથી નીકળતી ઝાળ સરખી રીતે કેન્દ્રિત થઈ વધુ ગરમી આપે છે. ઘાટમાં સુંદર અને કિંમતમાં સસ્તા હોવા સાથે ગુણવત્તાની નજરે પરદેશી સ્ટવની સાથે એ ટક્કરમાં ઊભા રહે તેમ છે એવો મિસ્ત્રી ભગવાનનો દાવો છે. ('વિકાસ')

દવાઓની શોધખોળ (અનુ૰ પૃ. ૧૨૬થી) ખૂટતી કડી હાથ લાગી. બચ્ચાને રોગ આણનાર ને ખાતર ભરપૂર માટીમાંથી તેમણે ઉછેરેલાં જીવાણુઓ એક જ જાતનાં હતાં. બંને જીવાણુઓ જીવાણુનાશક તીવ્ર દ્રવ્યો પેદા કરતાં હતાં. અને ખૂબીની વાત તો એ હતી કે આ જીવાણુઓ તો ડૉ. વૅક્સમેને ઇ. સ. ૧૯૧૫ની સાલમાં શોધ્યાં હતાં અને તેના ઉપર મહાનિબંધ લખી ડિગ્રી મેળવી હતી, છતાં તે વખતે તેમને ખ્યાલ પણ ન હતો કે આમાંથી એક સંજીવિની મહૌષધિ પ્રાપ્ત થશે. ત્રીસ વર્ષ બાદ (ઇ. સ. ૧૯૪૪માં) એ જીવાણુઓ ઉપરનાં સંશોધન અને પ્રયોગો બાદ એક નવી દવાની શોધ થઈ. આનું નામ 'સ્ટ્રેપ્ટોમાઈસીન', જે પેનિસિલીનથી નહિ મટતા રોગો માટે અને ખાસ કરીને ક્ષય માટે તો રામબાણ નીવડી છે.

આમ, પેનિસિલીન 'બારીમાંથી આવ્યું' અને સ્ટ્રેપ્ટોમાઈસીન 'મરઘાના ગળામાંથી શોધાયું'. ત્યારે વળી અમેરિકાની લેડરલે લૅબોરેટરીમાં એક વિજ્ઞાની એ જ દિશામાં બીજી શોધ કરવા એક નવી જાતની ફૂગ શોધતા હતા, કે જે પેનિસિલીનની જેમ માનવજાત માટે આશીર્વાદ રૂપ થઇ પડે. આ માટે ડૉ. બેન્જામિન ડગ્ગર(duggar) ૭૦ વર્ષની વયે વિસ્કન્સિન યુનિવર્સિટીના બોટાનિસ્ટ પદેથી ઈ.૧૯૪૩માં નિવૃત્ત થઈ, જોમ ને જિજ્ઞાસાભર્યા સંશોધનકાર્યમાં મચી પડયા હતા.

તેમણે આવે ને પાસેનાં છસ્સો સ્થળોની માટીના નમૂના એકઠા કર્યા. કાચની ટેસ્ટટ્યૂબોમાં થોડીથોડી માટી અને એક ખાસ પ્રકારનું દ્રાવણ નાંખ્યું. આમાં ઝપાટાબંધ ફૂગ ઊગી નીકળી. આવી રીતે ૩૫,૦૦૦ પ્રકારની ઊગેલી ફૂગમાંથી ૩૪૦૦ ફૂગને પ્રયોગો માટે પસંદ કરવામાં આવી. દરેકને રોગોત્પાદક જીવાણુઓની બાજુમાં ઉગાડીને નિરીક્ષણ કરવામાં આવ્યું. ૩૭૬ પ્રકારની ફૂગના પ્રયોગો કરી જોયા ત્યાં સુધી ઉપરાછાપરી નિષ્ફળતા મળવા માંડી. પણ ૩૭૭મી ફૂગ ઉપરના પ્રયોગોમાં સફળતાનાં ચિહ્નો જણાવા માંડયાં. પછી આ ફૂગ વિપુલ પ્રમાણમાં ઉગાડી. એના સ્રાવથી રોગજનક જીવાણુઓનો વિકાસ બંધ થવાથી તેમનો નાશ થતો હતો.

આની ખાતરી કરવા ૧૯૪૮માં થોડાક ઉંદરોના શરીરમાં રોગનાં જીવાણુઓ દાખલ કરી તેમને રોગી બનાવવામાં આવ્યાં. પછી તેમને પેલી ફૂગનો સ્રાવ દવારૂપે આપ્યો. ઉંદરોના શરીરમાં રોગ જીવાણુઓ નાશ પામ્યાં. ફૂગની રોગ પ્રતિકારક શક્તિ અંકાઇ.

પછી આ ફૂગમાંથી દવા તૈયાર કરવામાં આવી. તેનો રંગ પીળાશપડતો સોનેરી હોવાથી તેનું નામ ઓરિયો માયસીન (સોનેરી રજ) રાખવામાં આવ્યું. પેનિસિલીન જ્યાં કામ નથી લાગતું અને સ્ટ્રેપ્ટોમાયસીન પણ જ્યાં નકામું પડે છે એવા અસાધ્ય રોગો માટે ઓરિયો માયસીન સંજીવિની ઔષધિ છે. વળી આ ઔષધિની વિશિષ્ટતા એ છે કે તે કૅપ્સ્યૂલદ્વારા લઇ શકાય છે. જ્યારે પેનિસિલીન અને સ્ટ્રેપ્ટોમાયસીન માત્ર ઈન્જેકશન દ્વારા જ શરીરમાં દાખલ થઈ શકે છે અને તેનો દુખાવો પણ ત્રાસજનક હોય છે.

આવી જ રીતે અમેરિકાના વેન્ઝુએલાની માટીની ફૂગમાંથી ડૉ. બર્ખોલ્ડરે ક્લોરોમાયસેટીન પણ શોધ્યું છે. આ દવાનું નામ તો હવે ઘરગથ્થુ થઈ પડયું છે. એનાથી ટાઇફૉઈડ નામની લાંબી માંદગી ટૂંકી બની છે. અને ફક્ત ૭૨ કલાકમાં જ ટાઈફૉઈડમાંથી મુક્તિ મળે છે! ઉટાંટિયું અને બીજા ભયંકર રોગો માટે પણ તે અકસીર છે.

જીવાણુઓથી થતા રોગો મટાડવા માટે હજી બીજી દવાઓ શોધવાની જરૂર છે. ધરતીના ઉપલાં પડમાં સમાએલા જીવાણુઓના પ્રચંડ સમુદાયમાંથી કોઇ એકાદ-બેને પકડી પાડી વિજ્ઞાનીઓ એમાંથી અમૃતસમી ચમત્કારિક દવાઓની શોધ કરશે એ નિશ્ચિત હકીકત છે. —(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

વિકસતું વિજ્ઞાન

બ્રહ્માંડમાં આપણા વિશ્વની બહાર આવેલી દેવયાની (ઍન્ડ્રોમીડા) નિહારિકાના રેડીઓ-તરંગો તાજેતરમાં આપણી પૃથ્વી પર આવી પહોંચ્યા છે. સદીઓ થયાં બ્રહ્માંડનું રહસ્ય જાણવા મથી રહેલા માનવીને માટે આ વૈજ્ઞાનિક હકીક્ત અત્યંત મહત્ત્વની છે.

અમેરિકાનાં કેટલાંક છાપાંઓએ તો આ હકીકત પરથી એવા સનસનાટીભર્યાં સમાચારો ફેલાવેલા કે અંતરીક્ષમાંથી એક અજાણ્યો આકાશી પિંડ આપણી પૃથ્વી તરફ બેહદ ઝડપે ધસી રહ્યો છે. અને પૃથ્વી સાથે તે અથડાવાનો ભય છે! અમેરિકાનાં છાપાંને આવી સનસનાટી ફેલાવવાનો શૉખ છે. બાકી કોઈ વિજ્ઞાનીને પૂછીને તેમણે તપાસ કરી હોત તો તેમને માલૂમ પડ્યા વિના ન રહેત કે બ્રિટનના બે રેડિયો-ખગોળશાસ્ત્રીઓએ દુનિયાના મોટામાં મોટા રેડિયો-દૂરબીન દ્વારા દેવયાનીમાંથી ૧.૮૦ મીટરના તરંગમાન પર પ્રસૃત થતા રેડિયો-તરંગો શોધી કાઢ્યા હતા.

રેડિયો-ખગોળના શાસ્ત્રને વિજ્ઞાનની પંક્તિમાં તો હજી શિશુ જ ગણી શકાય, પરંતુ આપણી પૃથ્વીના વાતાવરણમાં એ એક નવું 'દ્વાર' ખોલી આપે છે. અત્યાર સુધી નરી આંખે અને વેધશાળાઓનાં દૂરબીનો દ્વારા થતા નિરીક્ષણમાં જ ખગોળશાસ્ત્રની મર્યાદા આવી જતી હતી, પરંતુ આપણી પૃથ્વીને પહોંચતા આ રેડિયો-તરંગોએ હવે એક નવું 'દ્વાર' ખોલી આપ્યું છે.

બ્રહ્માંડમાં આપણા વિશ્વની તદ્દન પડોશમાં આવેલું વિશ્વ છે દેવયાની (ઍન્ડ્રોમીડા) નામે ઓળખાતી નિહારિકા. આપણું વિશ્વ (આકાશગંગા) એના કરતાં કદમાં મોટું છે અને એમાં તારાઓની સંખ્યા પણ વિશેષ છે. પરંતુ દેવયાની વિષે આપણે જેમ વધુ જાણતા જઈશું તેમ બ્રહ્માંડમાંનાં અન્ય વિશ્વો વિષે પણ આપણું જ્ઞાન વધતું જશે દેવયાનીનું અત્યારનું આપણું નિરીક્ષણ એ વસ્તુતઃ તો ગત કાળ અને દિશાનું નિરીક્ષણ છે, કારણકે એ આપણાથી ૮૦,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર આવેલી છે. એટલે કે અત્યારે આપણને પહોંચતો તેનો પ્રકાશ પૃથ્વી પર આપણી માનવજાતિ વિકાસ પામી તેની યે પહેલાં ત્યાંથી નીકળેલો હશે!

આજથી સાડા ત્રણ સૈકા પહેલાં ગૅલિલીઓએ પોતે પહેલવહેલા દૂરબીન વડે આકાશમાં મીટ માંડી કોપર્નિકસના સિદ્ધાંતની સત્યતાની ખાતરી કરી જોઈ ત્યારથી માંડીને આજ સુધીમાં આપણી ગ્રહમાળા વિષે આપણે ઘણું જાણી ચૂક્યા છીએ. આપણે હવે એ જાણતા થયા છીએ કે જે ગ્રહ પર આપણે રહીએ છીએ એ આપણી પૃથ્વી તો આપણી આકાશગંગામાં આવેલા કરોડો તારાઓમાંના એક નાનાસરખા તારા(સૂર્ય)ની આસપાસ ફરતા તેના ટુકડાઓમાંનો એક ટુકડો જ છે!

કૅનેડાના ઉત્તર ક્વીબેક પ્રાન્તમાં આવેલા ઉગાવાના વેરાન પ્રદેશમાં એક વાર ઉલ્કાપાત થવાને કારણે જે જબરો ખાડો પડી ગયો તેની વૈજ્ઞાનિક તપાસ તાજેતરમાં કરવામાં આવી છે. વહેલી પરોઢે આકાશ તરફ જોતા રહેતાં આપણને તેજનો લીસોટો આંકતા અનેક તારા ખરતા દેખાય છે. વસ્તુતઃ એ તારા નહિ પણ ઉલ્કાઓ ('મીટીઅર્સ') હોય છે. આવી એક ઉલ્કા કોઈક કાળે કૅનેડાના ઉપર્યુક્ત પ્રદેશમાં પડી હશે. વર્તમાન ઇતિહાસમાં આવા ઉલ્કાપાતને પ્રત્યક્ષ અનુભવ વ્લાદીવોસ્ટૉકથી થોડાક સો માઈલ દૂર આવેલા સાઈબીરિયાના નોવો પોંક્રોવ્કા નામના ગામને થએલો છે. આજથી ચાર વર્ષ પહેલાંની એક સવારે આકાશમાંથી કોઈ તેજસ્વી પદાર્થ પૃથ્વી તરફ ધસતો આવતો જોઈ ત્યાંની નિશાળનાં બાળકો બહાર દોડી ગએલાં. એ પદાર્થનું કદ પૂનમના ચન્દ્ર જેવડું હતું અને તેની તેજસ્વિતા સૂર્ય જેટલી હતી. આકાશમાં દક્ષિણ દિશા તરફ આગળ વધતો એ પોતાની પાછળ તેજનાં કણો વેર્યે જતો હતો. એનો પ્રવાસ રંગબેરંગી પ્રકાશની ઝળકતી કેડી પોતાની પાછળ મૂકી જતો હતો, જે થોડી જ વારે શ્યામ વર્ણમાં પલટાઈ જતી. ચાર-પાંચ સેકંડમાં તો એ પૂર્વ સાઈબીરિયાના ડુંગરો પાછળ અદૃશ્ય થઈ ગયો.

આ ઉલ્કાપાતનું ચોક્કસ સ્થળ જાણવા ઊપડેલી રશિયન વિજ્ઞાનીઓની ટુકડીને તપાસ કરતાં જણાયું કે તે એકીસાથે તૂટી ન પડતાં કકડે કકડે તૂટી પડી હતી. જમીનમાં જુદેજુદે સ્થળે ૧૦૦ જેટલા ખાડા પડી ગએલા, જેમાંના કેટલાક તો ૩૦-૪૦ ફૂટ ઊંડા હતા અને મથાળે ૭૫ ફૂટ જેટલા પહોળા! ઉલ્કાએ લોહવર્ષણ કરી જમીન પર ભારે નુકસાન કરેલું. અહીંતહીં એમાંનું લોહ વેરાએલું પડેલું, જેમાંના કોઈ કોઈ કકડાનું વજન તો સેંકડો રતલ જેટલું હતું, જ્યારે કેટલાકની તો કેવળ ભૂકી થઈ ગએલી. આ વિજ્ઞાનીઓના અનુમાન મુજબ આ ઉલ્કા લગભગ ૧૦૦૦ ટનની ને ૨૦ ફૂટના વ્યાસની હશે.

ઉલ્કાઓનો સંબંધ ધૂમકેતુઓ તથા આકાશગંગામાંની વૈશ્વરજ ('કૉસ્મિક ડસ્ટ') સાથે હોય છે. આપણી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતી વખતે તેમની ઝડપ સેકંડના લગભગ ૨૦ માઈલની હોય છે, પરંતુ પછી હવા સાથેના ઘર્ષણમાં એ ઝડપ ઘટી જવા સાથે ઉલ્કા પણ પીસાઇ જાય છે. માત્ર અસામાન્ય કદની ઉલ્કા જ એ ઘર્ષણને અંતે પૃથ્વી સુધી પહોંચી શકે છે.

લાખને લગતું સંશોધન કરનારી એક સંસ્થાએ તાજેતરમાં 'શૅલૅક ફ્રેન્ચ પૉલિશ' શોધી કાઢ્યું છે જે માટીનાં વાસણો પર લગાવતાં તે ચળકાટદાર બને છે, તે પર પાણીની કશી અસર નથી થતી અને એને લઇને જીવાણુઓ (બૅક્ટીરિયા) પણ નથી થતા. મૂળ વાસણને ઘસીને લીસું કર્યાં પછી તે પર બ્રશ કે સ્પ્રેથી લાખનું આ પૉલિશ લગાડી શકાય છે. માત્ર બે જ પદાર્થો આ પૉલિશની બનાવટમાં વપરાય છે. એક લાખ અને બીજું 'લીકર ઍમૉનિયા.'

એક્સ-રે વડે પાડવામાં આવતી છબિમાં અત્યાર સુધી શરીરના અંદરના અવયવો અદૃષ્ટ રહેતા, પરંતુ તાજેતરમાં શોધાએલા 'એક્સ-રે ટેલીસ્કોપ' વડે હવે એ પણ જોઇ શકાશે અને રોગીની ચિકિત્સા વધુ ચોક્કસાઈથી થઇ શકશે. આ યંત્ર અત્યારની એક્સ-રે છાપ કરતાં બસો ગણી વધુ સ્પષ્ટ છાપ આપે છે!



પ્રાગૈતિહાસિક કાળમાં પૃથ્વી પર પડેલી કોઈ ઉલ્કાએ ઍરિઝોના પ્રદેશમાં આ સેંકડો ફૂટ ઊંડો ને લગભગ એકાદ માઈલનો વિસ્તાર રોકતો મોટો ખાડો પાડ્યો છે.



દુનીઆ દૂરની અને નજીકની

ભાષાવાર પ્રાંતરચનામાં સૌ પ્રથમ આન્ધ્ર પ્રાન્તની રચના કરવાનું ભારત સરકારે નક્કી કર્યું છે. અત્યારે મદ્રાસ રાજ્યના નિર્વિવાદપણે તેલગુભાષી અગિયાર જિલ્લા તથા બેલારી જિલ્લાના છ તાલુકાનો એમાં સમાવેશ કરવામાં આવશે અને તા. ૧લી ઑક્ટોબરથી આ નવું રાજ્ય અસ્તિત્વમાં આવશે. 'વિશાલ આન્ધ્ર'ના પ્રશ્ન ભવિષ્ય પર મૂકવામાં આવ્યો છે. આન્ધ્રનું પાટનગર મદ્રાસ રાખવાનો આન્ધ્રવાસીઓનો દાવો સ્વીકારવામાં નથી આવ્યો, પરંતુ એને બદલે ઉપર મુજબ નિર્ધારિત પ્રદેશમાં જ કોઈ નવું પાટનગર સ્થાપવાની ભલામણ તેમને કરવામાં આવી છે.

સ્તાલિન પછી રશિયાના વડાપ્રધાનપદે આવેલા જ્યોર્જી માલેનકોફે કમ્યુનિસ્ટ પક્ષના મહામંત્રીપદનો ત્યાગ કર્યો છે.

કેન્યામાં વસતી જુદીજુદી અનેક જાતિઓ જેની સભ્ય છે એ કેન્યા લીગને ત્યાંની સરકારે ગેરકાયદે ઠરાવી છે. પોલીસ ને લશ્કર સમગ્ર કેન્યામાં ખડે પગે રાખવામાં આવ્યું છે ને ધરપકડો ચાલુ છે. કેન્યાના રાષ્ટ્રનેતા કેન્યાતાને સાત વર્ષની જેલની સખ્ત સજા થઈ છે.

મલાયાના બે મોટામાં મોટા રાજકીય પક્ષો 'યુનાઇટેડ મલાયા નેશનલ ઑર્ગેનિઝેશન' તથા 'મલાયન ચાઈનીઝ એસોસીએશન' તરફથી તા. ૫મીના રોજ બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે એ બંને પક્ષના સભ્યોની એક પરિષદ સ્વતંત્ર મલય રાષ્ટ્રની રચના અંગે ચર્ચાવિચારણા કરવા મળશે.

મધ્ય જાવામાં આવેલા મેરોપી નામના મોટા જ્વાળામુખી પહાડમાંથી કાળા ધુમાડાના ગોટા નીકળવા માંડ્યા છે. ધગધગતો લાવા રસ પણ નીકળવાનો સંભવ હોઈ આસપાસની વસતિને ખસેડવાનો પ્રબંધ ત્યાંની સરકારે કર્યો છે.

હૈદરાબાદમાં ચાલતા અગાઉની નિઝામ સરકારના હાલી સિક્કાઓનું ચલણ બંધ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

સ્વીટ્ઝર્લૅન્ડ ખાતેના ભારતના એલચી શ્રી અસફઅલી તા. ૧લીએ હૃદય પરના હુમલાથી અવસાન પામ્યા છે. એમના પહેલાંના ત્યાંના એલચી શ્રી ધીરૂભાઈ દેસાઈનું પણ ત્યાં જ અવસાન થએલું.

હિંદી ભૂમિદળનું સંપૂર્ણ હિંદીકરણ કર્યા પછી આ વર્ષની આખર સુધીમાં હવાઇદળનું પણ સંપૂર્ણ હિંદીકરણ કરવાની જાહેરાત ભારત સરકારે કરી છે. નૌકાદળમાં હજુ બ્રિટિશ અધિકારીઓ ચાલુ રહેશે.

અહમદિયા કોમ સામેનું આંદોલન પાકિસ્તાને લશ્કરી બળે શમાવ્યું હોવા છતાં અંદરખાને હજુ ધૂંધવાટ ચાલુ રહ્યો છે મુસ્લિમ લીગમાં પણ ભંગાણ પડ્યું છે અને પશ્ચિમ પાકિસ્તાનમાં મિયાં મુમતાઝ દોલતાના તથા ખુહરો અને પૂર્વ પાકિસ્તાનમાં ફઝલુલ હક્ક લીગની જોહુકમી સામે મેદાને પડ્યા છે.

જાપાનની શિગેરૂ યોશીદાની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થતાં હાલની પાર્લામેન્ટ વિખેરી નાખી ચાલુ માસમાં નવી ચૂંટણીઓ કરવામાં આવશે.

આવતા મે માસમાં પટણા મુકામે હિંદનું પહેલું 'યૂથ ફેસ્ટીવલ' યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારત સરકારે સાહિત્ય અને કલાને લગતી એકેડેમીની સ્થાપના કર્યા પછી સંગીત-નાટક એકેડેમીની સ્થાપના કરી છે.

ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાએ ભુવનેશ્વરનાં મંદિરોના રક્ષણાર્થે તેનું સમારકામ હાથ પર લીધું છે.

બ્રિટિશ અમલ દરમિયાન ફાંસીને માંચડે લટકાવાએલા શહીદ કન્હાઇલાલ દત્તનું આરસનું પૂતળું ચન્દ્રનગર મુકામે ઊભું કરવામાં આવશે. પહેલાં જ્યાં ફ્રેન્ચ સેનાપતિ ડુપ્લેનું પૂતળું હતું ત્યાં આ પૂતળું મૂકવાનું વિચારયું છે.

ચ્યાંગ-કૈ-શેકની ફૉર્મોસામાં કુઓમિન્તાંગ સરકાર તરફથી બ્રહ્મદેશમાં રહેલાં કુઓમિન્તાંગદળો તરફથી માણસો અને સાધનસામગ્રી પૂરાં પડાય છે એવી ફરિયાદ બ્રહ્મદેશે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં નોંધાવી છે.

બ્રહ્મદેશના વડા પ્રધાન ઉનુ તથા હિંદના વડાપ્રધાન શ્રી નેહરુએ તાજેતરમાં હિંદ-બ્રહ્મદેશ સરહદનો પ્રવાસ ખેડેલો. સરહદ પરની આદિવાસી જાતિઓમાં પ્રવર્તતો અસંતોષ તથા બીજા ઉભય સામાન્ય પ્રશ્નો બંને વચ્ચે ચર્ચાયા હતા. આ પ્રવાસ દરમિયાન 'લુશાઈ હિલ્સ' નામે ઓળખાતા પ્રદેશના વાસીઓએ એ નામ બદલાવી પોતાના પ્રદેશનું નામ 'મિઝોરામ' રાખવાની માગણી શ્રી નેહરુ સમક્ષ કરી હતી.

દક્ષિણ આફ્રિકામાં એપ્રિલની ૧૫મીએ થનારી સામાન્ય ચૂંટણીમાં ડૉ. મલાનનો પક્ષ જ બહુમતીમાં આવવાનો સંભવ હોઇને હાલનું ઘર્ષણ ટાળવા મિશ્ર સરકાર રચવાનું સૂચન ત્યાંનાં જુદાંજુદાં જૂથો તરફથી થઈ રહ્યું છે.

રશિયાના ઉચ્ચ અધિકારીઓનું મૃત્યુ નીપજાવવાના આરોપ નીચે પકડવામાં આવેલા મોસ્કોના ૧૫ દાક્તરોને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવ્યા છે અને એમની સામે તહોમતનામું રજૂ કરનાર રાજ્યના સલામતીખાતાના નાયબ પ્રધાન રિયુમિનને ગિરફતાર કરવામાં આવેલ છે. રશિયા આ કેસના પરિણામે જ ઇઝરાએલ સાથે તોડી નાખેલા સંબંધો ફરી ચાલુ કરે તેવો સંભવ છે.

પૂનાની ડેક્કન કૉલેજ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તરફથી નર્મદા નદીના પ્રદેશમાં કરવામાં આવેલા ખોદકામમાં જણાયું છે કે લગભગ ૨,૬૦,૦૦૦ વર્ષને આવરી લેતો સંસ્કૃતિની જુદીજુદી સાત ભૂમિકાઓ એ પ્રદેશ ધરાવે છે.

દેશમાં વધતી જતી બેકારીના પ્રશ્નનો અભ્યાસ કરવા માટે સરકાર તરફથી નિષ્ણાતોની એક સમિતિ નિમાવાનો સંભવ છે.

ઇજિપ્તનું નવું બંધારણ તૈયાર કરી રહેલી બંધારણ સમિતિએ હિંદની બંધારણસભાની કાર્યવહીનો સંપૂર્ણ હેવાલ માગ્યો છે. હિંદની જેમ ઇજિપ્ત પણ બિનસાંપ્રદાયિક રાજ્ય રહેવાનું હોઈ હિંદનું બંધારણ તેને આદર્શ રૂપ લાગ્યું છે.

કોરીઆના યુદ્ધકેદીઓ અંગે જે કેદીઓ પાછા ફરવા માગતા હોય તેમને તેમના વતનમાં પાછા ફરવા દેવા જ્યારે બાકીનાઓને કોઇ 'તટસ્થ રાજ્ય'માં મૂકવા, એવી ચીનની દરખાસ્ત પછી પાનમુનજોન ખાતે યુદ્ધમોકૂફી માટે નવેસરથી વાટાઘાટો શરૂ થઈ છે.

રાજસ્થાનના જેલ સત્તાવાળાઓએ જેલના કેદીઓને તાલીમ આપવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. આ કેદીઓને જીવનવ્યવહાર માટે જરૂરી ધંધાઓની તાલીમ અપાશે.

બેલારી જિલ્લાનો કેટલોક ભાગ આન્ધ્ર રાજ્યમાં અને બાકીનો મ્હૈસુર રાજ્યમાં જોડવાના સરકારના નિર્ણય સામે કર્ણાટકવાસીઓમાં જબરો વિરોધ જાગ્યો છે. તેની માગણી આખા બેલારી જિલ્લાનો ભાવિ કર્ણાટક પ્રાન્તમાં સમાવેશ કરવાની છે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ કાપડ માટે જગવિખ્યાત ઇંગ્લંડના માંચેસ્ટર શહેરની સ્થાપના, ૧૮૫૩.
તા. ૩ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડાવવામાં આવ્યા, ૩૩.
તા. ૬ ગ્રીસમાં ઑલિમ્પિક રમતો પુનર્જીવિત થઇ, ૧૮૯૬.
તા. ૭ વિદ્વાન તત્ત્વદર્શી આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવનું અવસાન, ૧૯૪૨.
તા. ૧૦ હોમિયોપથીના શોધક જર્મન વૈદકશાસ્ત્રી સૅમ્યુઅલ હાનેમાનનો જન્મ, ૧૭૫૫.
તા. ૧૪ એડિસને પહેલા સીનેમાની પોતાની શોધ ન્યૂ યૉર્ક શહેરમાં બતાવી, ૧૮૯૪.
તા. ૧૬ ગાંધીજીએ ચંપારણ્યની સત્યાગ્રહની લડત શરૂ કરી, ૧૯૧૭.
તા. ૧૮ ૧૮૫૭ના વિપ્લવના સરસેનાનિ તાત્યા ટોપને શિપ્રી મુકામે ફાંસી, ૧૮૫૯.
તા. ૨૧ હિંદના જગનામા મુસ્લિમ કવિ સર મુહમ્મદ ઇકબાલનું અવસાન, ૧૯૩૮.
તા. ૨૩ ઈંગ્લંડના કવિસમ્રાટ શેકસપીઅરનો જન્મ, ૧૫૬૪.
તા. ૨૪ યુરોપનો સૌથી જબરો 'સિમ્પ્લન પાસ' નામનો બોગદો ખુલ્લો મુકાયો, ૧૯૦૫.
તા ૨૫. રાઝાખાં પહેલવીએ શાહને પદભ્રષ્ટ કરી ઇરાનનું સુકાન હાથ ધર્યું, ૧૯૨૬.
તા. ૩૦ ફ્રેંચ પ્રો. રૉંજને 'એક્સ રેઝ'ની શોધ કરી, ૧૮૯૫.

વ્યક્તિવિશેષ : ઑલિવર ક્રૉમવેલ



પોતાના વજ્રકાય સૈન્ય વડે ઇંગ્લંડને 'સમુદ્રની મહારાણી' પદે પહોંચાડનાર ઓલિવર ક્રૉમવેલનો જન્મ ૧૫૯૯ની ૨૫મી ઍપ્રિલે હંટિંગ્ડન મુકામે થએલો. પિતા હેનરી ક્રૉમવેલની નાની જાગીરમાં આવેલા ખેતરોના માતાના સુંદરતા તથા પિતાના સાહસના વારસા સાથે તોફાન મસ્તીમાં જ તેનું બાળપણ વીતેલું. પાછળથી લંડન જઇ 'લિંકન્સ ઇન'માં તેણે કાયદાનો અભ્યાસ કર્યો અને દરમિયાન શહેરના એક ધનાઢ્ય વેપારીની પુત્રી ઇલિઝાબેથ બુરશીએ સાથે લગ્ન કર્યું ૧૬૨૮-૨૯માં પાર્લામેન્ટમાં બેઠો ને ત્યાં ખુદ ચાર્લ્સ પહેલાની રૂબરૂમાં એની રાજનીતિ સામે વિરોધ પોકારવા માંડ્યો. વખત જતાં પાર્લામેન્ટને મુદ્દલ નહિ ગણકારતા 'દૈવી હક્કો'નો દાવો કરતા મનસ્વી રાજાની સામે પાર્લામેન્ટે જ્યારે બંડ કર્યું ત્યારે રાજમાં ચાલતું અંધેર દૂર કરવાના ભીષણ નિશ્ચય સાથે પોતાના કડક અને ચાતુરીભર્યાં રચનાબળ બડે તેણે એક અનુપમ સૈન્ય તૈયાર કર્યું. જે આજે યે તેની વીરતા તથા તાકાત માટે ઇતિહાસમાં લોહબંધ કે વજ્રકાયને નામે મશહુર છે. એ જ સૈન્ય વડે તેણે પ્રિન્સ રૂપર્ટ જેવા સેનાનાયકને હાર ખવરાવી ને પાર્લામેન્ટના પક્ષનું ઉચ્છેદન કરી એક પછી એક ગામમાં લશ્કરી અમલ સ્થાપતા આવતા રાજાને કેદ કરીને લોકપક્ષને વિજય અપાવ્યો.

પાર્લામેન્ટમાં હજી કેટલાક સભ્યો એવા હતા કે જેઓ રાજા સાથે સમાધાન કરવામાં માનતા હતા. પણ ક્રૉમવેલના પક્ષે તેઓની વાત ધ્યાન પર લીધી નહિ, એટલું જ નહિ, પરંતુ કર્નલ પ્રાઇડ નામના એક લશ્કરી અમલદારે એ બધા સભ્યોને સભામાંથી હાંકી કાઢ્યા. 'પ્રાઇડના જુલાબ' તરીકે ઈતિહાસમાં ઓળખાતું આ કૃત્ય પાર્લામેન્ટને શોભાસ્પદ નથી, પણ રાજાની આપખુદી સામે વિરોધ ઉઠાવવા તૈયાર કરેલા આ પોતાના જ સૈન્યનું પ્રાબલ્ય હવે વધી ગયું હતું. બાકીની પાર્લામેન્ટે ઉમરાવની સભાના વિરોધને ગણકાર્યા વિના જ રાજા પર મુકદ્દમો ચલાવ્યો ને તેને જુલમગાર, દેશદ્રોહી, ખૂની અને દેશનો દુશ્મન ઠેરવી તેને મોતની સજા ફરમાવી. ક્રૉમવેલે એ સજાના હુકમ પર સહી કરી.

અતિશય સ્થિતિચુસ્ત અને ઝડપી સુધારો કરવા પ્રત્યે અણગમો સેવનારી પ્રજા જાલિમ અને દેશદ્રોહી રાજાની સામે કેવી રીતે કામ લેવું તેનો આવો દાખલો બેસાડે એ આશ્ચર્યજનક છે, પણ એમ કહી શકાય કે એમાં સમગ્ર અંગ્રેજ પ્રજા કરતાં ક્રૉમવેલના અનુયાયી 'વજ્રકાય' સૈનિકોનો જ અગ્રભાગ હતો.

ચાર્લ્સ પહેલાના વધ પછી ઇંગ્લંડને પગલે ચાલી પોતાની પ્રજા પણ એવાં બંડ ન કરે એટલા સારુ ઈંગ્લડને ચગદી નાખવા એ દાળે ઘણા રાજ્યો તૈયાર થાત, પણ એ સમયે ઇંગ્લંડનું રાજસૂત્ર નમાલા રાજાના હાથમાં નહોતું. ઇંગ્લંડ તેના ઇતિહાસમાં પહેલવહેલું પ્રજાતંત્ર બન્યું હતું. ક્રૉમવેલ તથા તેનું સૈન્ય તેની રક્ષા કરવા તૈયાર હતાં. વાસ્તવમાં ક્રૉમવેલ સરમુખત્યાર જ હતો. ને લોર્ડ પ્રોટેક્ટર એટલે કે પાલકને નામે ઓળખાતો. તેના કડક અને દક્ષ અમલ દરમિયાન ઈંગ્લંડનું સામર્થ્ય વધ્યું. તેના નૌકા સૈન્યે હૉલૅંડ, ફ્રાંસ તથા સ્પેનના કાફલાઓને હાંકી કાઢી ઈંગ્લડ સમુદ્ર ઉપર પ્રભુત્વ જમાવનાર યુરોપનું અગ્રગણ્ય રાજ્ય બન્યું. પોતાના રાજ્ય પ્રદેશમાં જમૈકા ટાપુઓનો ઉમેરો કર્યો. પોતાની દક્ષ પરદેશ નીતિ વડે ઇંગ્લંડને યુરોપના રાજ્યોમાં ઊંચું સ્થાન અપાવનાર ક્રૉમવેલને પ્રજાએ તાજ ધરવા પણ આગ્રહ કરેલો, પણ તેણે તેની ના પાડેલી. ૧૬૫૮ની ૩જી સપ્ટેમ્બરે એ અવસાન પામ્યો.

પ્રસંગ વિશેષ : મોગલ સલ્તનતનો પાયો નંખાયો, ૧૯મી એપ્રિલ ૧૫૨૬

સમરકંદના તખ્તને સ્થિર કર્યા બાદ બાબરની મહત્ત્વાકાંક્ષા તેને હિંદોસ્તાંની જમીન સુધી ખેંચી લાવી. વારંવારની ચડાઇએ તેને અહીં જ એક સલ્તનત સ્થાપવા પ્રેર્યો. અને આખરે પંજાબ જીતી તેણે ૧૫૨૬ની એપ્રિલે પાણીપતના મેદાનમાં દિલ્હીના અફઘાન શહેનશાહ ઈબ્રાહીમ લોદીની એક લાખની સેના સામે પોતાનું ૧૨૦૦૦નું સૈન્ય ખડું કરી દીધું. અને આટલું નાનકડું લશ્કર હોવા છતાં એક લાખના અવ્યવસ્થિત ને વણકેળવાએલા સૈન્ય સામે તે હિંદુસ્તાનમાં તે વખતે અજાણી એવી પોતાની પાસેની તોપો તથા પોતાના લશ્કરને અપાએલી તાલીમ પર મુસ્તાક હતો. ૭૦૦ ગાડાંઓની કિલ્લેબંધી રચી તેણે ઢંગધડા વગર મનફાવે તેમ તૂટી પડતા અફઘાનો પર તોપમારો ચલાવી બપોર થતાંમાં તો ખુદ ઇબ્રાહીમ સાથે ૧૫૦૦૦ની લોથ પાડી દીધી ને સાંજ સુધીમાં તો પોતાનો વિજય નિશ્ચિત કરી લીધો. એ વખતે હિંદુસ્તાનમાં ચાલતી અવ્યવસ્થા સામે પોતાની સેનાપતિ તરીકેની કુનેહ ને લશ્કરી કાર્યદક્ષતાથી તેણે હિંદનો ઘણોખરો ભાગ જીતી લીધો ને પોતાની મુરાદ પૂરી કરી. તેણે સ્થાપેલ એ મોગલ સલ્તનતે વચ્ચેના એક ટૂંકા ગાળા સિવાય સતત ૧૮૧ વર્ષ સુધી હિંદુસ્તાનમાં સત્તા ચલાવી 'મહાન મોગલો'ને નામે એશિયા અને યુરોપભરમાં જે ખ્યાતિ મેળવી તેથી તો સૌ પરિચિત છે.

ધુત્તા હોય સલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
ખારાં પાણી નિર્મળાં, (એ) ત્રણે ચીજ અખજ્ય.*

ચીની ફિલસૂફ કૉન્ફ્યુશિયસે એક દિવસ એક બાઇને છાતીફાટ રડતી જોઈ તેનું કારણ પૂછયું. બાઇએ જવાબ દીધો કે 'દોઢેક વરસ પર એક વાઘ મારા બાપને ખાઈ ગએલો; તે પછી પૂરું વરસ નહિ વીત્યું હોય ત્યાં મારા ભાઇને પણ વાઘે મારી નાખ્યો; ગયે મહિને એક વાઘ મારા ધણીને લઈ ગયો. અને આજે હવે વાઘ મારા એકના એક દીકરાનો પણ કોળિયો કરી ગયો.' કૉન્ફ્યુશિયસે કહ્યું, 'તો પછી માણસખાઉ વાઘવાળો આ પ્રદેશ છોડી તું બીજે ગામ કેમ જતી નથી?'

બાઈએ જવાબ દીધો કે 'અહીં એક વાતે સુખ છે કે અહીં જુલ્મી અમલદાર નથી.'

અનેકાર્થી શબ્દ: હાલરું=બાળકને નજર ન લાગે એવી ચીજોની માળા; જૂથ કે ટોળું; કણસલામાંના કણ છૂટા પાડવા ખળીમાં બળદ ફેરવે છે તે; હાલરડું.


કોઇ પણ વારનું નામ ધારો. તે રવિવારથી કેટલામો છે તે ગણી જે અંક આવે તેમાં ૪૫ ઉમેરો. હવે સરવાળો આવે તેને ૭ વડે ભાગવાથી જે શેષ વધે, તેટલા અંક ગુરુવારથી ગણતા જઇને જે વારે અટકાય તે ધારેલો વાર. દા.ત. શુક્રવાર ધાર્યો. તો રવિને ૧ ગણતાં તે છઠ્ઠો આવે છે. ૬+૪૫=૫૧÷૭=૨ શેષ. ગુરુથી ગણતાં શુક્રવાર બીજો આવે.

*અખજ્ય=અખાદ્ય—ખાવા જેવી નહિ; નકામી.



કલાકણિકા: જાપાનની તલવારની મૂઠ અને ફળા વચ્ચેની રક્ષક તકતીમાં બે સર્પની શોભનગૂંથણી

કહેવતોના અર્થ: 'શીંગડે (ઝાલે તો) ખાંડો, અને પૂંછડે (ઝાલે તો) બાંડો'—એવા ખાંડા-બાંડા બળદ કે પશુની ઉપમા ઉપર રચાએલી આ કહેવત કોઇના કબજામાં ન આવતાં ગમે તેમ સાચોજૂઠો બચાવ કરીને છટકી જતા નફ્ફટ માણસ માટે વપરાય છે.



બગીચામાં પાણી પાવાના ઝારાનું કાણાંવાળું મોઢિયું ખોવાઈ ગયું હોય તો ઢીલા પડેલા કે નકામા થએલા રબ્બરના દડાની એક બાજુએ ઝારાના નાળચાથી જરા સાંકડું વેહ પાડી નાળચામાં ભરાવી દેવું, અને સામી બાજુએ પાણીની કળવાનાં ઝીણાં ઝીણાં કાણાં પાડી લેવાં. મોઢિયા જેવું જ કામ આપશે.

બાળક જન્મ્યા પછી ખરેખરું પાંચ અઠવાડિયાં પછી રડે છે, કારણ કે એની અશ્રુગ્રંથીઓ ત્યારે જ કામ કરતી થાય છે!

દુનિયાનો ઊંચામાં ઊંચો ધોધ ન્યૂ ઝીલૅન્ડમાં આવેલો 'સધરલેન્ડ ફૉલ્સ' છે.

હાથીની ઝડપ કલાકે ૨૫ માઈલ સુધી પહોંચી શકે છે.

બર્નાર્ડ શૉનો કટાક્ષ

સરકસના સિંહ પાસેથી કામ લેનાર રિંગ-માસ્ટરની હિંમત માટે મને કદી ખાસ માન થયું નથી. પાંજરામાં એ, કંઈ નહિ તો, બીજા **માણસોથી** તો સલામત હોય છે જ. સિંહ કંઇ એવું ભયંકર પ્રાણી છે જ નહિ. એને કંઇ આદર્શો હોતા નથી, ધર્મ હોતો નથી, રાજકારણ હોતું નથી, ગૃહસ્થાઇ કે 'શિવલ્રી' હોતી નથી. ટૂંકમાં જેને ખાવાની એને ઈચ્છા ન હોય એવી કોઇ પણ વસ્તુનો વિનાશ કરવાનું કોઇ પણ કારણ એની પાસે હોતું નથી.



ભારતીય રેલવે-શતાબ્દી નિમિત્તે આ માસની ૧૬મીએ બહાર પડેલી બે આનાની પોસ્ટની ટિકિટ. રંગે રાખોડી રંગની આ આડી ટિકિટમાં, ભારતમાં ૧૮૫૩માં વપરાતા રેલવે ઍંજિનની સાથે હાલ ૧૯૫૩માં જે ઍંજિનો વપરાય છે તેનું આલેખન મૂકી એક સદીમાં આપણે આ ક્ષેત્રે કેટલી પ્રગતિ સાધી છે તે દર્શાવ્યું છે. ફોટોગ્રેવ્યૉર પદ્ધતિએ છપાએલી ભારતની આ બીજી ટિકિટ છે. મુંબાઈ, કલકત્તા, કટક, લખનૌ, મદ્રાસ, નાગપુર, પટણા, શિલૉંગ, સિમલા અને નવી દિલ્હીની ફિલાટેલિક બ્યુરોમાં તેની 'ફર્સ્ટ ડે'ની રદ્દીકરણની ખાસ છાપની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ઉનાળામાં દૂધને સલામત રાખવા દૂધની શીશીને પાણી છાંટેલા લાકડાના વેરમાં દાટી મૂકવી: દૂધ બગડયા વિના લાંબો સમય રાખી શકાશે.

ભાત ચડતા હોય ત્યારે તેમાં થોડો લીંબુનો રસ નાખવાથી ભાત ઉજળા થાય છે ને લચકો નહિ થતાં એના દાણા છૂટા પડે છે.

પ્રાગના જ્યુઇશ ટાઉન ચર્ચના ઘડીઆળ પર કલાકના આંકડા હીબ્રુ ભાષામાં આંકેલા છે અને તે પણ સામાન્ય કરતાં ઊલટા ક્રમમાં. બીજાં ઘડીઆળોમાં ૧૨ પછી ૧નો આંકડો આવે છે ત્યારે આ ઘડીઆળમાં ૧૧નો, જ્યારે ૧૧ની જગ્યાએ એકનો. એના કાંટાની ગતિ પણ ઊલટી દિશામાં રહે છે. ૧૨ પછીના આંકડા પર એના કાંટા ડાબી બાજુએ ફરતા ફરતા પાછા ૧૨ પર પહોંચે છે. જગતમાં આવું આ એક જ ઘડીઆળ છે.

ઇંગ્લંડ માટે નેપોલિયન 'દુકાનદારોનું રાષ્ટ્ર' (a nation of shopkeepers) શબ્દો વાપરતો, પણ એ એના પોતાના નહોતા. ઍડમ સ્મિથે તેના 'વેલ્થ ઑવ નેશન્સ'માં એ શબ્દો ઇંગ્લંડ માટે વાપરેલા છે. એ પુસ્તક બહાર પડેલું ત્યારે નેપોલિયનની ઉંમર માત્ર સાત વરસની હતી.

નવાં પુસ્તકો

નયનધારા

પાકિસ્તાનથી પ્રસિદ્ધ થએલા આ કાવ્યસંગ્રહમાં કવિ ભાઇ 'સાલિક' પોપટિયાએ મુખ્યત્વે ભગ્ન પ્રણયનાં ગીતો ગાયાં છે. શેલી, કીટ્સ અને વર્ડ્ઝવર્થ તેમજ ખુશરો, ખય્યામ અને હાફિઝ, શિરાઝી પાછળ પાગલ કવિ ભગ્ન પ્રણયનાં જ ગીત ગાય એ સ્વાભાવિક છે. પ્રણય અને વિરહ, વિરહ દરમિયાન ગત પ્રણયગોષ્ઠિનાં સ્મરણો, પુનર્મિલનનો તલસાટ, અશ્રુપાત વગેરે પ્રણયી ઉરના ભાવો એમાં કાવ્યદેહે આકાર પામ્યા છે. ઉષા અને સંધ્યા, ચાંદ અને તારા, ફૂલ અને કોયલ, સાકી અને શરાબ, મઝધાર અને કિનારો, આદિ જે ભાવપ્રતીકો કાવ્યક્ષેત્રે પરંપરાથી યોજાતા આવ્યા છે એ જ પરંપરાને આ કવિ પણ અનુસર્યા છે. પ્રણયની સ્થૂલ ક્રિયાઓ અને પ્રાકૃતિક ભાવોનું એમાં પ્રાધાન્ય છે. પણ ક્વચિત સૂક્ષ્મ ભૂમિકા પર ઉન્નત ભાવનું પણ આલેખન મળી આવે છે. જીવનનું વધુ ઊંડાણ તાગવા પણ તેમણે દૃષ્ટિનિક્ષેપ કર્યો છે, અને હવે પછીની એમની કવિતાઓમાં કવિદૃષ્ટિની એ ઉપલબ્ધિ સવિશેષ મળવાની આશા રહે છે. 'મૃત આરઝૂ'ની છેલ્લી નઝમ, 'જવાની છે', 'શેષ આંસુ', 'મોત માટે', 'નિશાની', 'માત્ર કફન', 'અંગાર' વગેરે રૂબાઇઓ, ને 'મુબારક', 'ભૂલી જા', 'સંધ્યા આથમેલી છે', 'શાને?' 'ઘટાઓ પણ રડી ઊઠી' વગેરે ગઝલો આ સંગ્રહની નોંધપાત્ર કૃતિઓ છે. ને નવયુવાન ચિત્રકાર ભાઇ આમિરની પીંછીએ સંગ્રહને મનોહારી રૂપપ્રદાન કર્યું છે. પ્રકાશક: પાકિસ્તાન ગુજરાતી પબ્લિકેશન, લિ. મારકેટ, કરાચી (પાકિસ્તાન) ભારતમાં ૪-૦-૦, પાકિસ્તાનમાં ૩-૦-૦.

ઇતર પ્રકાશનો

ગુજરાતનું ગોધન: ગુજરાતના પશુ-ઉછેરક્ષેત્રોની તપાસ, લેખક: કમલાપતિ અંબાલાલ શુકલ, પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ; અમદાવાદ, ૧-૪-૦. **આશાપંખી** ભાગ પહેલો અને બીજો: ઇશ્વર પેટલીકરની નવી નવલકથા; બંને ભાગના ૮-૦-૦. **સેવા અને શોષણ** ચાર ભાગ: સ્વ. પ્રેમચંદજીની 'રંગભૂમિ' નામની નવલકથાનો અનુવાદ; કરનાર: માણેકલાલ ગો. જોષી, ચારે ભાગના ૧૮-૦-૦. **વિશેષાંજલિ:** સુંદરજી ગો. બેટાઇનો નવો કાવ્યસંગ્રહ; ૩-૦-૦. આ ત્રણેના પ્રકાશક: આર. આર. શેઠની કંપની, મુંબાઇ. ૨.



કેશગુંફન ચિત્રકાર · શાન્તિલાલ શાહ



અજંતાના કલામંડપો

હિંદભરના સાહિત્યમાં આ વિષયનું આટલું ચિત્રભર્યું ને છતાં આટલું સસ્તું આ પહેલું જ પુસ્તક છે. શ્રી રવિશંકર રાવળે લખેલો અજંતાની કલાની વિસ્તૃત સમાલોચના કરતો લેખ, એનાં પાનાંને રંગમય કરતાં ૯ ત્રિરંગી ચિત્રો તથા આર્ટપેપર ઉપર છાપેલાં ૧૬ પાનાં ભરીને આલેખનો અને ફોટોગ્રાફો, તેમજ પાને-પાને અજંતાનાં શોભનોનાં રેખાંકનો ધરાવતા આ અપૂર્વ કલા-ગ્રંથની બીજી (અને હવે છેલ્લી) આવૃત્તિ. કિંમત રૂા. ૩ (પોસ્ટેજ જુદું)

ગુજરાત કલાકલાપ

ગુજરાતના નામી કલાકારોનાં ચુનંદાં ચિત્રોના ત્રણ સંપુટો

કલાપ ૧: જીવનસંગીત (રવિશંકર રાવળ), નવધાન્ય (રસિકલાલ પરીખ), અર્જુન-ઉર્વશી (કનુ દેસાઇ), કલાતંતુ (સોમાલાલ શાહ), રંકની કલા (છગનલાલ જાદવ) રાજકુંવરી રૂપાંદે (રવિશંકર રાવળ) રૂા. ૨.

કલાપ ૨: કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (રવિશંકર રાવળ), વાસન્તી (જગન્નાથ અહિવાસી), ઝરૂખે (રસિકલાલ પરીખ), પીરની માનતા (છગનલાલ જાદવ), પ્રતીક (કનુ દેસાઈ) ચંદ્રહાસ (પંચોળી) રૂા. ૨.

કલાપ ૩: ચાંદાચોળી (રવિશંકર રાવળ), કૃષિમહોત્સવ (રસિકલાલ પરીખ), શિશિર-વસંત (સોમાલાલ શાહ), જન્મોત્સવ (શકુન્તલા દીવાનજી), ઝૂંપડીની લક્ષ્મી (બંસીલાલ વર્મા), આભધરતીનો ઉપાસક (છગનલાલ જાદવ) રૂા. ૨.



શિલ્પ-પરિચય

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક તથા 'રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા મૂળ બંગાળી ગ્રંથનો અનુવાદ. સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રોથી ખીચોખીચ ભરેલું આ પુસ્તક કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત કોઈ પણ કલાપ્રેમી માટે હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસરૂપ બની રહેશે. કિં. રૂા. ૩ (પો. પૅકિંગ ૦ાા જુદું)

ઉપરનાં પાંચે પ્રકાશનોનો સામટો સેટ દસ રૂપિયામાં · રજિ. પોસ્ટેજ સેલ્સટૅક્સ વગેરે રૂ. ૧ જુદું



વૈષ્ણવ જન

આદર્શ માનવીનું આલેખન કરતું મહાત્માજીનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢવૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળતીરથ તેનાતનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યા રે.



માનવતાનો ઉન્નત આદર્શ પ્રબોધતા મહાત્માજીના એ ભજનનાં આ કાર્ડની સંખ્યાબંધ નકલો આજ અનેકોએ પોતાનાં સ્નેહીસંબંધીઓ, મિત્રો તથા બાળકોમાં વહેંચી છે; અને અમુક સાર્વજનિક સંસ્થાઓ તથા શાળાઓએ તો પોતાના સભ્યો તથા વિદ્યાર્થીઓ દરેકને મોટી સંખ્યામાં વહેંચી છે. મહાત્માજીની આગામી સંવત્સરીએ કે જન્મજયંતીએ એ રીતે તેનો પ્રચાર થાય એ સર્વથા ઉચિત ગણાશે. આ ઉદ્દેશથી અમે પહેલેથી જ તેની કિંમત પણ અત્યંત માફકસર રાખેલી છે: એક ડઝન કાર્ડના છ આના. પોસ્ટેજ એક આનો.

પ્રાપ્તિસ્થાન · કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ